Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# સમ્યગ્દર્શન વિભુષીત
# પૂજ્ય શાન્તાબેન જીવન ઝરમર



પ્રકાશક :
જૈન મુમુક્ષુ મહિલા મંડળ, દેવલાલી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

ॐ

### સમ્યગ્દર્શન વિભૂષિત

# પૂજ્ય શાન્તાબેન
# જીવન ઝરમર

પ્રકાશક

જૈન મુમુક્ષુ મહિલા મંડળ, દેવલાલી

કહાન નગર, લામ રોડ, દેવલાલી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

**પ્રાપ્તિસ્થાન :**

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
કહાન નગર, લામ રોડ, દેવલાલી
ફોન નંબર : ૦૨૫૩ ૨૪૯૧૦૪૪/૪૫

卐

શ્રી સીમંધર ભગવાન દિગંબર જિન મંદિર
૧૭૩/૧૭૫ મુમ્બાદેવી રોડ, મુંબઈ—૪૦૦ ૦૦૨
ફોન નંબર : ૨૩૪૨૫૨૪૧/૨૩૪૪૬૦૯૯

પ્રથમ આવૃત્તિ--પ્રત : ૨૦૦૦
વિક્રમ સં. ૨૦૬૯--ઈ.સ. ૨૦૧૩

**પૂજ્ય શાન્તાબેનની ૧૦૪ મી જન્મજયંતિ**
**ફાગણ સુદી અગિયારસ, તા. ૨૩-૦૩-૨૦૧૩**


**કિંમત રૂા. ૨૦/—**

ટાઈપ સેટીંગ :
અશોક મહેતા
શ્રી કહાન કોમ્પ્યુટર્સ
ફોન : ૨૮૨૮૮૦૮૭૨

મુદ્રણ :
સમીર પારેખ
પારસ પ્રિન્ટ્સ, ગોરેગામ
ફોન : ૯૮૬૯૦ ૦૮૯૦૭

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



પૂજ્ય બેન શાન્તાબેન


Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂજ્ય બેન શાન્તાબેન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પ્રસ્તાવના

## સમ્યગ્દર્શન વિભૂષિત પૂજ્ય શાન્તાબેન

## જીવન ઝરમર

મોંઘેરા તુજ જીવન ઝરમર, ઝૂકી રહ્યા અમ શીશ,
માત મીઠી તુજ ચરણ નમીને, મુક્તિરમા વારવાને કાજ.

ધન્ય તે ધરા ! જ્યાં મહા પુરુષોનો સંગમ થયો હતો. પવિત્ર ભૂમિ સુવર્ણપુરી ! કે જે જાણે સોનાનો ગઢ બની ગયો. પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના ગુંજારવથી છવાયેલ વીતરાગી વાણીના વાતાવરણમાં મુમુક્ષુઓ ઓતપ્રોત હતા.

શ્રી વીતરાગી દેવ--શાસ્ત્ર--ગુરુ પ્રત્યે ભક્તિ અર્પણતાથી આ ત્રણેય સંતોએ જીવન સમર્પણ કર્યું હતું. જે આપણાં માટે આદર્શ બની ગયું છે.

પૂજ્ય ગુરુદેવના પરિવર્તન પહેલાથી જ પૂજ્ય ચંપાબેન તથા પૂજ્ય શાન્તાબેન ગુરુદેવના સમાગમમાં હતા. સોનગઢમાં પૂજ્ય ગુરુદેવની મંગળમય પધરામણી થઈ. શ્રી દિગંબર જિનાલય, શ્રી સીમંધર સ્વામીની મંગલમય પ્રતિષ્ઠા થાતા, શ્રી સમવસરણ, શ્રી માનસ્તંભજી, શ્રી પરમાગમ મંદિર, શ્રી નન્દીશ્વર એવા મંદિરોની મનોહર રચનાથી સુવર્ણપુરીની શોભાથી સોનગઢ તીર્થધામ બની ગયું. પૂ. ગુરુદેવની ઉપસ્થિતિમાં ગામોગામ પંચ કલ્યાણક પ્રતિષ્ઠા તથા અનેકવિધ સિદ્ધક્ષેત્ર—અતિશયક્ષેત્રની યાત્રામાં બંને

બેનો તન-મન-ધનથી ઉલ્લસિત ભાવે ભક્તિમાં કુશાગ્ર રહેતા.

તીર્થયાત્રા સંબંધીના પ્રસંગો બ્ર. હરિભાઈના લખાણના આધારે લીધા છે.

અનુભૂતિ વિભૂષિત બંને માતાઓ ઘણી ઘણીવાર આત્મા અનુભૂતિની પ્રેરણા આપતા. સ્વયં અનુભૂતિ કેવી રીતે પ્રગટ કરી હતી, તેવા પ્રસંગો વારંવાર સંભળાવતા હતા. પૂજ્ય ગુરુદેવે પણ ઘણા પ્રકારથી પરીક્ષા કરી હતી. ત્યારે ગુરુદેવ કહેતા કે બંને મોક્ષના મોતી છે, નિકટ ભવી છે.

પૂજ્ય બેન શાન્તાબેનના જીવનમાં અનેકવિધ અટપટા ઉતાર-ચડાવ પ્રસંગોમાં આત્મઅનુભૂતિના આધારપર શાન્તિ સમતા રાખવાની ક્ષમતા તેઓની ગજબ હતી, જે આદર્શરૂપ છે. અને બોધરૂપ ચર્ચા-વાર્તા કરતા કે જીવનના કોઈપણ અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગે શ્રી તીર્થંકર ભગવંતોના જીવન યાદ કરવા અને જીવનમાં વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુને સાથીદાર બનાવજે, તો બહુમાન આવશે કે વાહ ! ધન્ય તે મહાત્માનું જ્ઞાનમય વીતરાગી જીવન.

આ પ્રશાંત સ્વરૂપી પૂજ્ય શાન્તાબેનનું જીવન ઝરમર વાંચી, તેઓ જેવું જીવન બનાવીએ અને નવી પેઢીને પણ જૂના સંભારણાંનો અનુભવ થાશે. મહાપુરુષોના જીવન કેવા અલૌકિક હતા.

આપના બાળકો.

ૐ

પૂર્ણજ્ઞ પ્રાપ્ત ણમો અરિહંતાણં ણમો અરિહંતાણં
અનંત જ્ઞાન અનંત આનંદ અશરીરીપદ પ્રાપ્ત
ણમો સિદ્ધાણં ણમો સિદ્ધાણં
પરમ રત્નત્રય પ્રાપ્ત વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત
ણમો આયરિયાણં ણમો આયરિયાણં
પરમ રત્નત્રય પ્રાપ્ત દ્વાદશાંગના જ્ઞાતા
ણમો ઉવજ્ઝાયાણં ણમો ઉવજ્ઝાયાણં
પરમ રત્નત્રય પ્રાપ્ત પરમ આત્મ સમાધિ પ્રાપ્ત
ણમો લોએ સવ્વ સાહૂણં
ણમો લોએ સવ્વ સાહૂણં

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ૐ

## જ્ઞાની ધર્માત્મા પૂજ્ય શાન્તાબેનનું જીવન ઝરમર

જંબુદ્વીપના ભરતક્ષેત્રની વસુંધરા પર શ્રી વૃષભદેવથી શ્રી મહાવીર સ્વામી પર્યંત ચોવીસ તીર્થંકરો સાથે સાથે કોટી કોટી મુનિવરો સિદ્ધશિલામાં સાદી અનંત અનંત સુખધામમાં મ્હાલી રહ્યા છે. અંતિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ પશ્ચાત ત્રણ અનુબદ્ધ કેવળી થયા. પ્રથમ શ્રી ગૌતમ સ્વામી બાર વર્ષ સુધી, શ્રી સુધર્માસ્વામી બાર વર્ષ સુધી, તૃતીય શ્રી જમ્બુસ્વામી આડત્રીસ વર્ષ સુધી એટલે કુલ બાંસઠ વર્ષ સુધી કેવળીઓનો સદ્‌ભાવ હતો. આ ત્રણેય કેવળીઓ પંચમ કાળનાં પ્રારંભમાં મોક્ષ પધાર્યા. તેઓશ્રીના પછી સો વર્ષ સુધી કાળક્રમથી પાંચ શ્રુતકેવલી મુનિરાજોનો સદ્‌ભાવ હતો. જે દ્વાદશાંગ (અગીયાર અંગ ચૌદ પૂર્વ) ના પૂર્ણ જ્ઞાતા હતા. પ્રથમ વિષ્ણુ મુનિરાજ ચૌદ વર્ષ સુધી, દ્વિતીય શ્રી નન્દિમિત્ર સોળ વર્ષ સુધી, તૃતીય શ્રી અપરાજિત બાવીસ વર્ષ સુધી, ચતુર્થ શ્રી ગોવર્ધન ઓગણીસ વર્ષ સુધી, પંચમ શ્રી ભદ્રબાહુ (પ્રથમ) ઓગણત્રીસ વર્ષ સુધી એટલે એકસો વર્ષ સુધી પૂર્ણ શ્રુત કેવળીઓનો સદ્‌ભાવ રહ્યો હતો.

ત્યારપછી એકસોત્ર્યાંસી વર્ષો સુધી ક્રમક્રમથી અગિયાર મુનિરાજ અગિયાર અંગ દશ પૂર્વના જ્ઞાતા થયા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જેઓ શ્રી વિશાખાચાર્ય, શ્રી પોષ્ઠિલાચાર્ય, શ્રી ક્ષત્રિયાચાર્ય, શ્રી જયસેનાચાર્ય, શ્રી નાગસેનાચાર્ય, શ્રી સિદ્ધાર્થાચાર્ય, શ્રી ધૃતિષેણાચાર્ય, શ્રી વિજયાચાર્ય, શ્રી બુદ્ધિલિંગાચાર્ય, શ્રી ગંગદેવાચાર્ય અને શ્રી ધર્મસેનાચાર્ય તેઓનો સદ્‌ભાવ એકસો ત્ર્યાંસી વર્ષ દરમ્યાન રહ્યો. તેઓશ્રીના પછી શ્રી નક્ષત્રાચાર્ય, શ્રી જયપાલાચાર્ય, શ્રી પાન્ડુઆચાર્ય, શ્રી ધ્રુવસેનાચાર્ય અને શ્રી કંસાચાર્ય ક્રમક્રમથી અગિયાર અંગધારીના જ્ઞાતા બસો વીસ વર્ષો સુધી થયા.

ત્યારબાદ એકસો અઢાર વર્ષો સુધી ચાર મુનિરાજ—શ્રી સુભદ્રાચાર્ય, શ્રી યશોભદ્રાચાર્ય, શ્રી ભદ્રબાહુ આચાર્ય (દ્વિતીય) અને શ્રી લોહાચાર્ય એકસો અઢાર વર્ષો સુધી ક્રમક્રમથી દશ, નવ, આઠ આઠ અંગધારી જ્ઞાતા થયા હતા. ત્યારપછી એકસો અઢાર વર્ષો દરમ્યાન એક અંગના જ્ઞાનના ધારી ચાર આચાર્યો શ્રી વિનયદત્તાચાર્ય, શ્રી દત્તાચાર્ય (પ્રથમ), શ્રી શીવદત્તાચાર્ય, શ્રી અર્હંતદત્તાચાર્ય જ્ઞાતા થયા તથા એક અંગના અંશજ્ઞાનના ધારી પાંચ આચાર્યો શ્રી અર્હદબલી આચાર્ય, શ્રી માઘનન્દિ આચાર્ય, શ્રી ધરસેનાચાર્ય, શ્રી પુષ્પદંતાચાર્ય, શ્રી ભૂતબલી આચાર્ય, આ નવ આચાર્યોનો ઉલ્લેખ મળે છે. આ પ્રમાણે મહાવીર સ્વામીના નિર્વાણ પછી (૬૨ + ૧૦૦ + ૧૮૩ + ૨૨૦ + ૧૧૮ = ૬૮૩) વર્ષો સુધી દ્રવ્ય—ભાવ શ્રુતના જ્ઞાતા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અંગધારી આચાર્યોની પરંપરા પ્રવર્તતી રહી. આચાર્ય અર્હંદબલીના સમકાલીન આચાર્ય ગુણધર, આચાર્ય ભૂતબલી સમકાલીન, આચાર્ય નાગહસ્તી તથા આચાર્ય યતિવૃષભ પણ પ્રસિદ્ધ આચાર્ય થયા છે. તેઓ પ્રથમ શતાબ્દિમાં થયા છે.

બીજી શતાબ્દિમાં શ્રી જયસેનાચાર્ય, શ્રી કુંદકુંદાચાર્ય, શ્રી કાર્તિકેય સ્વામી, શ્રી ઉમાસ્વામી, શ્રી સમંતભદ્રાચાર્ય, શ્રી શિવકોટી આચાર્ય થયા.

ત્રીજીથી નવમી શતાબ્દિમાં શ્રી દેવનંદી આચાર્ય, (શ્રી પૂજ્ય પાદ સ્વામી) શ્રી પ્રભાચંદ્રાચાર્ય, શ્રી અકલંક દેવ, શ્રી રવિષેણાચાર્ય, શ્રી વિદ્યાનંદી આચાર્ય, શ્રી ગુણભદ્રાચાર્ય, શ્રી વીરસેનસ્વામી, શ્રી દેવસેન સ્વામી, શ્રી એલાચાર્ય, શ્રી વાદિભસિહ, શ્રી અમીતગતિ આચાર્ય, શ્રી માણેકનંદી આચાર્ય, શ્રી હરિસેણાચાર્ય, શ્રી સોમદેવસૂરી, શ્રી શુભચંદ્ર આચાર્ય, શ્રી કનકનંદી આચાર્ય, શ્રી વાદીરાજસૂરી થયા.

દશમી શતાબ્દિમાં શ્રી અમૃતચંદ્રાચાર્ય, શ્રી નેમીનંદ સિદ્ધાંત ચક્રવર્તી, શ્રી પદ્મપ્રભમલધારીદેવ, શ્રી જયસેનાચાર્ય થયા.

સોળમી શતાબ્દિમાં શ્રી અમૃતચંદ્રાચાર્ય થયા.

સોળમી શતાબ્દિમાં વીસમી શતાબ્દિ સુધીમાં પંડિતોની

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પરીપાટીમાં પં. શ્રી બનારસીદાસજી, પં. શ્રી દ્યાનતરાયજી, પં. શ્રી ભૈયાભગવતીદાસજી, પં. શ્રી સંતલાલજી, પં. શ્રી દીપચંદજી, પં. શ્રી ભુરદાસજી, આચાર્યકલ્પ પં. શ્રી ટોડરમલજી, પં.બ્ર. શ્રી રાયમલજી, પં.શ્રી દોલતરામજી, પં. શ્રી જયચંદ છાબડા, પં.શ્રી જગમોહન, પં. શ્રી બુધચંદજી, પં. શ્રી ભાગચંદજી, પં. બ્ર. શ્રી શીતલપ્રસાદજી, શ્રી ગણેશપ્રસાદ વાર્ણી, પં.શ્રી ગોપાલદાસ બરૈયા, પં. શ્રી જુગલકિશોર મુખ્તાર, પં. શ્રી નાથુરામ પ્રેમી, શ્રી જિનેન્દ્ર વર્ણી, પં. શ્રી ફૂલચંદજી શાસ્ત્રી, પં. શ્રી કૈલાસચંદ્રજી, પં. શ્રી જગમોહનલાલજી સિદ્ધાંત શાસ્ત્રી (કટની), પં. શ્રી નાથુલાલજી શાસ્ત્રી, પં. શ્રી આશાધરજી, શ્રીમદ્ રાજચંદ્રજી અને અંતમાં પૂજ્ય શ્રી કાનજીસ્વામી.

શ્રીમદ્ રાજચંદ્રજીના અંતિમ સમયે એક આત્માર્થીએ તેઓશ્રીને એક પ્રશ્ન પૂછ્યો કે પ્રભુ ! આ સૂર્ય અસ્ત થઈ રહ્યો છે. તો આ માર્ગને આગળ કોણ ચલાવશે ? ત્યારે શ્રીમદ્ રાજચંદ્રજીની અમૃતમય ભવિષ્યની વાણી છૂટી કે ''આ યુગમાં ૫૦ વર્ષે કોઈ એક કાઠિયાવાડનો મહા પુરુષ મિથુન રાશીના ''ક'' અક્ષરથી શરૂ થતાં નામના પુરુષનો ઉદય થશે અને શ્રી કુંદકુંદાચાદેવના માર્ગની અપૂર્વ પ્રભાવના કરશે.''

મહા પુરુષની વાણી ફળીભૂત થતાં સંવત ૧૯૪૬ ના (ઈ.સ. ૧૮૯૦, ૨૧ એપ્રિલ) વૈશાખ સુદ બીજના દિવસે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



રવિવારે પરોઢીયે ''શ્રી કાનજી સ્વામી''નો ઉદય થયો. એટલે ભગવાન આત્માના આધ્યાત્મિક ક્રાંતિકારી ચૈતન્યદેવની ચર્ચા–વાર્તાનો અપૂર્વ ઉદય થયો. જેમનો ગામો–ગામ, દેશ–વિદેશમાં પ્રકાશ થતાં શ્રી દિગંબર જૈન ધર્મના મહા પંડિતો, કવિઓ તથા મુમુક્ષુ સમાજમાં સારી એવી સુગંધ ઘર ઘરમાં ફેલાઈ ગઈ. જેથી સોનગઢ એ સુવર્ણપુરી તીર્થધામ ગુંજી ઉઠ્યું.

વિદેહક્ષેત્રમાં બિરાજમાન સાક્ષાત્ શ્રી સીમંધર પ્રભુની દિવ્ય વાણીના સંદેશા લાવનાર આચાર્ય શ્રી કુંદકુંદદેવ જેવા જેના ગુરુ એવા શ્રી કહાનગુરુદેવે શ્રી કુંદકુંદાચાર્યનો માર્ગ ખૂબ જોરશોરથી પ્રકાશ્યો છે. શ્રી સમયસારજી શાસ્ત્ર પર ૧૯ વાર પ્રવચનો સભામાં કરીને તેઓએ ભક્તોને ન્યાલ કરી દીધા. ભગવાન આત્માની અદ્ભૂત મહિમા સમયસારમાં ગુંજારવ ફેલાવ્યો છે.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈન પરંપરામાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે.

मंगलं भगवान वीरो मंगल गौतमो गणी।
मंगलं कुंदकुंदार्यो जैन धर्मोऽस्तु मंगलम।।

આ શ્લોક દરેક દિગંબર જૈન, શાસ્ત્ર અધ્યયન શરૂ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કરતાં મંગલાચરણરૂપે બોલે છે. આ પરથી સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ શ્રી કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ માને છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય દેવના શાસ્ત્રો સાક્ષાત્ ગણધર દેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

આ મહા પુરુષ શ્રી કહાનગુરુદેવના પ્રભાવના યોગે શ્રી દિગંબર જૈન ધર્મનો ઝંડો ફરકાવી, શ્રી દિગંબર જૈન મંદિરોની સ્થાપના કરી, અપૂર્વ સિદ્ધક્ષેત્રોની યાત્રાઓ, જ્ઞાન–શિબિરો સાથે જ્ઞાન–દાનની ખૂબ જોરશોરથી પ્રભાવના કરી છે.

આ મહાપુરુષ સંત શિરોમણી શ્રી કહાનગુરુવરના યુગમાં ''યુગલ મહિલા રત્ન આત્મજ્ઞાની ભગવતી સ્વરૂપ પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન જેવા બન્ને માતાઓનો સુયોગ થતાં મહિલા સમાજમાં અદ્ભૂત શોભામાં વૃદ્ધિગત થયા છે. જેનું મૂલ્યાંકન થાય નહિ. આ બન્ને માતાઓ બ્રહ્મચર્યના ભડવીર નારી હતા.

ભારતભરમાં આશ્રમો તો અનેક પ્રકારથી ચાલતા હોય. પરંતુ આ બન્ને સંતોની શીતલ છાયામાં અધ્યાત્મના ઉપશાંત

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વાતાવરણમાં તેઓશ્રીની નિકટ છાયામાં રહેતા બાલ બ્રહ્મચારી બેનોને હરક્ષણે જ્ઞાન, વૈરાગ્ય, વ્રત–તપ–નિયમાદિ સંસ્કારોનું ચિંતવન સહજતાપૂર્વક કરાવતા હતા. તેમજ વાત્સલ્યતાપૂર્વક હળીમળીને સ્વાધ્યાય સાથે શ્રી દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે કેવો વિનયભાવ ભક્તિભાવ કરવા માટે તેઓશ્રી વારંવાર સંબોધન કરાવતા હતા. સાથે સાથે બેટી તુલ્ય પ્રેમ–વાત્સલ્યતા આપતા હતા. જેણે આ લાભ લીધો છે તેના જીવન ધન્ય બન્યા છે.

## પ્રશાન્ત સ્વરૂપી
## પૂજ્ય શાન્તાબેનનું જીવન ઝરમર

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રનો ભારતદેશ! એટલે મહાપુરુષોની સાધનાભૂમિ અતિ પવિત્ર છે. તેમાં સૌરાષ્ટ્ર દેશની કાઠીયાવાડની ધરા પર અમરેલી ગામના રહીશ, પિતાશ્રી મણીભાઈ ખારા તથા માતુશ્રી દિવાળીબાને ત્યાં મોસાળ પક્ષે ગોપાલગ્રામ એવા નાનકડા ગામે વસંતઋતુ શરૂ થતાં આમ્રવૃક્ષોમાં આમ્ર શરૂ થતાં કોયલો વગેરે પક્ષીઓ કીલકીલાટ કરતાં મીઠા મીઠા ટહુકારા કરતા કરતા આ જ્ઞાની ધર્માત્મા પુરુષ પૂજ્ય શાન્તાબેનના જન્મ મંગળના વધામણાનો સંદેશો વિક્રમ સંવત ૧૯૬૬ (ઈ.સ. 1910) ના ૨૧ માર્ચના ફાગણ સુદી અગિયારસના સોમવારે પરોઢીયે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પાંચ વાગ્યે મંગળ સંદેશો સુણાવ્યો.

પૂર્વના ધાર્મિક સંસ્કારના કારણે ઝગમગતા સૂર્ય પ્રકાશતા ચારેય તરફ આનંદમય ઢોલ–શરણાઈના સૂરથી વાતાવરણ છવાઈ ગયું.

## જન્મ દિન

ઢોલ શરણાયુ ને વાજા રે વગડાવો (૨)
બાળ કુંવરી આજે જનમીયા
વિદેહધામથી આજે પધાર્યા.....આજે પધાર્યા
ફાલ્ગુની ગ્યારસે, રત્ન આજ જન્મીયા (૨)
ઢસા ઢોલરવા ગામે,
જન્મ વધાઈના, શરણાઈ વાગે (૨)
ગોપાલપુરને દ્વારે
પિતા મણીભાઈનો હરખ ન આયે........(૨)
કુંવરીનાં મુખડા નીરખતાં,
માતા દિવાળી બેન, આની કોર જોવે (૨)
લળી લળી કુંવરી સામે જોવે
જોશીએ જોશ, એમ જોયા (૨)
કે ''કુંવરી'' કાર્ય મહાન જ કરશે,

આ કોઈ જ્ઞાની ધર્માત્માનો જન્મ થતાં ખારા કુટુંબ ધન્ય બન્યું કે માતા–પિતાનો હર્ષ સમાતો ન હતો.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પિતાશ્રીએ હર્ષોલ્લાસથી જોશીને બોલાવ્યા અને જન્મ કુંડળી કઢાવી. જ્યોતિષીએ જોશ જોયા કે "આ કુંવરીના લેખ કોઈ ગજબ છે. આ કુંવરી સૌમ્ય મુદ્રાના ધારક, સ્વભાવે વિનોદી, વાત્સલ્યતાની મૂર્તિ, સરળતા ને સત્યતાને જાણનાર, જીવનમાં ગંભીરતા અને વાણીમાં મીઠાશ તેમ જ સંયમમાં અનુરાગ ધરાવશે. બુદ્ધિશાળી થશે, કોઈ પણ કાર્યની સિદ્ધિ કરશે. કોઈ ગુપ્ત શક્તિ દ્વારા જીવનમાં વૃદ્ધિ પામશે.

લૌકિક વિદ્યા કરતા અધ્યાત્મવિદ્યાના સંસ્કારના બળે આગળ વધશે. માતા પ્રત્યે પ્રેમ ધરાવશે. કુટુંબમાં અગ્રેસર તરીકે પૂજાશે અને કૂળ ઉજ્જ્વલ કરશે. ગીત—સંગીતના પ્રેમી—અલંકારના રાગ હોવા છતાં તેનાથી મુક્ત થઈ, યોગી જેવું જીવન જીવશે. જે અલૌકિક છે.

જીવનમાં ઘણાં ઘણાં ચડાવ—ઉતારના પ્રસંગો ભજવાની શક્યતા છે. છતાં આ કુંવરી તેને નિડરતાથી પાર પાડવાની શક્તિ સ્ફુરાવશે. પૂર્વગત જન્મોથી આવા પ્રયત્નો થતાં હોવાથી આ જન્મ એ ભવાટવીથી બચવા ધર્મનો દોર સાધશે. "દિવ્ય વિભૂતિ જેવું જ્ઞાન પૂર્ણ ચન્દ્રમાવત હૃદયમાં જોવાશે અને લોકપ્રિયતા મેળવશે."

આ કુંવરી દ્વારા ઘણા ધાર્મિક કાર્યો થશે.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આ પ્રમાણે જ્યોતિષીએ જ્યોતિષ ભાખેલ હતું. જેથી કુટુંબીજનોનો હર્ષ સમાતો ન હતો. પૂજ્ય બેનનું નામ ‘‘શાન્તા’’ હતું. જેવું નામ એવા જ ગુણો જીવનમાં ઝલકતા હતા. ભાઈ–બહેનોમાં તેઓ સૌથી મોટા હતા, ત્યારપછી કાન્તાબહેન, સવિતાબહેન, મંજુલાબહેન તથા લાભુબહેન પછી એકનો એક ભાઈ મુકુંદભાઈ જે લાડકવાયો હતો. જેથી ભાઈનું જતન સારી રીતે કરતા હતા.

થોડો સમય શરૂઆતમાં માતા–પિતા કલકત્તા રહ્યા હતા એટલે થોડો સમય કલકત્તામાં અભ્યાસ કર્યો. પછી તેઓનું મૂળ ગામ અમરેલીમાં ૭ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. શાળામાં પણ તેઓનો પહેલો નંબર આવતો હતો.

તેઓશ્રી દરેક ક્રિયામાં નિષ્ણાંત હતા. મોતીના કામની કારીગરીમાં નિષ્ણાંત હતા. બાળપણથી જ ધાર્મિક રુચિ વિશેષ હતી. નિયમિત ઉપાશ્રયમાં જતા હતા અને સામાયિક–પ્રતિક્રમણ–ભક્તિ કરાવતા હતા.

વ્રત–તપ–નિયમમાં સંયમી હતા, ઉપવાસ–એકાશન પોતે કરતા અને બીજા કરે તેમાં વાત્સલ્યતાપૂર્વક અનુમોદના પણ કરતાં, ઉપવાસના દિવસે આરંભ–પરિગ્રહથી નિવૃત્ત થઈ આખો દિવસ–રાત ઉપાશ્રયમાં સાધર્મીઓ સાથે વાંચન–મનન–ભક્તિ પૂર્વક સમય વ્યતીત કરતા હતા. બીજે દિવસે સાધર્મીઓને પ્રેમથી પોતાના ઘરે બોલાવીને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ઉત્સાહ પૂર્વક પારણા કરાવતા, આ પ્રમાણે પૂજ્ય બેન નાનપણથી જ વૈરાગ્ય તથા વાત્સલ્યતાના મૂર્તિ હતા. દીક્ષાની ભાવના હોવાથી ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તીક્ષ્ણ બુદ્ધિ અને સ્મરણશક્તિના કારણે હજારો શ્લોકો કંઠસ્થ કર્યા હતા. માત્ર એકવાર વાંચે ને યાદ રહી જાય.

પોતે સ્વયં ભક્તિ તથા વૈરાગ્યનાં ભજનો બનાવીને ગાતા હતા. કંઠ મીઠો—મધુરો હોવાથી બધા તેઓ પાસે ગવડાવતા હતા. આ પ્રમાણે વૃદ્ધિગત ક્ષયોપશમના કારણે તેઓશ્રીનું જ્ઞાન વિકસિત થવા લાગ્યું. ઘરકામ પણ કરતા પોતાના નાના ભાઈ—બહેનોને ધાર્મિક સંસ્કારો પણ સારા આપતા હતા.

જે કાર્ય કરે તે વ્યવસ્થિત જ કરતાં. તેમજ પૂર્ણ કરે ત્યારે જ જંપીને રહે એવા સ્વભાવના હતા. તેઓ નદીએ પાણી ભરવા જતા, ત્યારે તેઓના ભાભુ સમરતબેન તથા સહેલીઓ સાથે જતાં જતાં રસ્તામાં પણ ગાતા—વાર્તા ધાર્મિક ચર્ચા કરતાં કરતાં અને એવું ભેદજ્ઞાન કરાવતા હતા. એ સમયે ''ભગવાન આત્મા'' શબ્દ પણ સાંભળ્યો ન હતો; એ ભવિષ્યના ભણકારાનું ભાવભાસન થતું હોય તેવો સંકેત કરે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પાણી ભરવા જતા તે સમયનું ગીત

જ્ઞાની જ્ઞાન દશાનો દોર કદી ચૂકે નહીં (૨)
વિધ વિધ વ્યવહારો છો કરતાં,
સઘળું કર્તા છતાં અકર્તા......

અર્થ :—જ્ઞાની પોતાની જ્ઞાન દશાનો દોર કદી ચૂકતા નથી, ભલે વિધ વિધ વ્યવહારો કર્તા હોય, છતાં અકર્તાપણું છોડે નહીં.

કમળ નિશદિન જળમાં રહેતાં,
જળ સંગાથે જળમય ન થાતા.
સંગ છતાં પણ અસંગ ભૂલે નહીં
જ્ઞાની જ્ઞાન દશાનો દોર કદી ચૂકે નહીં.

અર્થ :—કમળ કાયમ જળમાં રહે છે, પરંતુ જળમય થતું નથી. તેમ જ્ઞાની સંગમાં રહેતા છતાં જ્ઞાની અસંગપણે જ રહે છે.

વિધ વિધ વ્યવહારો ભલે કરતાં,
હેલ નજરથી યુવતી ચૂકે નહીં.......
જ્ઞાની જ્ઞાન દશાનો દોર કદી ચૂકે નહીં.

અર્થ :—યુવતી જેમ પાણી ભરેલી હેલ (બેડું) માથા પર હોય છે, ત્યારે વિધ વિધ વ્યવહારો કરતી કરતી ચાલે છે. પરંતુ હેલ માથા પરથી પડતી નથી. તેમ જ્ઞાની જ્ઞાનદશાનો દોર કદી ચૂકતા નથી.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**તેમજ જ્ઞાની જ્ઞાન દશાનો દોર કદી ચૂકતા નથી.**

પૂજ્ય બેનને નાની ઉંમરથી જ સંસાર અસાર લાગતો હતો. તેથી તેઓને દીક્ષા લેવાના ભાવ નાની વયથી જ હતા. પરંતુ તેઓ માતા–પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી ન શક્યા અને તેઓ સંસાર ગ્રંથીથી જોડાયા. ત્યાં એક માસ રહ્યા અને વૈધવ્ય આવ્યું. આમ કુદરતે જ માતા–પિતાની ઈચ્છા અને પૂ. બેનની ઈચ્છાનું સમાધાન કરાવ્યુ. આ પ્રસંગથી માતા–પિતાને બહુ દુઃખ થયું. પરંતુ પૂ. બેન તો તે સમયે પણ સમભાવી હતા. તેમણે મનમાં વિચાર્યું કે ''ભલું થયું ભાંગી જંજાળ'' હવે મને આત્માની આરાધના કરવામાં કોઈ વિઘ્ન નહીં આવે, જાણે ઈશ્વરે માર્ગ મોકળો કર્યો છે.

સોળ વર્ષે ! એવી નાની વયમાં સંસાર પ્રત્યે ઉદાસીનતા આવી અને સંસાર પ્રત્યે અસારતા લાગતા તેઓશ્રી દીક્ષા લેવાના નિર્ણય પર આવી ગયા હતા. દીક્ષા સંબંધીના ઘણાં ઘણાં સૂત્રોનો તથા થોડોઘણો સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી પૂરી તૈયારીમાં હતા; પરંતુ તેઓશ્રીના માતા–પિતા તથા કુટુંબીજનોએ આ વાતનો સ્વીકાર કર્યો ન હતો. આ સાંભળતા કુટુંબીજનો બહુ દુઃખી થતા હતા. ત્યારે પૂજ્ય બેન કહેતા કે મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે. હું તો સ્વતંત્ર રહી મારા આત્માનું હિત કરવાની છું. હું તો કોઈ જુદી જ રીતે જીવન વીતાવવાની છું. તમો કોઈ પણ પ્રકારથી મારી ચિંતા કરશો નહીં. હું બધી રીતે વર્દ્ધમાન રહેવાની છું.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

૧૫

## પૂજ્યબેનને સંસાર અસાર લાગતા–ભક્તિ

મને લાગે સંસાર અસાર,
ઓ રે સંસારમાં નહીં જાઉં, નહીં જાઉં રે...
મને લાગે જ્ઞાયકદેવનો પ્યાર,
એ રે જ્ઞાયકમાં રમી જાઉં, રમી જાઉં રે......
મને લાગે નિર્ગ્રંથતાનો સાર,
એ રે દશાને જટ પામું, જટ પામું રે....
મને લાગે આતમ કેરો પ્યાર,
એ રે આત્મામાં લીન થાઉં, લીન થાઉં રે.....
મને લાગે વિભાવ–આસાર,
એ રે વિભાવમાં નહીં જાઉં, નહીં જાઉં રે...
મને લાગે જિનવરેન્દ્રનો પ્યાર,
એ રે જિન ચરણોમાં રમી જાઉં, રમી જાઉં રે.....
મને લાગે રાગ–દ્વેષ અસાર,
રાગ–દ્વેષ ત્વરીત તજું, ત્વરીત તજુ રે......
મને લાગે સંતો કેરો પ્યાર,
એ રે સંત ચરણોમાં ઝૂકી જાઉં, ઝૂકી જાઉં રે.....
મને લાગે સમયસાર કેરો પ્યાર,
એ રે સમયસારમાં લીન થઉં, લીન થાઉં રે.....

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ઘરમાં પાત્રા પણ આવી ગયા હતા. તેઓશ્રીના નાનાબેન કાન્તાબેનને પાત્રામાં વહોરાવાનું સીખવાડતા હતા. આ બધું જોતાં માતાજીની આંખું અશ્રુથી ભરાઈ આવતી હતી.

પૂજ્ય બેનને વૈરાગ્ય તથા ત્યાગના અને બ્રહ્મચર્યથી જીવન પર્યંત રહેવાના ભાવો ઉત્કૃષ્ટપણે આવતા હતા. શરીર રૂપવાન હોવાથી તેનો ડર હતો કે કોઈ પણ આપણાં પર નજર કરે એવું શરીર શું કામનું ? ત્યારે કહેતા કે માથે એવી રીતે ઓઢું કે કોઈ પણ મારી સામે નજર પણ કરી શકે નહીં. અતિ રૂપ પણ કલંકરૂપ લાગે છે. ઉપસર્ગરૂપ લાગે છે. જેમ આત્મ પ્રાપ્તિનું વેદન રહેતું તેવું જ બ્રહ્મચર્ય અખંડરૂપે રહે તેવું વેદન રહેતું એવી એવી વાતો કરતા હતા.

પિતાશ્રીને વિચાર આવ્યો કે બેન 'દીક્ષા' લેવાનું કહે છે તો આપણે બધા કાનજીસ્વામીના દર્શન કરવા ''બેન'' ને લઈ જઈએ. પિતાશ્રીએ સંપ્રદાયમાં પણ ગુરુ તરીકે કાનજીસ્વામીને જ સ્વીકાર્યા હતા.

વિ. સંવત ૧૯૮૧ (ઈ.સ. 1925) માં એ સમયે શ્રી કાનજીસ્વામીનું ચાતુર્માસ ગઢડા મુકામે હતું. ત્યારે કુટુંબના પોણોસો જેટલા માણસો સહિત દર્શનાર્થે ગયા અને પિતાજીએ કહ્યું સાહેબ ! અમારા આ બેન શાન્તાબેનને દીક્ષા લેવી છે. ત્યારે શ્રી કાનજીસ્વામીએ કહ્યું કે 'બહેન' ''દીક્ષા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



લઈ લેવા માત્રથી આત્મા મળતો નથી.'' તેમાં સુખ નથી. માટે પહેલાં આત્માને ઓળખો'' ''આત્મા'' મન–વચન–કાયાથી જુદો પેલે પાર છે. ત્યારે પૂજ્ય બેનને ''આત્મા'' શબ્દ પ્રથમવાર સાંભળીને અંદરથી જ એટલો પ્રમોદ આવ્યો કે ''આ કોઈ મહાપુરુષ છે.'' આ ગુરુથી જ મારું અવશ્ય કલ્યાણ થશે.'' ''આત્મા'' શબ્દ સાંભળતાં જ અંદરથી રોમરાય ઉલ્લસી જતાં શાન્તિ લાગી અને દીક્ષા લેવાના ભાવનો એકદમ પલટો થઈ ગયો. પૂજ્ય બહેન પૂર્વ સંસ્કાર લઈને તો આવ્યા હતા, જેથી આ વાતનો તુરત સ્વીકાર થઈ ગયો, એમ નક્કી થાય છે.

પૂજ્ય ગુરુદેવે ઘણી જ કરુણાથી દીક્ષાનું સ્વરૂપ ઘણું જ વિસ્તારથી સમજાવ્યું અને કહ્યું ''આત્માના અનુભવ સિવાય જીવન સાર્થક થતું નથી. આત્મા એવો પરથી જુદો પડી જાય છે કે જેમ પહાડ ઉપર વીજળી પડતાં બે ફાડ પડી જાય છે, તેને રેણ દેવાથી ફરી સંધાતો નથી–તેમ આત્મામાં ભેદજ્ઞાન પ્રજ્ઞારૂપી વીજળી પડે તે પડી; પરથી જુદો પડ્યો તે હવે ફરીથી પર સાથે એકત્વબુદ્ધિથી એકમેક થતો નથી.

આમ ઘણાં ઘણાં પ્રકારથી ભેદજ્ઞાનની વાતો સ્વામીજી પાસે સાંભળીને પૂજ્ય બેનના હૃદય ભાવોમાં એકદમ પલટો થયો અને બે હાથ જોડીને કહ્યું કે પ્રભુ! હવે મારે દીક્ષા નથી લેવી, પરંતુ આપે જે ભેદજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું તે ભેદજ્ઞાન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



શીઘ્રતાથી પ્રાપ્ત થાય તેવો પુરુષાર્થ કરવો છે. અને કહેતાં કે આવી ભેદજ્ઞાનની વાતો સાંભળીને ઘણો જ ઉલ્લાસ આવતો અને હૃદય ઉછળી જતું કે આવો આત્મા ક્યાં હશે? આવું પહેલીવાર સાંભળતા એવી નવાઈ લાગી કે આવી વાત તો કોઈ કરતું જ નથી. આ મહાપુરુષના ચહેરા પર એવું તેજ તથા પુણ્ય ઝળકે છે કે અ.....હા.....હા. એમની વાણી એવી મીઠી અને મધુરી છે.

પૂજ્ય કાનજીસ્વામીના આત્મા પ્રત્ય ઘણું ઘણું બહુમાન આવતાં પૂજ્ય બેનને થયું કે દુનિયામાં કેટલાંક નામધારી સંત છે, પણ આ સંત તો બધાથી જુદા જ મહાન મહિમાવંત છે, યથાર્થ સંત છે. પૂજ્ય ગુરુદેવને પહેલીવાર જોતાં પૂ. બેનને એમ થયું કે આ જ મારા સાચા ''ગુરુ'' છે. હું તેમનો સેવક છું. **''આ ગુરુદ્વારા જ મારો ''આત્મા'' સંસાર સમુદ્રને પાર કરી આત્મ આનંદને પામશે.''**

પૂજ્ય ગુરુદેવના દર્શન તથા તેઓની વાણી સાંભળીને ઘરે આવ્યા પછી પૂજ્ય બેન બોલ્યા કે બા! હવે મારે દીક્ષા નથી લેવી, હવેથી હું બીજા કોઈના પ્રવચન સાંભળવા જઈશ નહીં; પરંતુ જ્યાં કાનજી મહારાજનું ચાતુર્માસ હશે ત્યાં જ સાંભળવા જઈશ. ત્યારે બા—બાપુજીએ પ્રેમથી કહ્યું કે બેટા! ભલે જેમ ઠીક લાગે તેમ કરશો. ત્યારપછી લગભગ દરેક ચોમાસામાં જવા લાગ્યા. પૂજ્ય કાનજી મહારાજના જ્યાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જ્યાં ચાતુર્માસ હોય ત્યાં ત્યાં જતા અને પ્રવચનોમાંથી ભેદજ્ઞાનની વાત ગ્રહણ કરતા, કારણ કે આત્માની રુચિ અને ભેદજ્ઞાનની તીવ્ર લગની હોવાથી તે જ વાત તેઓને મીઠી લાગતી.

વિ. સંવત ૧૯૮૨ ની સાલમાં (ઈ.સ. 1926) પૂજ્ય કાનજીમહારાજનું ચાતુર્માસ વઢવાણ શહેરમાં હોવાથી ત્યાં જવાની તેઓશ્રીની ઘણી જ ભાવના હતી, પરંતુ તેઓની સાથે કોઈ જઈ શકે તેવો યોગ ન હોવાથી જઈ શક્યા નહીં, તેથી મનમાં ક્ષોભ (ખેદ) રહ્યા કરતો હતો.

વિ. સંવત ૧૯૮૩ (ઈ.સ. 1927) માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ દામનગરમાં હતું. ત્યાં જવાની તેમની પૂરી ભાવના હતી જેથી પિતાશ્રી તેઓને દામનગર મૂકી ગયા. પૂજ્ય બેન પોતાની મર્યાદાપૂર્વક સંયમ જળવાઈ રહે તે પ્રમાણે પ્રયત્નશીલતાથી રહેતા.

દામનગરમાં ત્રણ મહિના પૂજ્ય શ્રી કાનજીમહારાજની વાણી સાંભળવાનો અપૂર્વ લાભ લેતા લેતા પ્રવચનોમાંથી હિતરૂપ પોતાને થાય તેવા ન્યાયોની નોંધણી કરતા. વાણી પ્રત્યે પૂજ્ય બેનને બહુમાન આવતા જીવનમાં ઘણો લાભ થયો. મહારાજશ્રી પ્રત્યે બહુમાન આવતા એમ થતું કે આ કોઈ પૂર્વના પરિચિત હોય એમ હૃદયમાં થયા કરતું અને સ્વપ્નમાં પણ ઘણીવાર એમ જ આવતું હતું.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વિ. સંવત ૧૯૮૪ માં (ઈ.સ. 1928) શેષકાળ માટે એક માસ પૂજ્ય મહારાજજી અમરેલી પધાર્યા. પૂજ્ય બેનના જ ગામે પધાર્યા એટલે હૃદયમાં આનંદ સમાતો ન હતો. અમરેલી લાયબ્રેરીમાં દિગંબરના શાસ્ત્રો હોવાથી પૂજ્ય મહારાજ સાહેબ વારંવાર ત્યાં પધારતા. તેઓને દિગંબર શાસ્ત્ર વાંચવાની ઘણી જ ધૂન હતી. તેમાંથી જ પ્રવચનોમાં ભેદજ્ઞાનનું સ્વરૂપ સમજાવતા હતા. પૂજ્ય બેનને ભેદજ્ઞાનની વાત સાંભળતા ચૈતન્ય ભગવાન ઉછળી જતો. અનંતગુણો ઉછળી જતા. એ પ્રમાણે ખૂબ જ ઉલ્લાસ આવતો હતો.

પૂજ્ય મહારાજસાહેબ પ્રવચનોમાં દીક્ષા માટે એટલો પ્રહાર કરતા હતા અને કહેતા કે કેમ બેન! હવે દીક્ષા લેવી છે ને? ત્યારે પૂજ્ય બેને જવાબ આપ્યો કે ના સાહેબ હવે દીક્ષા નથી લેવી.

પૂજ્ય મહારાજ સાહેબે કહ્યું કે મણીભાઈ (પિતાજી) ખાનગીમાં કહી ગયા હતા કે શાન્તાબેન દીક્ષા–દીક્ષા લેવાનું કહે છે, ત્યારે મેં કહ્યું કે તમે ચિંતા નહીં કરો. ચાતુર્માસ પુરું થવા દ્યો. પછી કહે તો મને કહેજો.

શ્રી સાહેબજીએ સમજાવ્યું કે દીક્ષામાં સાર નથી. પહેલા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ. પછી દીક્ષા લેવાય.

આવી વાણી સાંભળતા પૂજ્ય બેનને એમ થયું કે મને તો ''સમ્યગ્દર્શન'' નથી એટલે હવે દીક્ષા નથી લેવી, ચિત્ત

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



શાન્ત થયું અને એવો નિર્ણય કર્યો કે મારે તો આત્માને જ ઓળખવો છે.

આ બધું સાંભળતા 'બા'નું ચિત્ત પણ શાન્ત થઈ ગયું અને કહ્યું કે 'બેન!' જેમ તમે કહેશો તેમ અને જે માગો તે બધું આપું. ત્યારે પૂજ્ય બેને કહ્યું કે કાનજી મહારાજના જ્યાં ચાતુર્માસ હોય ત્યાં પ્રવચનોના લાભ માટે કોઈને પણ સાથે મોકલશો.

પૂજ્ય મહારાજ સાહેબ ચાતુર્માસ કરવા રાણપુર પધાર્યા ત્યારે પૂજ્ય બેને તેઓના માસીબા સાથે ચાર મહિના પૂજ્ય સાહેબજીની વાણીનો લાભ લીધો. ત્યારે પૂજ્ય ગુરુદેવ છ દ્રવ્ય અને સાત તત્ત્વનું સ્વરૂપ સમજાવતાં—પાંચ ભાવમાંથી કયો ભાવ હોય? પૂજ્ય ગુરુદેવ સભામાં પૂછતાં ત્યારે મુખ્યપણે પૂજ્ય શાન્તાબેન જ જવાબ આપતા હતા અને ઘરે આવીને તુરત નોટમાં લખી લેતા. જે નોટ અત્યારે હાજર છે.

વિ. સંવત ૧૯૮૫ (ઈ.સ. 1929) લાઠીમાં ચાતુર્માસ હતું, ત્યાં પણ પૂજ્ય બેને લાભ લીધો હતો. ત્યાં પણ પુરુષાર્થમાં વૃદ્ધિ કરતાં અને મનમાં નિર્ણય કરતા કે પૂજ્ય ગુરુદેવ સાથે સાથે આત્મકલ્યાણ કરીને સિદ્ધદશા પ્રગટ કરવી છે. આવા મહાન સંત પ્રત્યે તેઓશ્રીનું ઘણું જ બહુમાન આવતું અને આ જ સાચા સંત છે. એવો દૃઢ નિશ્ચય કર્યો હતો. આવા સંતની હાજરીમાં જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



લેવું છે અને કહેતા—"મારે તો આ ભવમાં જ એવું કાર્ય કરવું છે કે આ સ્ત્રી પર્યાયનો છેદ થઈ જાય."

વિ. સંવત ૧૯૮૬ (ઈ.સ. 1930) પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ અમરેલીમાં થયું. તે સમયે ધર્મપ્રેમી નારણભાઈ પણ ત્યાં આવ્યા હતા. જે પૂર્વભવના મિત્ર હતા. જેથી તત્ત્વની રેલમછેલ ચાલતી હતી. સૌ પ્રથમ શ્રી સમયસારની શરૂઆત અમરેલીમાં મંગળમય પ્રવચનો શરૂ થયા. બહારગામથી ઘણા મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવની વાણીનો લાભ લેવા આવ્યા હતા. જેથી પૂજ્ય ગુરુદેવને ઘણો ઉલ્લાસ હતો. નારણભાઈ સાથે બહુ સૂક્ષ્મ તત્ત્વચર્ચા ચાલતી હોવાથી દિવસો આનંદમય વ્યતીત થયા હતા.

અમરેલીથી પૂજ્ય ગુરુદેવ વીંછીયા પધાર્યા ત્યાં પણ પૂજ્ય બેન દર્શન કરવા ગયા હતા. ત્યારે પૂજ્ય ચંપાબેન પણ દર્શન કરવા આવ્યા હતા. ત્યાં બંને બેનોનું પ્રથમ મિલન થયું. ત્યારે પૂજ્ય બેનને ચંપાબેનને જોતાં જ તેમનું હૃદય તેમના પ્રત્યે આકર્ષાયું, જાણે પૂર્વના સંબંધી હોઈએ એવું તેમના હૃદય એકતાની માફક ખેંચાયું. એકબીજા સામે ટગટગ જોઈ રહ્યા, પછી વિશેષ પરિચય થયો.

આ રીતે વીંછીયામાં પૂજ્ય ગુરુદેવ તથા બંને બેનોનો સંગમ થયો. જાણે મહાવિદેહની વિખૂટી પડેલી ત્રિપુટી અહીં ફરી ભેગી થઈ ગઈ હોય! પૂજ્ય ચંપાબેને પૂ. શાન્તાબેનને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કહ્યું કે મેં તમને સ્વપ્નમાં આવા જ દેખ્યા હતા. પૂર્વના પ્રેમને લીધે આ પ્રકારની કુદરતી આગાહી આવી અને પછી મિલન થયું.

પૂજ્ય ગુરુદેવે પૂજ્ય શાન્તાબેનને બોલાવી કૃપાદ્રષ્ટિથી કહ્યું કે તમારે આ ચંપાબેનનો પરિચય કરવા જેવો છે અને સ્વામીજી એ ચંપાબેનને પણ કહ્યું કે તમારે આ શાન્તાબેનનો પરિચય કરવા જેવો છે. પૂજ્ય ગુરુદેવનો આદેશ અને બંને આત્માઓની તૈયારી.....પછી શું ખામી રહે !! ત્યારથી હર્ષ ઉમંગથી બંનેનો પરિચય શરૂ થયો. બંને સખી જાણે મળી હોય તેમ અંતરની વાતો એકબીજાએ શરૂ કરી. પૂજ્ય ચંપાબેન કહેતા કે કે મને પણ એમ વિચાર આવતો હતો કે હું પણ પૂજ્ય કાનજીસ્વામીના ચોમાસામાં રહીને શાન્તાબેનનો સહવાસ કરીશ. આ રીતે ચંપાબેનને શાન્તાબેન પ્રત્યે ઘણી કૃપા હતી. આ પ્રમાણે પરિચય શરૂ થઈ ગયો અને ચાતુર્માસમાં સાથે રહેવાના ભાવ કર્યા.

વિ. સંવત ૧૯૮૭ માં (ઈ.સ. 1931) પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ પોરબંદરરમાં થયું હતું. ત્યાં પણ પૂજ્ય બેન ગયા હતા. ત્યાં પૂજ્ય કાનજીસ્વામીની વાણીમાં આવ્યું કે ભેદજ્ઞાન—સમ્યગ્દર્શન વગર બધું જ નકામું છે. આવી પહેલેથી જ પુરુષાર્થ પ્રેરક વાણી હતી અને સમ્યગ્દર્શન ઉપર પહેલેથી જ વજન આપતા હતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વિ. સંવત ૧૯૮૮ માં (ઈ.સ. 1932) પૂજ્ય કાનજીસ્વામીનું ચાતુર્માસ જામનગરમાં થયું. ત્યાં પૂજ્ય બેને સારો લાભ લીધેલ હતો. મહારાજ સાહેબના પ્રવચનો અપૂર્વ આવતા હતા. જે સાંભળીને તો એવી ધૂન લાગી જાય કે એક આત્મ પ્રાપ્તિની ઝંખના ખૂબ જ હોવાથી નીંદર પણ ન આવતી. ખાવા–પીવામાંથી પણ રસ ઉડી ગયો અને એ જ લગની કે ક્યારે હું આત્માનું અસલી સ્વરૂપ પામું. આવા "ગુરુ" મળ્યા છે, તેનાથી જ મારા આત્માનું હિત થશે જ એવી નિઃશંકતા આવી ગઈ. ગુરુદેવનું સ્વાસ્થ્ય બરાબર ન રહેતું હોવાથી પૂજ્ય બેનને એવી વેદના થતી હતી અને એમ થતું કે આ મહાપુરુષની હાજરીમાં જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે. તેવો તીવ્ર પુરુષાર્થનો ઉપાડ ચાલતો હતો.

સંવત ૧૯૮૯ (ઈ.સ. 1933) પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ રાજકોટ શહેરમાં રાખેલ હતું. રાજકોટની સભામાં મુમુક્ષુઓ સૂક્ષ્મ રુચિ ધરાવતા જેથી તેમની સમક્ષ પરિવર્તન કરવાના ભાવ પ્રગટ કરું કે નહીં? એવી મુંઝવણ થતી હતી અને કહેતા કે આ સ્થાનકવાસી સંપ્રદાયમાં રહીને દિગંબર ધર્મની મૂળ વાત બહાર મૂકતા જીવ અચકાય છે. ત્યારે કહેતા કે અંતરમાં કાંઈ અને બહાર કાંઈ એ મારાથી સહન નથી થતું, માટે મારે હવે પરિવર્તન કરવું જ છે. આ સ્થાનકનું ચિહ્ન 'મુહપતી' રાખી છે તે બધું કલ્પિત છે. સાચો માર્ગ તો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કોઈ જુદો જ છે. એકાંતસ્થાને જઈ બેસી જવું છે.

એક આશ્ચર્યકારી પ્રસંગ બન્યો કે પૂજ્ય ચંપાબેન સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને રાજકોટ પધાર્યા ત્યારે તેઓને મળીને પૂજ્ય બેનને એટલો આનંદ થયો કે પૂજ્ય ગુરુદેવના ટૂંકા પરિચયમાં પણ કેવો પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને આવ્યા. અહો ધન્ય તે સમ્યગ્દર્શન પરિણતીને.

પૂજ્ય શાન્તાબેનના પુરુષાર્થ વિશે પૂજ્ય ચંપાબેન એમ કહેતા કે....આ બેનની ભક્તિ અને અર્પણતા ઘણી છે. એમનો તો પુરુષાર્થ એવો હતો કે હું જે ન્યાય કહું તે ઝીલીને તે પ્રકારે તેમનો આત્મા પરિણમી જાય. હું જેમ કહું તેમ તેમની પર્યાય એરૂપે પરિણમી જાય. એમને જોઈને તો મને આશ્ચર્ય થતું કે આ કેવો પાત્ર જીવ છે. કે જેમ કહ્યું છે કે તુરત તે ભાવરૂપે પરિણમી જાય છે. પૂજ્ય બેનશ્રી કહેતા કે શાન્તાબેનમાં કેટલી લાયકાત.....નરમાશ અને પાત્રતા છે કે જેમ કહીએ છીએ તે પ્રમાણે તેઓનું દ્રવ્ય પરિણમે છે. તેથી તેઓ અનુભવનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ રહસ્ય શાન્તાબેનને કહેતા અને સ્વસન્મુખ વિચારધારામાં પ્રોત્સાહિત કરતાં અને માર્ગ સુગમ કરી દેતા.

પૂજ્ય ચંપાબેનન સાન્નિધ્યમાં પૂજ્ય શાન્તાબેનનો પુરુષાર્થ, આત્મા પ્રત્યેની લગની એવી જોરદાર વૃદ્ધિ પામે કે ક્યાંય ચેન પડતું નહીં. ખાવા–પીવામાં ઉદાસીનતા વર્તતી,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ઊંઘ આવે નહીં અને એકાંતમાં બેસી ત્રણ–ત્રણ કલાક સુધી આત્માની શોધખોળ માટે સતત પ્રયત્ન જ કરતાં.

**‘‘ધન્ય આ પરિણમાવનાર અને**
**ધન્ય આ પરિણમનનાર.’’**

કોઈવાર પૂજ્ય શાન્તાબેનના માતુશ્રી આવતા તો પણ સામું જુવે નહીં ત્યારે માતુશ્રી કહેતા કે બેન! તમને શું થઈ ગયું છે કે અમારી સામે પણ જોતા નથી. આ એકનો એક લાડીલો ભાઈ તેને પણ બોલાવતા નથી. ત્યારે પૂજ્ય બેન એટલો જ જવાબ આપતા કે ‘‘મને મારું કામ કરવા દ્યો.’’ આત્મવેદન આગળ કાંઈ પણ ગમતું નથી અને કહેતા કે એકવાર શ્રીમદ્ રાજચંદ્રજીનું શાસ્ત્ર વાંચતાં વાંચતાં એવો વિચાર આવ્યો કે આ શાસ્ત્રમાં કહ્યું છે તે રૂપે મારી પરિણતી ક્યારે પરિણમે! ત્યારે શોધખોળ અંતરંગમાં કરતાં અને વાંચન આગળ વધે નહી ને અટકી જાય અને આત્મવેદનમાં ચડી જવાતું હતું તેમ કહેતા. પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાં ક્ષમાનું સ્વરૂપ આવે કે સમતાનું સ્વરૂપ આવે ત્યારે એમ થાય કે સાચી ક્ષમા અને સમતા તો આત્માનો સ્વભાવ છે. તે વાત તો એવી મીઠી લાગે કે આવા સ્વભાવરૂપે મારી પરિણતી ક્યારે થાય? મારે તો એવો ક્ષમા સ્વભાવ જોઈએ છે. આ ઉપર ઉપરથી ક્ષમા કે શુભભાવરૂપી ક્ષમાના ભાવથી મને સંતોષ નથી થતો. તે સ્વભાવ પ્રગટ કરવા માટે તો એટલું

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

બધું વેદન થતું કે જેનું વર્ણન થઈ શકે નહીં. **''એ તો વેદનાર પોતે જ જાણે.''** આત્માના વેદન આગળ કાંઈ ગમતું જ ન હતું તેમ તેઓ ફરમાવતા.

વિ. સંવત ૧૯૯૦ (ઈ.સ. 1934) માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ રાજકોટ સદરમાં હતું અને દૃઢ નિર્ણય એ વરસે કર્યો હતો કે આ વરસે તો પરિવર્તન જરૂર કરવું છે. એ વાત ફેલાઈ જવાથી વિરોધ થવા લાગ્યો, જેથી એકવાર જ પ્રવચન થતું હતું અને ધીરે ધીરે બંધ થઈ ગયા. જેથી પૂજ્ય બેન કહેતા કે ઘણી જ નિવૃત્તિ મળી હતી.

પૂજ્ય બેનશ્રી તથા પૂજ્ય બેન એમ બને બેનો સાથે બીજા ચાર બેનો રાજકોટ સદરમાં ચાતુર્માસ માટે ભાડે મકાન લઈ રહ્યા હતા.

પૂજ્ય ગુરુદેવના પ્રવચનો ઘણા સૂક્ષ્મ ચાલતા હતા, ત્યારે પૂજ્ય બેન કહેતા કે બુદ્ધિ ધારણાની હતી, જેથી ઘરે આવીને રાત્રે આખું પ્રવચન ધારેલું બધું તે બધા સાથે ચર્ચા એવી કરતા કે શબ્દે શબ્દ બોલી જતા.

પૂજ્યબેન કહેતા જ્યારથી આત્મવેદન ચાલતું હતું ત્યારે પ્રવચનોના ભાવ સાંભળતા સાંભળતા આ આત્મા સાથે મેળવવા તરફ પ્રયત્ન ચાલતો અને ધારણાબુદ્ધિ છૂટી ગઈ અને નક્કી થયું કે ધારણાબુદ્ધિ—ક્ષયોપશમજ્ઞાનથી આત્મા નહીં મળે. આચાર્યદેવ કહે છે તે રૂપ આત્મા સાથે બુદ્ધિ

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મેળવવાની રુચિ લાગી અને બીજું બધું ગૌણ થઈ જતાં અંતરમાં મંથન ખૂબ ચાલ્યા કરતું હતું. પૂજ્ય બેનને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તે પહેલાનું તેમનું મંથન છે. તેથી પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે આચાર્યદેવે અનુભવમાં કલમ બોળી બોળીને લખેલ છે. તે તો કમાલ કરી છે. આવી ગુરુરાજની વાણી સાંભળી ઘરે આવીને બંને બેનો ઘણો જ પ્રમોદ કરતા અને ચર્ચા–વાર્તા કરતાં કરતાં ભેદજ્ઞાનની અપૂર્વ મહિમા આવતા ઉલ્લાસ થતો હતો.

* ''એક દિવસ અષાડ વદ અમાસના શુક્રવારે'' બંને બેનો સવારે ફરતા હતા, રસ્તામાં પૂજ્ય બેનશ્રીએ સ્ફટિકનું દૃષ્ટાંત આપ્યું કે જે શ્રી સમયસારમાં આચાર્યદેવે ઘણી જગ્યાએ આપેલ છે.

જેમ સ્ફટિકમણિ સ્વભાવથી તો સફેદ જ છે, પરંતુ તેની સામે જાસુદ પુષ્પ ફૂલ રાખવાથી તેમાં લાલાશ દેખાય છે, પણ લાલાશ સમયે સ્ફટિક તો સફેદ છે. તેમ શુદ્ધાત્માને સ્વભાવથી જોઈએ તો શુદ્ધ જ છે. પણ તેમાં થતી રાગ–દ્વેષની પરિણતીને લઈને વર્તમાનમાં અશુદ્ધિ દેખાય છે. પરંતુ તેની અશુદ્ધ પરિણતી વખતે તેની સામે ન જોતાં શુદ્ધ ચૈતન્ય તરફ દ્રષ્ટિ દેતાં શુદ્ધાત્મા શુદ્ધ જ દેખાશે. પૂજ્ય બેનશ્રીએ બેનને ઘણી જ કૃપાદ્રષ્ટિથી આ વાત સમજાવીને કહી કે આ પ્રમાણે વિચારજો.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

✻ આટલી કૃપાદ્રષ્ટિથી પૂજ્યબેનની વિચાર શ્રેણી તે જ પ્રમાણે જોરશોરથી ચાલવા લાગી અને સાંજે લગભગ ચારેક વાગે રાગ–દ્વેષની પરિણતીથી જુદો શુદ્ધ ચૈતન્યદેવ એકદમ લક્ષમાં આવ્યો કે ''અહો! આ શુદ્ધ ચૈતન્યદેવ હું પોતે જ છું.'' એમ આખો આત્મા પ્રતીતિમાં આવ્યો, શુદ્ધ આત્મા રાગ–દ્વેષના ભાવોનું ભિન્નપણું એકદમ જણાયું.

આ હું આત્મા છું જેનું વેદન અત્યાર સુધી થતું હતું, અહો! આ આત્મા આત્મારૂપે ખ્યાલમાં આવ્યો. ''અત્યાર સુધી દેહ અને આત્માના એકપણામાં અંધારું જ દેખાતું હતું. તે આત્મા ખ્યાલમાં આવતાં, 'એકદમ ચૈતન્ય જ્યોત પ્રગટ થઈ.' ઉપયોગની દશા તો ઉલટ પુલટ થઈ ગઈ. અજ્ઞાનની દશામાં અને આ જ્ઞાનની દશામાં એકદમ અંતરમાં પલટો થઈ ગયો. અહો! શ્રી કેવળજ્ઞાનીનું સ્વરૂપ જણાણું, શ્રી મુનિરાજોનું સ્વરૂપ જણાણું અને ગુરુદેવનું સ્વરૂપ જણાયું.

અત્યાર સુધી એમ થતું હતુ કે ણમો અરિહંતાણં બોલીએ છીએ, પરંતુ શ્રી અર્હંતના આત્માનું સ્વરૂપ કેવું હોય તે તો કાંઈ ખબર જ ન હતી. આ આત્મા લક્ષમાં આવતાં શ્રી અર્હંતનું પૂર્ણ સ્વરૂપ આવું હોય તેમ બરાબર સમજાણું. પૂજ્ય ગુરુદેવ કહે છે કે પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. તે હવે બરોબર સમજાણું. અનંતા કેવળીઓનું સ્વરૂપ સમજાયું. શ્રી સિદ્ધ ભગવાનનું સ્વરૂપ

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સમજાણું. શ્રી મુનિવરોનું—પૂજ્ય ગુરુદેવનું સ્વરૂપ સમજાણું, પૂજ્ય ગુરુદેવનો આત્મા શું કરે છે તે સમજાણું.

## આસો વદી ચોથ—સમકિતદિન

આસો વદી ચોથ રળિયામણી રે લોલ
મંગળ મંદિરના ખૂલ્યા દ્વારજો
જ્ઞાયક પ્રભુ વેદીમાં બિરાજીયા રે લોલ.....(ટેક)
અરિહંત સ્વરૂપ નજરે નીહાળીયું રે લોલ.......
સિદ્ધ સ્વરૂપ નજરે નીહાળીયું રે લોલ.......
પરમેષ્ઠીનું રૂપ તેવું રૂપ જો
જિનેશ્વર લઘુનંદન સમ્યક્દ્રષ્ટિ છે રે લોલ. જ્ઞાયક
મોહ ગ્રંથી ટૂટી છે આજ રે લોલ,
પુરુષાર્થ પ્રખર કર્યો આજ જો,
સમ્યક જ્યોત ઝગમગાટ માત છે રે લોલ.......જ્ઞાયક
ગુરુવર સંગે રહી જ્ઞાયક ઘોળીયા રે લોલ......
હું પરમાત્મા છું કોલ કરાર કરીયા,
મહિમાવંત જ્ઞાયક પ્રભુ મળીયા રે લોલ......જ્ઞાયક
અચિંત્ય આનંદ અનુભવીયા રે લોલ,
સાક્ષાત્ ચૈનત્યરૂપ, અનુભવીયા,
અનંતગુણો આજે ઉછળીયા રે લોલ......જ્ઞાયક
જાજ્વલ્યમાન ચૈતન્ય જ્યોતિ જાગતી રે લોલ.....

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સાક્ષાત્ જ્ઞાયકરૂપ અનુભવીયા જો
અદ્ભૂત જ્ઞાયક ધારા પરિણમી રે લોલ.......જ્ઞાયક

હવે આત્માનું સ્વરૂપ લક્ષમાં આવતા મોક્ષનો માર્ગ એકદમ ચોખ્ખો હાથમાં આવી ગયો. આ રીતે ભેદજ્ઞાન થતાં જ્ઞાયક આત્મા આખો લક્ષમાં આવતાં પુરુષાર્થનો દોર સમ્યક પ્રકારે ચાલુ થયો.

પુરુષાર્થનો દોર હાથમાં આવ્યો એટલે ઉપયોગને સ્વરૂપમાં લીન કરવાનો પ્રયત્ન ચાલુ થયો. ભેદજ્ઞાન થયું. આત્મા લક્ષમાં આવ્યો. એમાં સંતુષ્ટ નથી. હજી મને નિર્વિકલ્પદશા પ્રાપ્ત થઈ નથી. ઉપયોગને સ્વરૂપમાં લીન કરવાનો પુરુષાર્થ ઘણો કરવો પડશે. નિર્વિકલ્પદશા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી સંતુષ્ટ થતો નથી. જ્યારે નિર્વિકલ્પદશા પ્રગટ થાય ત્યારે જ ખરેખર સમ્યગ્દર્શનનો ઉદય થાય છે. ત્યારે જ નિશ્ચયદશા પ્રાપ્ત થઈ કહેવાય.

આ લક્ષગતની પહેલી દશા એટલે પ્રયત્ન સારી રીતે કર્યો હતો. જ્યાં સુધી તે ખરેખર દશા પ્રગટ ન થાય ત્યાં સુધી ક્યાંય ચેન પડતું ન હતું.

જ્ઞાયકને જ્ઞાયકરૂપે રાખવા માટે પ્રયત્ન કરતાં કરતાં અઢી મહિના લગભગ પ્રયત્ન થયો. ત્યારબાદ તે જ સાલમાં જ વિ.સં. ૧૯૯૦ (ઈ.સ. 1934) ના આસો વદી ચોથને શુક્રવારે લગભગ રાત્રે દસ વાગતાં એકદમ ‘‘ઉપયોગ પરથી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

છૂટીને જ્ઞાયક આત્મામાં લીન થયો. અદ્‌ભૂત આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો. “અચિંત્ય આનંદ અનુભવાયો, ચૈતન્યદેવનું અનુપમ સ્વરૂપ અનુભવાયું.” આત્માનું ખરેખરું સ્વરૂપ અનુભવાયું, ખરો આનંદ અનુભવાયો. સાક્ષાત ચૈતન્ય સ્વરૂપ અનુભવાયું. સાક્ષાત્ સિદ્ધ સ્વરૂપ અનુભવાયું. “અનંત અનંત ગુણો ઉછળી નીકળ્યા.” અનંતગુણ સ્વરૂપ ચૈતન્ય અનુભવાયો ખરેખરો આનંદ અનુભવાયો. ખરેખર સમભાવ સ્વરૂપ સમાધિ સ્વરૂપ જ્ઞાયક આત્મા અનુભવાયો. “જાજ્વલ્યમાન ચૈતન્ય જ્યોતિ જાગ્રતરૂપે દેદીપ્યમાન કરતી અનુભવમાં આવી.” “સાક્ષાત્ જ્ઞાયક જ્ઞાયકરૂપે અનુપમ પરિણમન કરતો અનુભવાયો.” વાહ ! ચૈતન્યદેવ વાહ ! તારું સ્વરૂપ તો ખરેખર અદ્‌ભૂત છે. આ રીતે સાક્ષાત્ ચૈતન્યનો અનુભવ થતાં જ્ઞાયકધારા દ્રઢપણે પરિણમવા લાગી. ઉપયોગ બહાર આવતા એમ થયું કે જેના માટે વેદન થતું હતું, જેના માટે પ્રયત્ન હતો તે સ્વરૂપ પ્રગટ થયું. આ સ્વરૂપ પ્રાપ્ત થયે જ આત્મા પોતાની પૂર્ણદશા પ્રાપ્ત કરી પૂર્ણતાને પહોંચી શકે છે. પૂર્ણ આનંદ પ્રગટ કરે છે. ભવભ્રમણનો અંત પામી શકે છે.

જે પુરુષાર્થથી આ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે, તે એવી વિશેષતાપૂર્વક પ્રાપ્ત થયું છે કે સમ્યગ્દર્શનના ફળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થશે એવી અપ્રતિહત ધારાએ સમ્યગ્દર્શન

પ્રાપ્ત થયું છે.

આ પ્રમાણે પૂજ્ય બેન શાન્તાબેનને સમ્યગ્દર્શન થયું તેનું વર્ણન કરવા તેઓને શબ્દો ઓછા પડ્યા કે આ આનંદની શું વાતો કરવી કે આ આનંદના શબ્દો પોતે સ્વયં હસ્તાક્ષરોમાં લેખીત કર્યા.

## પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઉપકાર વ્યક્ત કરતા પૂજ્ય બેન દ્વારા

અપૂર્વ તત્ત્વને સમજાવનાર હે કહાન પ્રભુશ્રી! આપને મારા અત્યંત અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો......નમસ્કાર હો.

જે આત્મ સ્વરૂપ છૂપેલું હતું તેને આપે સ્વયં સમ્યક માર્ગે ચાલી બીજાને માટે ચલાવનાર પરમ પરુષાર્થ વડે કોઈ અદ્ભૂત આત્મસ્વરૂપનું જ્ઞાન કરી મહાન કૃપા વડે નિરંતર લાભ આપીને અથાગ ઉપકાર કર્યો છે.

હે કૃપાળુ કહાન ગુરુદેવ! આ આત્માની યોગ્યતા જ એવી હતી કે આપ જેવા પરમ જ્ઞાનીના તદ્દન નિકટના સમાગમ વડે “ચૈતન્ય પ્રભુ તીવ્રતાએ જાગે અને પરમ તત્ત્વને પામ્યો તે સર્વ સુયોગ પ્રભુ! આપના પ્રતાપે થયો એ મહિમા કોઈ અદ્ભૂત અને અપાર છે. આપના ઉપકારનો બદલો કોઈ પણ રીતે થઈ શકે તેમ નથી.

હે શ્રી સદ્ગુરુદેવ! આપને મારા પરમ ભક્તિથી અનંત અનંત વંદન હો, વંદન હો.......

જ્યાં સુધી પૂર્ણ જ્ઞાયકદશા પ્રાપ્ત નથી, ત્યાં સુધી અલ્પ રાગ–દ્વેષના પરિણામ છે ખરા પરંતુ પ્રયત્ન કરતાં કરતાં પૂર્ણ વીતરાગ સર્વજ્ઞદશા પણ જરૂર આવશે; એમ અંતર– આત્મા કોલકરાર કરે છે.

પૂજ્ય બેનશ્રી પ્રત્યે ઉપકાર :—પૂજ્ય બેન દ્વારા

હે પરમ કૃપાળુ બેનશ્રી! પરમાર્થ દ્રષ્ટિ વડે કૃપા કરી નિરંતર આ સેવકને લાભ આપીને અથાગ ઉપકાર કર્યો છે કે તેઓની સાધક દશામાં વૃદ્ધિ કરતા; એવા પવિત્ર આત્માઓની છત્રછાયામાં રહી આ આત્માની સાધકદશામાં યથાયોગ્ય વૃદ્ધિ પામી અચિંત્ય ભગવાન આત્માના સ્વરૂપમાં નિઃશંકતા આવી કે ચૈતન્ય પ્રભુ જાજ્વલ્યમાન જ્યોતિ સ્વરૂપે નિજાનંદમાં ડોલી ઉઠ્યો નિજ સ્વરૂપમાં રમી રહ્યો તે ઉપકાર આપનો છે.

રાગ–દ્વેષના અલ્પ પરિણામ આવે છે ખરા, પરંતુ આત્માની જ્ઞાયક સમાધિ સાથે સાથે જ રહે છે. જ્ઞાયક સમાધિની મુખ્યતા રહે છે અને રાગ–દ્વેષના ભાવ વેદનમાં ગૌણતા રહે છે.

આપે જ પરમ કૃપાળુ શ્રી સદ્ગુરુદેવને ‘‘આત્મસ્વરૂપની પ્રાપ્તિ’’નો સંદેશો લખી મોકલ્યો હતો

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**કે—આ શાન્તાબેનને અષાડ વદ અમાસથી કોઈ અલૌકિક પુરુષાર્થધારા વર્તી રહી હતી. તે પુરુષાર્થથી આસો વદ ચોથની રાત્રિએ કોઈ અપૂર્વ ફળ આવ્યું છે. અનંત અવ્યાબાધ સુખને આપનાર એવું ''આત્મ સ્વરૂપ'' પ્રાપ્ત થયું છે.**

હે કૃપાળુ! આપનો ઉપકાર પણ કદી ભૂલાય તેમ નથી.

પૂજ્ય ગુરુદેવ પરિવર્તન કરીને સોનગઢમાં જ સ્થાયી થઈ ગયા અને બંને બહેનો પણ ત્યાં જ સ્થાયી થઈ ગયા હતા.

વિક્રમ સંવત ૧૯૯૦ (ઈ.સ. 1934) ચાતુર્માસ રાજકોટમાં ઘણી ઘણી વધામણી સાથે પુરું કરી કેટલાક ગામ ફરીને વિક્રમ સંવત–૧૯૯૧ (ઈ.સ. 1935) ફાગણ વદ ત્રીજના દિવસે પૂજ્ય ગુરુદેવ ઘણાં ઘણાં પરિષહ સહીને આ સિંહ ક્રિડીય કાર્ય કરીને સોનગઢમાં મંગળ મુહૂર્તે પધાર્યા ત્યારે પણ પૂજ્ય શાન્તાબેનનું ઘણું જ યોગદાન રહ્યું હતું.

પૂજ્ય ગુરુદેવે દિગંબરોના મૂળ શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરીને પોતાના જ્ઞાનમાં નિર્ણય કર્યો કે શ્રી દિગંબર જૈન ધર્મ જ સાચો ધર્મ છે. અનાદિનો તે જ ધર્મ ચાલ્યો આવે છે. અનંત તીર્થંકરો એ રાજમાર્ગે ચાલીને મોક્ષ પામ્યા છે અને અનંત તીર્થંકરોએ આ દિગંબર માર્ગને જ સ્થાપ્યો છે. આવો દ્રઢ નિશ્ચય થવાથી પૂજ્ય ગુરુદેવે સ્થાનકવાસી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સંપ્રદાયનું ચિહ્ન જે મુહપતિ તેનો સોનગઢમાં ચૈત્ર સુદ ૧૩ ના મહામંગળ દિને એટલે શ્રી મહાવીર ભગવાનના જન્મ કલ્યાણકના દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુના ફોટા સામે મુહપત્તિનો ત્યાગ કર્યો અને ''હું બાલ બ્રહ્મચારી છું'' તેવું પોતાનું પદ દિગંબર ધર્મ અનુસાર જાહેર કર્યું. આવું પરિવર્તન તો કોઈ સિંહ પુરુષ જ કરી શકે કે જે ઘણા પુરુષાર્થથી આ પુરુષે કર્યું છે.

જેના ફળ સ્વરૂપ દિગંબર સત્તધર્મનો કોઈ અદ્‌ભૂત ફેલાવ થયો છે. જેનું મૂલ્ય અંકાય તેમ નથી. નાના બાળકોથી વયોવૃદ્ધ ભાઈ—બેનો પૂજ્ય ગુરુદેવની સત્ય વાણીનો આદર કરતા અને સત્તધર્મની રુચિ ધરાવતા થઈ ગયા છે.

આ પંચમકાળે વીતરાગી સત્તધર્મની પ્રભાવના આવો અદ્વિતીય પુરુષ જ કરી શકે. સામાન્ય મનુષ્યનું કામ નથી. આવા પરમ પુરુષના પ્રતાપે અનંતકાળથી પોતાના આત્માને જાણ્યો ન હતો તે આત્મા જાણતાં ઘણા જીવોને મુક્તિની પાત્રતા પ્રગટ થતાં આત્મા જાણ્યો—અનુભવ્યો અને ભવભ્રમણથી મુક્ત થયા.

પૂજ્ય બંને બેનોનો એવો સુમેળ મળવાથી તેઓ સોનગઢ સાથે સાથે એવા શુકને આવ્યા અને સાથે સાથે રહેવા લાગ્યા. અને ગુરુદેવ પ્રત્યે એવી ભક્તિથી અંતર—બાહ્ય દ્રષ્ટિથી ધાર્મિક લાભ લઈ રહ્યા હતા. એ સમયે બંને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

બેનોની પાત્રતા જોતાં પૂજ્ય ગુરુદેવે કહ્યું કે ‘‘બંને બેનો મોક્ષના મોતી છે.’’ નિકટ મોક્ષગામી છે. તેમ છતાં પણ બંને બહેનોની પરીક્ષા ઘણી ઘણીવાર ઉલટ–પુલટથી કરી હતી. છતાં પણ પૂજ્ય ગુરુદેવે પાંચ પ્રશ્નો પોતાના જ હસ્તાક્ષરોથી લિખીત મોકલ્યા અને કહ્યું કે બંનેએ જુદા જુદા બેસીને, શાસ્ત્રજીના આધાર વગર અને સ્વઅનુભવના આધારે સમય મર્યાદામાં જે જવાબ આવે તે તુરત લખી મોકલવા.

૧) ગુરુના ઉપદેશ દ્વારા હેય-ઉપાદેય તત્ત્વોમાં અર્થાત્ સ્વપરના ભેદવિજ્ઞાનમાં બુદ્ધિને સ્થિર કરવી.

૨) ચિત્તને મોહ ક્ષોભ રહિત કરવું, અર્થાત્ રાગ-દ્વેષાદિ વિકલ્પોથી વિક્ષિપ્ત ન કરવું.

૩) પ્રમાદનો ત્યાગ કરી એકાંતમાં આત્મસ્વરૂપનો અનુભવનો અભ્યાસ કરવો.

૩૮

# પૂજ્ય ગુરુદેવના હસ્તાક્ષરોમાં પાંચ પ્રશ્નો
## (હસ્તાક્ષરોની કોપી)

સહજ ૐ ચિદાનંદ

૧. અગુરુ લઘુની વ્યાખ્યા શી રીતે કરી
શકો છો?

૨. જ્ઞાન સવિકલ્પ છે તો અનુભવ વખતે
સવીકલ્પ કઈ રીતે છે તેની ઘટના કઈ રીતે છે.

૩. સર્વજ્ઞની વ્યાખ્યા તમારી ભાષાથી
કેવી રીતે થઈ શકાય છે,

૪. બીજા વેદાંતાદિ કરતાં જૈનનું જુદાપણું
મુખ્ય મુદા સહીત શું માન્યતામાં છે,

૫. આત્મ આનંદ અને નિર્વીકલ્પતામાં
ભેદ અથવા કાળનું આંતરૂ શું છે,

તે પ્રશ્ન પાંચે તરતનું જવાબ આપ
ના લખવા
સર્વોત્કૃષ્ટ પણે તમારી ભાષાથી કઈ
રીતે કરો છો,
બને એ જુદ જુદ લખવું.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org




બંને બેનોએ પોતાના સ્વાનુભવથી જ જવાબ લખી મોકલ્યા હતા. પૂજ્ય બેન કહેતા હતા કે અમારા બંને આત્માના સમ્યગ્જ્ઞાનની ઘણી પરીક્ષા કરી હતી પરંતુ આ મહાપુરુષ પૂજ્ય ગુરુદેવના પરમ પ્રતાપે અમે બંને આત્મા પરીક્ષામાં પાસ થઈ ગયા હતા અને પાર ઉતરી ગયા હતા.

卐

## પૂજ્ય ગુરુદેવે લીખીત આશીર્વાદ આપ્યા.

પૂજ્ય ગુરુદેવના હસ્તાક્ષરોમાં


સમ્યગ્જ્ઞાન
બન્ને બેનને
સમ્યગ્જ્ઞાન છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

સોનગઢમાં શરૂ શરૂમાં પૂજ્ય ગુરુદેવ એક જ વાર વ્યાખ્યાન કરતાં હતા, તે સાંભળવા બંને બહેનો જતાં અને વ્યાખ્યાન પછીનો સમય આત્મ સાધના માટે બંને બેનો બે–ત્રણ કલાક બેસીને જ્ઞાયકભાવની વિશેષ વૃદ્ધિ માટે જિનમંદિરમાં ધ્યાનમાં બેસતા હતા અને બાકીનો સમય શાસ્ત્ર સ્વાધ્યાયમાં વ્યતીત કરતા.

વિ. સંવત ૧૯૯૪ માં (ઈ.સ. 1938) સ્વાધ્યાય મંદિરની સ્થાપના થઈ અને પૂજ્ય શ્રી ગુરુદેવે ત્યાં સ્થાયી થઈને વાસ કર્યો.

મંગળમુહૂર્તે પૂજ્ય ગુરુદેવ સોનગઢમાં સ્વાધ્યાય મંદિરમાં સ્થાયી થઈ ગયા અને પૂજ્ય ગુરુદેવના પ્રવચનો નિયમિત શ્રી સમયસાર પર શરૂ થયેલા. આ પ્રવચનો અદ્ભૂત આવતા હોવાથી બંને બેનોને આ વાણીની એટલી કિંમત લાગી કે વાણીના રસપાન કરતા અને ઘરે આવીને પૂજ્ય ગુરુદેવની વાણી અક્ષરઃસહ નોટ લખવાની શરૂ કરી હતી અને પૂર્ણ થતાં તે લખાણનું પુસ્તક સૌ પ્રથમવાર છપાય ને બહાર આવ્યું. જે ''સમયસાર પર ગુરુદેવના પ્રવચનો'' નામે પ્રસિદ્ધ છે.

વિ. સંવત ૧૯૯૫ માં (ઈ.સ. 1939) પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત શત્રુંજય તીર્થની યાત્રાએ પાંચ પાંડવોના દર્શનાર્થે પધાર્યા ત્યારે ૩૦૦ થી ૪૦૦ મુમુક્ષુ ભાઈ–બેનો સાથે હતા.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પાલીતાણામાં શ્રી દિગંબર જૈન મંદિરમાં શ્રી દિગંબર જિનપ્રતિમાજીના દર્શન કરતાં કરતાં બંને બેનોએ એવી ભાવના ભાવી કે આપણને સાક્ષાત્ ભગવાનના તો વિરહ પડ્યા પણ અત્યારે રહીએ છીએ ત્યાં પ્રતિમાજીના દર્શન પણ નથી.

બંને બેનોની ભાવના પૂજ્ય ગુરુદેવ પાસે પહોંચી ગઈ, તો પૂજ્યશ્રીએ કહ્યું કે વાત તો તદ્દન સાચી છે. ભાવના ભાવો.

બંને ભગવતી માતાઓના આત્માને કોઈ એવો સહજ સંબંધ વર્તતો હતો કે બંને દ્રવ્યો જુદા હોવા છતાં બંનેની ચૈતન્ય પરિણતી ઘણી ઘણીવાર એકી સાથે એક સરખી જ અમુક પ્રકારે પરિણમન થયું હતું તથા ઘણીવાર એક સાથે સરખા વિચારો આવતા તેમજ શરીર સંબંધી અસાતા–સાતાનો ઉદય એક સરખો અને એકી સાથે પરિણમન થતું હતું. આ યુગોના સંબંધ બતાવે છે. આ પ્રકાર જોઈને પૂજ્ય ગુરુદેવ પણ કહેતા હતા કે બંને દ્રવ્યો જુદા છે, પરંતુ આત્મા જાણે એક જ છે.

વિ. સંવત ૧૯૯૫ માં (ઈ.સ. 1939) રાજકોટ પૂજ્ય ગુરુદેવ પધાર્યા, ત્યાં નાનાલાલભાઈ જસાણી તથા જડાવબેન ને બંને બેનોએ શ્રી જિનમંદિર નિર્માણની ભાવના ભક્તિ દ્વારા વ્યક્ત કરી. સોનગઢમાં મંદિર બંધાવો કે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



નાનાલાલભાઈ.......તે વાત નાનાલાલભાઈએ ખૂબ પ્રેમથી સ્વીકારી અને સોનગઢમાં મંદિર બંધાવવું તેમ ઉલ્લસિત ભાવે નિર્ણય કર્યો. બંને બેનોનો તો હર્ષ ઉભરાય ગયો એટલી ખુશી થઈ.

વિ. સંવત ૧૯૯૬ માં (ઈ.સ. 1940) રાજકોટથી સોનગઢ પધારતા પહેલા શ્રી ગિરનાર તીર્થધામની યાત્રા પૂજ્ય ગુરુદેવે સંઘ સહિત ખૂબ જ ભક્તિભાવના પૂર્વક કરી. બાલ બ્રહ્મચારી તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાનના ત્રણ—ત્રણ કલ્યાણક જ્યાં થયા હતા એવા મહા પવિત્ર તીર્થક્ષેત્રની યાત્રા કરતાં પૂજ્ય ગુરુદેવને અપૂર્વ ભાવો સ્ફુરાયમાન થયા હતા. (પૂજ્ય ગુરુદેવે ભજન ગાયેલું —મારા નેમ પિયા.... ગિરનારી ચાલ્યા....) સહસ્રામવનમાં પૂજ્ય ગુરુદેવને અપૂર્વ ભાવો આવવાથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. બંને બેનોને તો યાત્રા દરમ્યાન રોમે રોમ ઉછળી પડતા હતા કે આવી વીતરાગતા પ્રભુની. આવી યાત્રા કરીને પૂજ્ય ગુરુદેવ સોનગઢ પધાર્યા, તે જ વર્ષે શ્રાવણ સુદ તેરસના શ્રી નાનાલાલભાઈ દ્વારા શ્રી દિગંબર જિન મંદિરના શિલાન્યાસનું કાર્ય શરૂ કર્યું અને શ્રી વીતરાગી ભગવાનના ભેટા જલદી જિનમંદિરમાં થાય એવા હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થયું અને ટૂંક સમયમાં શ્રી જિનમંદિરનું નિર્માણ થઈ ગયું.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

શ્રી જિનમંદિરમાં બિરાજમાન કરવા માટે જયપુરથી પ્રતિમાજી લાવવા માટે પૂજ્ય ગુરુદેવે બંને બેનોને આજ્ઞા કરી કે તમે બંને બેનો વીતરાગી ભાવવાહી પ્રતિમાજીને ઓળખી શકશો. જેથી વીતરાગી ભાવવાળા પ્રતિમાજી લઈ આવો. પ્રતિમાજી લેવા બંને બેનો જયપુર ગયા અને પ્રતિમાજી વાળાને ત્યાં ગયા તો ત્યાં એ ત્રણ પ્રતિમાજી જાણે તૈયાર જ હતાં. શ્રી સીમંધર સ્વામી—શ્રી શાન્તિનાથ તથા શ્રી પદ્મપ્રભુ આ ત્રણેય પ્રતિમાજી દેખીને બંને બેનો તો એવા નાચી ઉઠ્યા જાણે આપણા માટે જ તૈયાર હોય? એટલો આનંદ થયો કે જાણે ભગવાન ભેટ્યા. વીતરાગી ભાવની પુષ્ટિનું નિમિત્ત વીતરાગી પ્રતિમાજી નિહાળતા અંતરમાં અપાર શાન્તિ થઈ ગઈ—પ્રફુલિતતા આવી અને હવે ભગવાનના દર્શન દરરોજ મળશે, એ પ્રકારે સંતોષ થયો. ત્રણેય પ્રતિમાજીને ટ્રેનમાં સાથે જ એટલી જતનાપૂર્વક સોનગઢ લાવ્યા.

પૂજ્ય ગુરુદેવને પણ મંગળ આગાહી આવતા ઝગમગ ઝગમગ કરતી ત્રણ લાઈટ જોતા બોલ્યા કે બેનો ત્રણ પ્રતિમાજી લઈને આવી રહ્યા છે. પૂજ્ય ગુરુદેવ પણ જોઈને સ્તબ્ધ થઈ ગયા અને તેઓને એવા ભાવ આવ્યા કે વાહ! વીતરાગી તારી મુદ્રા! હે નાથ! તારા સાક્ષત્ દર્શનના તો વિરહા પડ્યા પરંતુ તારા પ્રતિમાજીના દર્શનથી સંતોષ

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



માનીશું અને ધર્મઆરાધના કરી તારા સાક્ષાત્ દર્શન પામીશું. આવા ગદગદતા હૃદયે ભાવના ભાવી.

ભગવાનના પંચ કલ્યાણક શરૂ થતાં તો બધાને આનંદ જ કોઈ અનેરો હતો ત્યારે આ મહાપુરુષોને એવા ભાવ ઉલ્લસતા હતા કે જાણે સાક્ષત્ કલ્યાણક થતાં હોય એવો આનંદ હતો.

વિ. સંવત ૧૯૯૭ ની સાલમાં (ઈ.સ. 1941) ફાગણ સુદ બીજના દિવસે ધામધૂમથી શ્રી સીમંધરાદિ ભગવંતોના પંચકલ્યાણક મહોત્સવ સંપન્ન થયો. શ્રી જિનમંદિરમાં ભગવંતો પધાર્યા, ત્યારે બધાએ એકી સાથે પધારો ભગવાન પધારો એવા જયનાદના સૂરોથી સ્વાગત કરતાં એ સમયે પૂજ્ય ગુરુદેવને એવા ભાવ આવ્યા કે સીમંધરાદિ ભગવંતોના સન્મુખ સાષ્ટાંગ નમસ્કાર કરતાં લાંબા થઈને કર્યા અને આંખો તો હર્ષના અશ્રુથી ભરાઈ આવી.

શ્રી જિનેન્દ્રદેવના પ્રતિમાજીનો મહિમા જ કોઈ અદ્ભૂત છે. સૌરાષ્ટ્રમાં પ્રથમવાર શ્રી સીમંધર ભગવાન પધારતાં પૂજ્ય ગુરુદેવ ભાવવિભોર થઈને ગાવા લાગ્યા કે :—

અમીય ભરી મૂર્તિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાન્ત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય,
સીમંધર જિન ! દીઠા લોયણ આજ........
મારા સિધ્યા વાંછિત કાજ........

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બંને બેનો એવા ભાવ વિભોર થઈને કહેતા કે વીતરાગી ભગવંતોનો ઘણો આદરભાવ આવે છે અને પોતાના વીતરાગ ભાવની નજીક જવાય છે. એવા અદ્‌ભૂત ભાવો સ્ફુરાયમાન થતા રોમરોમ ઉલ્લસી જાય છે.

ગુરુદેવની ઉપસ્થિતિમાં બંને બહેનો દર્શન–પૂજનના નિત્યક્રમ મુજબ દરરોજ બપોરે પૂજ્ય ગુરુદેવના પ્રવચન બાદ જિનમંદિરમાં શ્રી સીમંધર ભગવાનની પ્રતિમાજી સામે એવા ભાવવિભોર થઈને એકરસથી ભક્તિ કરાવતા હતા. બંને બેનોને શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે એટલો અપાર મહિમા ઉછળતો હતો કે દરરોજ જિનમંદિરમાં સમૂહમાં પૂજન–ભક્તિ કરાવવાનો નિત્યક્રમ થઈ ગયો હતો અને પૂ. ગુરુદેવ પણ દરરોજ બપોરના પ્રવચન પછી સીમંધર જિનાલયમાં ભક્તિમાં ઉપસ્થિત રહેતા.

પૂજ્ય ગુરુદેવના પ્રતાપે ગામેગામ શ્રી જિનમંદિર નિર્માણ થયાં. તેમાં ૩૩ પંચકલ્યાણક પ્રતિષ્ઠા અને ૩૩ વેદી પ્રતિષ્ઠા થઈ હતી. જે એક ઐતિહાસિક પ્રસંગો બની ગયા છે કે જેમણે પ્રત્યક્ષ લાભ લીધો હશે તે આ આનંદને અનુભવતા હશે. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવતી માતાઓએ એવા તન–મન–ધનથી પ્રાણ પ્રતિષ્ઠામાં અગ્રેસર રૂપે લાભ લીધો હતો ત્યારે પોતાના શરીરની પણ પરવા કરતા નહીં.

જેને ભગવાન આત્માના દર્શન થયા હોય તેઓ જ સાચા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વીતરાગી ભગવાન પ્રત્યે ભક્તિભાવ સત્ય હૃદયથી કરી શકે છે.

પંચકલ્યાણક પ્રસંગે પ્રતિષ્ઠાચાર્ય પણ પૂજ્ય બંને બહેનોના ભક્તિભાવનો ઉછાળો જોઈને કહેતા હતા કે બેનજી.......! ઐસા ભાવ આજ તક મૈને કિસીકા દેખા નહીં હૈ આપ દોનો તો કોઈ નિકટ મોક્ષગામી હો ઐસા લગતા હૈ.

## નિશ્ચય પંચ કલ્યાણક

## પૂ. બેન શાન્તાબેનના શ્રીમુખે

ભગવાનના પંચ કલ્યાણકની બધી વિધિ હોય તેમજ આત્માના પંચ કલ્યાણકની બધી વિધિ કરવી.

જેમ આત્માનું દર્શન—જ્ઞાન—ચારિત્ર—તપ કલ્યાણક કરે તો ભગવાન આત્મા વેદી પર બિરાજમાન થઈ જાય. ગર્ભ અને જન્મ તો શરીરના કલ્યાણક છે. આ તો આત્માના દર્શન—જ્ઞાન—ચારિત્ર—તપ કલ્યાણક કરવા, મુનિદશામાં તપકલ્યાણક કરવા જેથી ભગવાન બિરાજમાન થઈ જાય એજ નિશ્ચય કલ્યાણક છે.

શરીર ગર્ભમાં આવ્યું—જન્મ થયો, એ શરીરનો જન્મ થયો. એ બધું વ્યવહાર કલ્યાણક છે.

જેમ શરીરનો જન્મ થયો એ જન્મ કલ્યાણક છે, તેમ આત્માના કલ્યાણક કરવા કે સમ્યગ્દર્શન થયું—જ્ઞાન થયું એ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

દર્શનજ્ઞાન થયું એ જન્મ કલ્યાણક છે. કે આ ચેતનાનો જન્મ થયો, સહ અંતરથી ચારિત્રની સ્થિરતા પ્રગટ કરવી એ તપ કલ્યાણક થયું. એ ત્રણ કલ્યાણક થાય એટલે ભગવાન બિરાજમાન થઈ જાય, એવી સ્થિરતા થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય જ. એટલે ચૈતન્યદેવ સાક્ષાત્ વેદીમાં બિરાજમાન થઈ ગયા.

શ્રી જિનમંદિર બન્યું અને શ્રી વીતરાગીદેવ પ્રત્યે બહુમાન ભક્તિ ઉછળતા પૂજ્ય ગુરુદેવની વાણી સાંભળવા મુમુક્ષુઓના ટોળેટોળા ઉમટતા હતા. પૂજ્ય ગુરુદેવે દિગંબર શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો હતો અને સભામાં ૧૯ વાર શ્રી સમયસાર શાસ્ત્ર પર પ્રવચનો કર્યા છે, જે પ્રવચનો ૯ હજારની સંખ્યામાં કેસેટોમાં સંગ્રહિત થયેલાં છે અને આજે પણ ઉપલબ્ધ છે. તેનો સુયશ શ્રી નવનીતભાઈ ઝવેરીનો અનુપમ ઉપકાર છે. એ કેસેટોના માધ્યમથી પૂજ્ય ગુરુદેવની વાણી પરોક્ષ રીતે સાંભળતા હોય એવા ઘણાના જીવનમાં પરિવર્તન હજી પણ થયા જ કરે છે. દરેક મંદિરોમાં આ વાણીનો ક્રમ નિયમિતતાથી મુમુક્ષુઓ લાભ લઈ રહ્યા છે.

પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાંથી ચૈતન્ય ભગવાનની અદ્ભૂત વાત સાંભળીને દરરોજ સવારે શ્રી જિનમંદિરમાં પૂજ્ય ભગવતી માતાઓ ધ્યાનમાં એકદમ લીનતામાં બેસતા હતા. શ્રી જિનેન્દ્ર દેવની ધ્યાનસ્થ મુદ્રાની છત્રછાયામાં

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ચૈતન્ય સ્વરૂપ લીન થઈ જતા, ત્યારે ઘરે પાછું આવવાનું મન થતું નહીં. પૂજ્ય બેન ઘરે આવીને પૂજ્ય બેનશ્રીને કહેતા કે જ્ઞાયક આત્મામાં લીન થવાથી સુખ અને શાન્તિ લાગે છે. જ્ઞાયક સિવાય બીજા વિકલ્પમાં જરા પણ સુખ ભાસતું નથી. દુઃખ જ લાગે છે, તેમાં સુખ ક્યાંથી ભાસે? જેમ જેમ જ્ઞાયકમાં લીનતા વધે છે, તેમ તેમ જ્ઞાયકની તીવ્રતા થતી જાય છે. જ્ઞાયકની તીવ્રતા જ રુચિકર લાગે છે. આવી આવી વાતો ઘણીવાર કહેતા.

વિ.સં. ૨૦૦૯ માં (ઈ.સ. 1953) કલકતાના શેઠશ્રી વછરાજજી ગંગલાલજી પહેલીવાર સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય બંને બેનોના જીવન જોઈને ઘણાં પ્રભાવિત થયા અને તેઓએ શ્રી જિનમંદિરની નજીકમાં વિશાળ જગ્યા ખરીદી. બાલ બ્રહ્મચારી બહેનો માટે બ્રહ્મચર્યાશ્રમનું નિર્માણ કર્યું. **''શ્રી દિગંબર જૈન ગોગીદેવી શ્રાવિકા બ્રહ્મચર્ય આશ્રમ''** ઈ.સ. 1953 માં મહા સુદ પાંચમના શુભ દિવસે પૂજ્ય ભગવતી યુગલ માતાઓ સોળ બાલ બ્રહ્મચારી બહેનો સાથે આશ્રમમાં પ્રવેશ કર્યો. ભગવાનના પાડોશી થવાથી આશ્રમમાં બંને બેનોનું મન ઠરી ગયું. ત્યાં જ સ્થાયી રહીને આત્મારાધના કરવા લાગ્યા. ત્યારપછી બ્રહ્મચારી બહેનો વધતાં વધતાં ચોસઠથી વધારે સંખ્યામાં બહેનો ત્યાં રહેવા લાગ્યા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્ય બેન શાન્તાબેન દિનચર્યા

જ્ઞાનીઓની દિનચર્યા પણ એક આદર્શરૂપ હોય છે. પૂજ્ય બેન ઘણીવાર કહેતા કે આખા દિવસની દિનચર્યા સહજતાથી જ થતી હોય છે. પરંતુ તેમાં પણ પ્રયોજન એક જ હોય છે કે મારો જ્ઞાયક.......મારો જ્ઞાયક. શરીરની ક્રિયામાં પણ શરીરથી જુદો મારો જ્ઞાયક આત્મા જાણવો જોઈએ, એ પણ સહજતા હોવી જોઈએ.

પૂજ્ય બેનની દિનચર્યામાં સૌ પ્રથમ વહેલી સવારે ૪.૩૦ થી ૫.૩૦ એકાંતમાં બેસી ધ્યાનસ્થ મુદ્રામાં જ્ઞાયકપ્રભુનું સ્મરણ કરતા, જેમાં ઘણી વાર શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ સંબંધીના ભાવો હૃદયમાં વસી ગયા હોય તેનું ચિંતવન કરતા. પૂજ્ય ગુરુદેવના પ્રવચનોમાંથી ચૈતન્યદેવની મીઠી મધુરી વાત લાગી ગઈ હોય તેના ચિંતવનથી સહજતાથી મનશુદ્ધિ થાય. આવી દશા જ્ઞાનીઓની સહજતાથી હોય છે. ત્યારપછી,

શારીરિક કાર્યશુદ્ધિથી નિવૃત્ત થઈ, શ્રી જિનેન્દ્રદેવના પૂજન માટે,

૬.૩૦ થી ૭.૩૦ જિનમંદિરે પધારે અને શ્રી જિનેન્દ્રદેવનો એટલો મહિમા આવે કે બધા બ્રહ્મચારી બહેનો સાથે સમૂહ પૂજન દિન પ્રતિદિન નિયમિત એવા ઉલ્લસિત ભાવે કરાવતા કે જેમાં ઘણાં ઘણાં મુમુક્ષુઓ પણ ભાગ લેતા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

કે પૂ. બેનના ભાવો શ્રી જિનેન્દ્રદેવ પ્રત્યે કેવા ઉછળતા જોઈ, બધાને શ્રી જિનેન્દ્રદેવ પ્રત્યે બહુમાન આવે. પૂજન પછી ઘરે આવી, દૂધ વાપરી તુરત બંને બહેનો સાથે સાથે પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં ૧૦ થી ૧૫ મીનીટ પહેલા પહોંચતા હતા.

સવારના ૮ થી ૯ પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં એવા ટગટગી લગાવીને બંને બહેનો આગળ સ્ત્રીઓની હારમાં સૌથી આગળની હરોળમાં મુખ્ય શ્રોતા તરીકે બેસતાં અને તેઓની પાછળ બીજા બહેનો પણ તેઓનું અનુકરણ કરી, એ પ્રમાણે બેસતા. પ્રવચન બાદ :—

પૂજ્ય ગુરુદેવના આહાર માટે ચિકિત્સા કરવા પૂજ્ય ગુરુદેવના ભોજનશાળામાં પધારતા હતા. પૂજ્ય ગુરુદેવના આહાર માટે દરેક બ્રહ્મચારી બેનોના લાભ હેતુથી, બે–બહેનો વારાફરતી તેઓની સૂચના મુજબ રસોઈ બનાવવા જતા. પૂજ્ય ગુરુદેવ પ્રત્યે પણ કેટલો અહોભાવ કે આહારમાં તેઓશ્રીને શારીરિક અનુકૂળતા મુજબ થવો જોઈએ. બંને માતાઓ કહેતા કે આપણાં જીવન આધાર ગુરુદેવની વાણી છે, તો તે અખંડરૂપ આપણને વાણીનું રસપાન મળે તે હેતુથી આહાર સંબધી પણ ઘણી ચિકિત્સા રાખતા અને જૈનધર્મનો પ્રચાર–પ્રસાર ગુરુરાજના પ્રતાપે થાય એવી ભાવના હતી ત્યારબાદ :—

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સવારના ૧૦ થી ૧૦.૪૫ સુધી શ્રી જિનમંદિરમાં બંને બહેનો એકાંતમાં ધ્યાનમુદ્રામાં બેસી પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં નવો ન્યાય આવ્યો હોય અને તે આત્માને ટચ થયો હોય એવા ભાવથી જ્ઞાયકપ્રભુનું ચિંતવન કરતા હતા. આ દૃશ્ય તો જોવા ઘણા બહેનો તડપતા હતા. આ સમયે જિનમંદિરમાં લગભગ બંને બહેનો જ એકાંતથી બેઠા હોય. ત્યારપછી સમય થતા બંને બહેનો ઘરે આવવા નીકળે, ત્યારે આપસમાં બંને બોલે કે ઘરે જવું ગમતું નથી, પણ શું કરીએ ?

૧૧ થી ૧૧.૩૦ સુધી વિશ્રામ લઈને બંને બહેનો સાથે બેસી આહાર લેતા, તેઓશ્રીના આહાર માટેની સંભાળ પણ બ્રહ્મચારી બહેનો યથાવત કરતા. આ બંને માતાઓના જીવન ઘડીયાળના સમય અનુસાર બરોબર નિયમિત હતા. આહાર પછી તેઓ બેસતા અને પૂજ્ય ગુરુદેવના સાંજના આહારની સૂચના બ્ર. બેનોને કરતા. પૂજ્ય ગુરુદેવના પણ પુણ્ય પ્રતાપે આહાર શુદ્ધિ–મર્યાદામાં રહે એ પ્રમાણે દરરોજ તાજા મસાલા, લોટ, ઘી, તેલ, દૂધ આ વસ્તુ બધી મર્યાદા અનુસાર જળવાઈ રહે તે પ્રમાણે બંને બેનો બ્રહ્મચારી બેનોને સૂચિત કરતા અને બપોરના પ્રવચન પછી જિનમંદિરમાં ભક્તિ નિયમિત થતી હતી. તે વખતે કઈ ભક્તિ કરવી તે નક્કી કરતાં. પૂજ્ય ગુરુદેવ પણ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જિનમંદિરમાં નિયમિત ભક્તિમાં પધારતા હતા ત્યારબાદ

૧.૩૦ થી ૨ વિશ્રામ કરતા અને ત્યારબાદ નિજ સ્વાધ્યાય કરતા

અને ૩ થી ૪ પૂ. ગુરુદેવના પ્રવચનો પણ એવા ઉલ્લસિતભાવે સાંભળતા હતા કે કોઈ કોઈવાર તેઓને પ્રવચન દરમ્યાન નિર્વિકલ્પદશા પણ આવી જતી હતી. તેવું બંને બેનો બ્રહ્મચારી બેનોને વાત કરતા હતા.

૪ થી ૪.૪૫ શ્રી જિનેન્દ્ર ભક્તિ પણ એવી કરાવતા કે પૂજ્ય ગુરુદેવના પ્રવચનો અનુસાર તેમજ પર્વ અનુસાર ભક્તિ કરાવતા હતા કે બધાને ખૂબ જ આનંદ આવતો હતો. નાના બાળકો તો પ્રવચનમાં આવે નહીં, પરંતુ આ બંને બેનોની ભક્તિની ધૂન જોવા જિનમંદિરે અવશ્ય આવતા.

ભક્તિ પછી પાછા પૂજ્ય ગુરુદેવના આહાર સંબંધી ચિકિત્સા કરવા જતા હતા. આમ 'ગુરુ' પ્રત્યેની ભક્તિ કેવી હોય એ પ્રત્યક્ષ જોવા મળતું હતું.

ત્યારપછી ફરીથી ૩૦ મિનિટ માટે શ્રી જિનમંદિરમાં બેસતા, આ સમયે બંને માતાઓનો સમય સમાજ સાથેના સંપર્કનો હતો કે કોઈ મુમુક્ષુઓને શંકા–સમાધાન કરાવતા. તેમજ જેના ગામમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા હોય કે પૂજ્ય ગુરુદેવશ્રીના વિહાર માટેની શું તૈયારી કરવી અગર યાત્રા સંબંધી એ પ્રમાણે સલાહ–સૂચન–માર્ગદર્શન કરતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ઘણીવાર ભક્તિ પછી તુરત જિનમંદિરમાંથી અચાનક ઘરે પધારતા અને આશ્રમના સ્વાધ્યાયભવનમાં બધા બ્રહ્મચારી બેનોની વ્યક્તિગત પરીક્ષા કરતાં કે તમારા નિજી સ્વાધ્યાયનો મુખ્ય બિન્દુ શું હતો તે કહો ? અને ત્યારબાદ એક પ્રશ્ન બધા માટે જનરલ પોતે એક પ્રશ્ન પૂછતા અને બધાના જવાબ બંને બેનો આપી સંભળાવતા હતા. આ પ્રમાણે પણ એક પ્રકારે આનંદ કરાવતા હતા. ત્યારબાદ આહાર લેતા અને સૂર્યાસ્ત પહેલા પોણી કલાક ચૌવિહારના પચ્ચખાણ લેતા. આ બાબતના નિયમોમાં પણ ઘણાં જ કડક હતા.

સંધ્યા સમયે જિનમંદિરમાં બિરાજતા શ્રી વીતરાગીદેવના દર્શન કરીને આશ્રમમાં બધા બેનોને આશ્રમમાં આવી જવાનો નિયમ હતો. રાત્રીના સમયે સ્વાધ્યાય મંદિરના ચોકમાં કોઈ પણ સ્ત્રી જઈ શકતા નહીં. રાત્રીની ચર્ચા માત્ર પુરુષ વર્ગ માટે જ રહેતી. પૂ. ગુરુદેવનું અનુશાસન પણ ઘણું કડક હતું. ગુરુની આજ્ઞા અનુસાર મંદિરના કમ્પાઉન્ડમાં સંધ્યા પછી કોઈ જઈ શકતા નહીં.

બહેનો માટે રાત્રિના બંને માતાઓ દ્વારા સ્વાધ્યાય થતી હતી. સંધ્યા સમયે શ્રી જિનેન્દ્રદેવના દર્શન કરીને બ્ર. બેનો આશ્રમમાં આવી જતા હતા. આ સંધ્યા સમય એ સામાયિકનો સમય કહેવાય. ભગવતી માતાઓની આજ્ઞા

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અનુસાર દરેક બેનો આશ્રમની અગાસીમાં (ટેરેસ) લાઈનસર ઉપર બેસી જતા અને આત્માનું ચિંતવન–મનન કરવાનો પોણી કલાકના સમય દરમ્યાન બંને માતાઓ પણ પોતે પોતાના નિજ ઘરમાં નિજસ્વરૂપનું ધ્યાન કરતા, અને કોઈવાર બંને બેનો ઉપર જોવા અચાનક આવે કે દીકરીઓ કોણ કેવી સ્થિરતા રાખી શકે છે. અને બધા બેનો નિજસ્વરૂપના ધ્યાન–મનન વડે આગળ વધે તેવી કરુણા વરસી હતી. બંને માતાઓ કહેતા કે આ દિવસ પર્યંત જે શુભઅશુભ ભાવો કર્યા હોય તેનું પ્રાયશ્ચિત કરવું. અને આગળના પરિણામોની શુદ્ધિ કરવી. ત્યારે પૂજ્ય ગુરુદેવના પ્રવચનો દિવસમાં બે વાર મળતા હતા–તેનું ચિંતવન કરવું. પ્રવચનમાં જે વાત સારી લાગી હોય તે ભાવોનું ચિંતવન કરવું, પોતે પોતાના પરિણામ તપાસવા કે ત્રાજવું કઈ તરફ ઝૂક્યું છે. આ પ્રમાણે ચિંતવન–મનનો સમય જરૂર રાખવો જોઈએ. આ સમય આત્મઆરાધનાનો હોય છે. જેથી બધા એકત્રિત થઈ આ પ્રમાણે સમય પસાર કરતા હોય છે.

રાત્રિના આઠ થી નવ પૂ. બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય શાન્તાબેન બંને બેનો આશ્રમના સ્વાધ્યાય ભવનમાં બેનોની સભામાં પ્રવચન કરતાં. બંને બેનો ૩૦ મીનીટ, ૩૦ મીનીટ વાંચન કરતાં. અને બધા બેનોને લાભાન્વિત કરતા. વાંચનમાં પણ ચારેય અનુયોગ સંબંધી સ્વાધ્યાય કરાવતા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



હતા અને કહેતા કે ચારેય અનુયોગનું તાત્પર્ય એક વીતરાગતા છે. એક જ્ઞાયકતા બતાવતા હતા. એ બંને બેનોની ખૂબી હતી. ઘણી વાર રાત્રિના લાઈટ બંધ થઈ જાય ત્યારે પણ કથા કહેતા હતા. કથા કહેવાની શૈલી પણ રોમાંચક હોવાથી બધા કથા સાંભળવા આતુર રહેતા. એકવાર પૂજ્ય બેને સીતાજીની કથા ૩ થી ૪ દિવસ સુધી કલાક–કલાક કરેલી હતી અને એવી મીઠી ભાષાથી મલાવીને કહેતા કે બાળકો પણ પ્રસન્ન થતા હતા.

વાંચન પશ્ચાત્ થોડીવાર બંને બેનો પોતાના પરિવાર સાથે સમય આપતા અને હિત–મિત વાર્તા કરતા આનંદ કરાવતા તો કોઈવાર ધાર્મિક પ્રશ્નો પણ પૂછતા હતા અને ત્યારબાદ વિશ્રામ કરતા હતા.

પૂજ્યબેન કહેતા કે આત્માર્થીઓને વધારે નિંદ્રા પણ ન હોય તેમ જ પોતાને બહુ ઓછી ઉંઘ હતી. જેથી રાત્રિના પણ ચિંતવન–મનન કરતા સમય પસાર કરતા હતા. આટલી ઓછી ઉંઘમાં મહા પુરુષોના સ્વપ્ન પણ દેવ–શાસ્ત્ર–ગુરુ સંબંધી જ હોય. આટલી નિંદ્રા હોવા છતાં પણ સવારે ઊઠે ત્યારે પૂરી સ્ફૂરતી જ હોય અને સવારથી ચર્ચા શરૂ થઈ જાય. જ્ઞાનીઓને શરીર સંબંધી લક્ષ હોતું જ નથી, છતાં ભૂમિકા અનુઆર બધું હોય છે. ખરેખર જ્ઞાનીની દશમાં પણ ભેદજ્ઞાન જ તરવરતું હોય છે. જાજ્વલ્યમાન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જ્યોતિનો ખરેખરો પ્રભાવ જ કોઈ નિરાલો છે.

## બ્રહ્મચર્ય સંબંધી

પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન આ બંનેના જીવન ઘણાં જ નિર્મલ તેમજ પવિત્ર જીવન સમાજમાં "તારાની જેમ ચમક્યા હતા." પૂજ્ય ગુરુદેવના પ્રભાવથી જિનશાસનની જે મહાન પ્રભાવના થઈ છે, તેમાં પૂજ્ય શાન્તાબેનનો સૌથી મહાન ફાળો છે. શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુની પ્રભાવનામાં પોતાના પવિત્ર જ્ઞાન–વૈરાગ્ય સંપન્ન જીવનદ્વારા તેઓશ્રીએ જિનશાસનની અને ગુરુદેવની શોભા વધારી છે. પૂજ્ય ગુરુદેવની આધ્યાત્મિક ક્રાંતિમાં તેમનું ઘણું જ યોગદાન હતું.

આશ્રમના બ્રહ્મચર્ય ધારી બેનોના જીવન ઘડવૈયા તથા વાત્સલ્યતાના મૂર્તિ તેમજ કરુણાના સાગર હતાં. અને દીકરી તુલ્ય પ્રેમ આપતા કે પોતાની જનેતા કરતા વિશેષ પ્રેમ આપતા હતા કે બહારના બેનો આ વાત્સલ્યના પ્રેમને ઈચ્છતા હતા તેમ જ ગૃહસ્થી બેનો પણ એકાંતમાં આવી તેઓની પાસે નિયમો ગ્રહણ કરતા હતા.

શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યેનું બહુમાન–ભક્તિ અને તેઓનું અનુશાસન, ગુરુભક્તિ, વાત્સલ્યતા, નિડરતા, બ્રહ્મચર્ય સંબંધીની કડકાઈ વગેરે ગુણોથી સોનામાં સુગંધ મહેકતી હતી.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

આ બંને પવિત્ર આત્માના જીવન થકી કેટલાં કેટલાં બેનોના જીવન ધન્ય બન્યા છે. આશ્રમમાં આવનાર બેનોની પણ ઘણાં ઘણાં પ્રકારથી પરીક્ષા કરતાં બ્રહ્મચર્ય જેવું મહાન વ્રત લીધાં પહેલાં બેનોને ઘણાં પ્રકારની શિક્ષા પણ આપતા હતા. બે વર્ષ સુધી આશ્રમમાં રહે પછી બંને બેનો પરીક્ષા કર્યા બાદ પૂજ્ય ગુરુદેવને સંદેશો પહોંચાડે કે આટલાં બેનો બ્રહ્મચર્યવ્રત લેવા માટે પૂરી તૈયારીમાં છે. ત્યારે પૂજ્ય ગુરુદેવ તિથિ વાર નક્કી કરી સ્વયં બ્રહ્મચર્ય વ્રત સભામાં પણ જ્યારે સમાજની સંખ્યા વધારે હોય તે પ્રમાણે નક્કી કરી આપતાં અને ભર સમાજમાં વ્રત લેનાર બ્ર. બેનો ઊભા થતા હતા. પૂજ્ય ગુરુદેવ મંત્રોચ્ચાર પૂર્વક બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરાવતા.

બંને માતાઓ ઘણી વાર એવી મીઠી શિખામણ આપતા કે બ્રહ્મચારી બહેનોના પોષક (પહેરવેશ) સાદો–સીધો મર્યાદાવાળો હોવો જોઈએ. સફેદ સાડીમાં હોય તો બીજા કલરનો વિકલ્પ ન કરવા પડે. તેમજ પંચરંગીમાં વિકલ્પો પણ અનેકો કરવા પડે અને જીવન એવું પવિત્ર હોવું જોઈએ કે સફેદ સાડીમાં ડાઘ લાગવો ન જોઈએ.

ત્યાગ–વૈરાગ્ય–તપ–મંદ કષાય વગેરે એ બ્રહ્મચર્ય જીવનના આભૂષણ છે. માટે આ જીવનથી બ્રહ્મચર્યવ્રતની શોભા છે.

આહાર સંબંધી તેલ—મરચાં અથવા ગ્રદ્ધતાથી આહાર ન લેવો જોઈએ. સ્વાધ્યાય તેમજ આરાધનામાં બાધક થાય તેવો આહાર ન લેવો. આપણે આહાર પેટ ભરવા કરીએ છીએ, રસેન્દ્રિય પોષણ માટે નહીં. રસેન્દ્રિયને જિતવાથી પ્રમાદને જિતી શકાય છે અને રાત્રિના આહારજલના પણ નિયમ જરૂર કરવા તેમજ ગાળેલા પાણીનો પણ જરૂરિયાત પ્રમાણે જ ઉપયોગ કરવો. આપણો જૈન ધર્મ અહિંસાત્મક ધર્મ છે. જ્યાં સૂક્ષ્મ જીવોની પણ રક્ષાના ભાવો હૃદયથી હોવા જોઈએ. તેમજ પ્રથમ ભૂમિકા પ્રમાણે પાંચ પાપોનો ત્યાગ હોવો જોઈએ.

પૂજ્ય બહેનને! બાળપણથી રૂપવાન તેમજ લાંબા વાળનું સૌંદર્ય હતું. તેઓ કહેતા સ્ત્રીઓનું અતિ રૂપ તે પણ એક પ્રકારે ઉપસર્ગ લાગે છે. કોઈ પોતાનો ચહેરો બરાબર જોઈ ન શકે માટે સાડી એવી પહેરે કે માથા ઉપર એવું ઓઢે કે કોઈ પુરો ચહેરો જોઈ શકે નહીં, માથાના વાળ પણ લાંબા હોવાથી કાપી નાખતા હતા. સ્ત્રીઓનું સૌંદર્ય કામનું રૂપ વાળથી વિશેષ હોય છે અને કહેતા કે કોઈ આ રૂપ પર નજર નાખે તે શું કામનું? બધા બ્રહ્મચારી બેનોને પણ માથા ઉપર ઓઢવાનું બરોબર શીખવાડ્યું છે. બંને બેનોનો પ્રભાવ એવો જોઈને કોઈ પણ બ્રહ્મચારી બેનનું માથું ઓઢ્યા વગર રહેતું જ નહીં.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જેવી રીતે માતા પોતાની દીકરીઓને એવા પ્યારથી પણ હિત ચાહે છે તેમ આ ધર્મમાતા પણ બ્રહ્મચારી બેનો પ્રત્યે વિશેષ પ્યારથી આત્મહિત જ ચાહે છે કે ચારે તરફથી કેમ પાત્ર બને ? તેથી શિખામણરૂપે બ્રહ્મચારી બહેનોને વારંવાર કહેતા.

શ્રીમદ્ રાજચંદ્રજીના વચનો પણ વારંવાર યાદ કરાવતા હતા.

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.....

જ્ઞાનીઓની શિખામણો જીવનના ઉત્કર્ષ અને પ્રગતિમાં પાયાના પથ્થરનું કામ કરતી હતી.

૧. શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે યથાર્થ રુચિ વધારવી અને બ્રહ્મચર્યનું અખંડ રીતે પાલન થાય તેવો પુરુષાર્થ સદાય રાખવો.

૨. પૂજ્ય ગુરુદેવ ઘણીવાર કહે છે કે બ્રહ્મ સ્વરૂપ આત્મામાં ચરવું રમવું તે જ સાચું બ્રહ્મચર્ય છે.

૩. એક બ્રહ્મચર્યની રક્ષાથી અનંત ગુણની રક્ષા થાય છે.

૪. એક બ્રહ્મચર્યના પાલનથી અનંત ગુણો શોભી ઊઠે છે.

૫. જેને બ્રહ્મચર્યનો રંગ નથી તેનાં બધા ગુણો લૂલા–પાંગળા થઈ જાય છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૬. જેને બ્રહ્મચર્યમાં હું બ્રહ્મચારી છું, એવું અહમપણું વર્તે છે, તેને ક્રોધ–માન–માયા–લોભના ભાવોમાં પુષ્ટિ થાય છે.

૭. એક બ્રહ્મચર્યના રંગથી, બુદ્ધિ–જિનવાણીના અર્થ ઉકેલી શકે છે.

૮. જેમ સોનું કસોટીથી શુદ્ધ થાય છે, તેમ બ્રહ્મચર્ય ગુણોથી શોભતી સતીઓ, કસોટીથી આત્મા પરમ વિશુદ્ધતાને પામે છે.

૯. બ્રહ્મચર્યનું જીવન જ શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે રંગાયેલું હોય છે. જેથી તેની વાણીમાં પણ મીઠાશ હોય, ગંભીરતા હોય અને સર્વાંગે બ્રહ્મચર્યના રંગાયેલા હોય.

૧૦. બ્રહ્મચારી બેનોએ પુરુષો સાથે વાર્તાલાપ કરવો નહીં, પુરુષોના આસન વાપરવા નહીં. તેમજ ઈશારા કરવા નહીં.

૧૧. બ્રહ્મચારી બેનોએ મન–વચન–કાયાથી પોતાની રક્ષા રહે તથા પોતાના માતા–પિતા અને આપણા ગુરુનું શાસન શોભે તેવી રીતે જીવન સહજતાથી પસાર કરવું જોઈએ.

૧૨. પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રા સંઘ સાથે, પૂજ્ય ભગવતી માતાઓ સાથે પ્રવાસમાં જવાનું હોય તો બધાને બોલાવી શિક્ષા આપતા કે શીલની એટલી રક્ષા કરવી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

કે ટ્રેનમાં કોઈ પ્રકારે શીલ સંબંધી આફત આવે તો ટ્રેનમાંથી ભલે પડતું મૂકવું પડે, ભલે એક સમયે ‘પ્રાણ’ પણ છૂટે તો પણ બ્રહ્મચર્ય એવા મહા પ્રતિજ્ઞામાં ભંગ ન પડવો જોઈએ.

## પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

પંચકલ્યાણ પ્રતિષ્ઠા મહોત્સવ જૈન સમાજનો સર્વાધિક મહત્ત્વપૂર્ણ વિશેષ મહોત્સવ છે. એની સાથે સંપૂર્ણ જૈન સમાજની આસ્થાઓ અને ધાર્મિક ભાવનાઓ જોડાયેલી છે.

જિનમંદિરોમાં બિરાજમાન જિનબિંબોનું એક મહા-મહત્ત્વ છે. તે જિનબિંબ આપણી સંસ્કૃતિનું પ્રતિક જ નહીં, પરંતુ સંરક્ષક પણ છે. પરમપાવન ભારતભરમાં તેમજ વિદેશમાં હજારો જિનમંદિરો છે અને તેમાં લાખો પ્રતિમાજીઓ બિરાજમાન છે. જેના દર્શન લાખો ભાઈ–બહેનો પ્રતિદિન કરે છે.

આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ આઠ દિવસ ચાલે છે. પ્રતિષ્ઠા મહોત્સવના પહેલા દિવસે વિશાળ પંડાલનું નિર્માણ એક નગરીરૂપે થાય છે અને એમાં ધ્વજારોપણની વિધિ કરવામાં આવે છે. પ્રતિષ્ઠાના દરેક કાર્યની મંગળ શરૂઆત પ્રતિષ્ઠાચાર્ય સૌપ્રથમ પૂજ્ય ગુરુદેવ પાસે જ કરાવતા હતા. ઝંડારોપણ, ઈન્દ્રપ્રતિષ્ઠા, વેદીશુદ્ધિ, પ્રથમ

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કળશ અભિષેક, આહાર દાનની શરૂઆત વગેરે દરેક કાર્યની શરૂઆત પૂજ્ય ગુરુદેવના શુભહસ્તે જ થતી હતી.

તે જ પ્રમાણે પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન પણ આ પ્રમાણે અગ્રેસર રહીને દરેક વિધિમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતા હતા. મંગળકળશ ઝુલુસમાં પણ બંને ભગવતી માતાઓ મંગળ કળશ શિરોધાર્ય કરી સૌથી આગળ રહેતા અને તેમની પાછળ બધા બ્રહ્મચારી બહેનો પણ કળશ શિરે ધરીને શોભાયાત્રામાં ભક્તિની રેલમછેલ ગજાવતા જતા હતા. શોભાયાત્રા ભક્તિના નાદોથી ગુંજતી હતી.

પ્રતિષ્ઠાના મહોત્સવના બીજા દિવસે જેટલાં જિનબિંબો પ્રતિષ્ઠિત થવાના હોય તે પંડાલમાં ભક્તિભાવે બિરાજમાન કરવામાં આવે છે. અસલી પંચકલ્યાણક મહોત્સવ જેમ ઈન્દ્રો દ્વારા સંચાલિત થતો હતો તેમ આ પંચકલ્યાણકોમાં પણ થોડી વ્યક્તિઓને બોલીઓ દ્વારા ઈન્દ્ર પ્રતિષ્ઠા દ્વારા ઈન્દ્ર બનાવાય છે. આ બધા પ્રતિષ્ઠિત ઈન્દ્રો પંચકલ્યાણકની બધી ક્રિયા–પ્રતિક્રિયાઓ વિધિવત સંપન્ન કરે છે. વેદી શુદ્ધિ, કળશ શુદ્ધિ આદિ મંત્રોચ્ચાર દ્વારા પ્રતિષ્ઠાચાર્ય ઈન્દ્ર–ઈન્દ્રાણીઓ પાસે કરાવે છે.

પ્રતિષ્ઠા મહોત્સવના ત્રીજા દિવસે ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયાનો કાર્યક્રમ થાય છે. કેટલીક આવશ્યક ક્રિયાઓ સંપન્ન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



થાય છે. જ્યારે તીર્થંકરનો જીવ માતાના ગર્ભમાં આવે છે, ત્યાર પહેલા માતાને રાત્રિના છેલ્લા પહોરમાં સોળ સ્વપ્ન આવે છે. જે એ વાતનું સૂચન કરે છે કે માતાના ગર્ભમાં જે જીવ આવવાનો છે, તે તીર્થંકરનો જીવ છે અને તે રાતના સોળ સ્વપ્નોનું દશ્ય દેખાડવામાં આવે છે.

પ્રતિષ્ઠા મહોત્સવનો ચોથો દિવસ ગર્ભકલ્યાણકનો છે. જે પંચકલ્યાણકમાંથી પહેલા કલ્યાણકનો દિવસ છે. ઈન્દ્રો પોતાના અવધિજ્ઞાનથી જાણે છે કે આ જીવ તીર્થંકર અને સર્વજ્ઞ પરમાત્મા થવાના છે તથા તેમના દ્વારા ધર્મતીર્થનું પ્રવર્તન થશે. તેથી તેઓ બધાં ભેગા થઈને ભક્તિભાવથી ઉત્સવ કરે છે. માતાની સેવામાં દેવીઓ હોય છે. જે માતાને આનંદિત રહે તેવી ધાર્મિક ગોષ્ઠિ કરે છે.

જન્મોત્સવ એ ખૂબ આનંદનો દિવસ છે. એ દિવસે બાળ તીર્થંકરને જોવાં ઈન્દ્ર હજાર નેત્ર કરીને જુએ છે. તો તેઓ પણ સંતુષ્ટ થતા નથી. આનંદ ઉલ્લાસમાં હજાર જિભ કરીને સ્તુતિ કરે છે. નૃત્ય–ગાન કરતાં કરતાં બાલતીર્થંકરને લઈને પાંડુક શિલા પર નહવન કરાવે છે. જન્માભિષેક કરે છે. સ્વર્ગમાંથી બાળતીર્થંકર માટે લાવેલા વસ્ત્રાલંકારો તેમને તે પહેરાવે છે. અને હર્ષોલ્લાસથી માતા–પિતાને સુપ્રત કરે છે. ત્યારે પણ નૃત્ય–ગાન કરતાં ધરાતા નથી. આમ આ દિવસ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. રાતના પારણા ઝૂલનમાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



દેશ–દેશાવરથી પધારેલા રાજાઓ ભગવાનના માતા–પિતાને વધામણા આપે છે.

પ્રતિષ્ઠા મહોત્સવનો પાંચમો દિવસ જન્મકલ્યાણકનો છે. જન્મકલ્યાણકનો અર્થ માત્ર જન્મ દિવસ નથી. પરંતુ ભગવાન તીર્થંકરના દીક્ષા લીધા પહેલાં બનેલા પ્રસંગોની ઝલક તે દિવસે કરવામાં આવે છે. જેમકે પાંડુક શિલા પર તેમનો જન્માભિષેક, પારણા ઝૂલન, યુવરાજ પદની પ્રાપ્તિ, રાજ્યાભિષેક વગેરે. આ માર્મિક દૃશ્યો જોવાનો આનંદ કોઈ ઔર જ છે. પૂ. ગુરુદેવ તથા ભગવતી માતાઓ આ બધા પ્રસંગે હાજર રહીને પ્રસંગની શોભા વધારતા હતા.

પ્રતિષ્ઠા મહોત્સવનો છઠ્ઠો દિવસ દીક્ષા કલ્યાણકનો છે. આ દિવસે તીર્થંકરના બાળ વૈરાગ્યને, દીક્ષાની વિધિને તથા દીક્ષા પછી મુનિરાજ ધ્યાનમાં બેસી જાય તેવા દૃશ્યો દેખાડવામાં આવે છે. મુનિરાજનો કેશલોચ પૂ. ગુરુદેવ કરતા હતા અને પ્રતિષ્ઠાચાર્ય મંત્રોચ્ચાર કરતા હતા. તે દિવસના પ્રવચનમાં પૂ. ગુરુદેવ મુનિભાવના પર ઉત્કૃષ્ટત પ્રવચન આપતા. એ દિવસે પૂ. ગુરુદેવના સ્વમુખે અપૂર્વ અવસર એવો ક્યારે આવશે......એ સાંભળતા વૈરાગ્યનું વાતાવરણ છવાઈ જતું હતું. વૈરાગ્યનો રોમાંચ અનુભવાતો હતો.

પ્રતિષ્ઠા મહોત્સવનો સાતમો દિવસ જ્ઞાનકલ્યાણકનો છે. તે દિવસે સવારે મુનિરાજને આહારદાન કરાવવામાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આવે છે. આહારદાન દરમ્યાન સંપૂર્ણ મૌન વાતાવરણ હોય છે. કારણ કે તે દરમ્યાન થોડો પણ અવાજ થાય એ મુનિરાજને અંતરાયનું કારણ બની જાય. તેમ પ્રસંગનો મલાજો જાળવવામાં આવે છે. આહાર પછી મુનિરાજ જંગલમાં તપ દ્વારા ધ્યાનમાં રત થઈ જાય છે. અને તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવળજ્ઞાન એટલે પરિપૂર્ણ જ્ઞાન. જગતમાં જેટલા પણ પદાર્થ છે. તે બધાના સંપૂર્ણ ગુણ અને તેની ત્રણેકાળની પર્યાયોને એક સમયમાં જ વિના કોઈ ઈન્દ્રિયોની સહાયથી સીધું આત્માથી પ્રત્યક્ષ જાણવું તે છે. કેવળજ્ઞાનમાં સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તીપદાર્થો હાથમાં રાખેલા આમળાની જેમ અત્યંત સ્પષ્ટરૂપે જણાય છે. હવે મુનિરાજ ભગવાન કહેવાય છે.

કેવળજ્ઞાન પ્રગટ થતાં ઈન્દ્રો ભગવાનની પૂજા કરે છે. સમવસરણ–ધર્મસભાની રચના કરે છે. સૌધર્મ ઈન્દ્રની આજ્ઞાથી આ સભા બનાવવામાં આવે છે. સમવસરણની વિશાળ સભા ગોળાકાર હોય છે. વચ્ચે ભગવાન બિરાજમાન હોય છે. અને ચારે તરફ શ્રોતાજનો બેસે છે. ચારે તરફ મળીને બાર સભાઓ હોય છે. જેમાં મુનિરાજ, આર્યિકા, શ્રાવકશ્રાવિકા, ઈન્દ્રો–ઈન્દ્રાણીઓ, પશુ–પક્ષીઓ પણ શ્રોતાના રૂપમાં બેસે છે ત્યારે ભગવાનનો અતિશય એવો હોય છે કે દરેક શ્રોતા ભગવાનના મુખથી દર્શન કરી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

શકે. કોઈને ભગવાનની પીઠ દેખાય નહીં. ભગવાનની દિવ્યધ્વનિ ૐકાર સ્વરૂપ એકક્ષરી હોય છે. જોકે તેમની ધ્વનિ નિરક્ષરી હોય છે. તોપણ શ્રોતાઓના કાનમાં પહોંચતા પહોંચતા દરેક પોત પોતાની ભાષામાં સમજી શકે છે. દિવ્યધ્વનિમાં આવવાવાળું જે મૂળ તત્ત્વોપદેશ છે તે સમ્યગ્દર્શનના દેશનાલબ્ધિરૂપ નિમિત્ત થાય છે.

પ્રતિષ્ઠા મહોત્સવનો આઠમો દિવસ ભગવાનના મોક્ષકલ્યાણકનો છે તે નિર્વાણ મહોત્સવનો છે. કારણ કે તે દિવસ ભગવાનની સર્વોચ્ચ ઉપલબ્ધિનો દિવસ હોવાથી ભગવાનનો વિયોગ પણ મુમુક્ષુ જીવોને ધર્મારાધના કરવા પ્રેરિત થાય છે.

આવી પંચકલ્યાણક વિધિ દ્વારા, મંત્રોચિત પ્રતિમા હવે પૂજનીય બને છે અને મંદિરોમાં સ્થાપના કરવામાં આવે છે.

પૂર્વભવમાં સાક્ષાત્ શ્રી સીમંધર ભગવાનના સમવશરણમાં બેસીને જેમણે ભગવાનની ૐકાર ધ્વનિ સાક્ષાત્ સાંભળી હોય અને આ ભવમાં શ્રી વીતરાગી પ્રતિમાના દર્શનનો વિરહ કેમ સહ્યો જાય? તે વખતે પૂરા કાઠિયાવાડમાં એક પણ ઢંગનું દિગંબર જિનમંદિર ન હતું. ત્યારે આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીનાં પુણ્ય પ્રતાપથી ત્યાં હજારો નવા દિગંબર જૈન બન્યા અને તેઓએ પોતપોતાના નગરોમાં અનેક જિનમંદિરો બનાવ્યા. પૂજ્ય

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ગુરુદેવનો પ્રભાવના યોગ કોઈ અદ્‌ભૂત હતો. તેમના પરમ પ્રતાપે ભારતવર્ષના ગામોમાં તથા વિદેશ—આફ્રિકા, અમેરિકા તથા લંડન વગેરે ગામોમાં પણ જ્યાં વીતરાગ જિનમંદિરો સ્થપાયા, જે ગામમાં પંચકલ્યાણક હોય ત્યાં પૂજ્ય ગુરુદેવના સ્વાગતમાં બેન્ડ—વાજા, હાથીઓ સહિત કરવામાં આવતા હતા. મુમુક્ષુઓનો મહેરામણ ઉભરાતો હતો. પૂજ્ય ગુરુદેવ તો તે જનસમુદાયમાં અગ્રેસર જ હોય, અને તેમની સાથે અનેક મુમુક્ષુઓ હોય, છતાં તેમની પવિત્રતાના તેજથી તેઓ સૂર્યસમાન અલગ તરી આવતા હતા.

પ્રતિષ્ઠા મહોત્સવના સમયમાં પણ પૂજ્ય ગુરુદેવના પ્રવચનો નિયમ મુજબના સમયે જ શરૂ થતાં અને સમયસર પૂરા થઈ જતાં હતાં. એવી સમયસ્થ ગુરુદેવની વિશેષતા હતી. તેમની પોતાની દીનચર્યામાં પણ તેમણે કોઈપણ વિપરીત સંજોગોમાં યથાસમય નિત્યક્રમ જાળવ્યો હતો.

સૌથી પ્રથમ સોનગઢમાં શ્રી સીમંધર પ્રભુજીની પ્રાણ પ્રતિષ્ઠા પૂજ્ય ગુરુદેવના પરમ પવિત્ર કરકમળ દ્વારા રાજકોટ ગામના શેઠશ્રી જસાણી પરિવાર તરફથી કરાવાઈ હતી. તે વીર સંવત ૧૯૯૭(ઈ.સ. 1941) માં થઈ હતી. ત્યારબાદ સંવત ૧૯૯૮(ઈ.સ. 1942) માં સમવશરણની પ્રતિષ્ઠા કરાઈ, ત્યારપછી તો સંવત ૨૦૦૫ થી ૨૦૨૦

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સુધીનો સમય તો પ્રતિષ્ઠા મહોત્સવ અને યાત્રા–તીર્થયાત્રાનો રહ્યો. વીંછીયામાં ફાગણ સુદ સાતમ વીર સંવત ૨૦૦૫ (ઈ.સ. 1949) માં શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની સ્થાપના થઈ. લાઠીમાં જેઠ સુદ પાંચમ સંવત ૨૦૦૫ (ઈ.સ. 1949) માં શ્રી સીમંધર ભગવાનની સ્થાપના થઈ, રાજકોટમાં ફાગણ સુદ બારસ સંવત ૨૦૦૬ (ઈ.સ. 1950)માં શ્રી સીમંધર ભગવાનની સ્થાપના–રાજકોટના પ્રમુખ શ્રી રામજી બાપુજીની ઉપસ્થિતિમાં જસાણી પરિવાર દ્વારા કરવામાં આવી. ત્યાર પછી ચૈત્ર સુદ દશમ સંવત 2009 માં સોનગઢમાં માનસ્તંભજીમાં શ્રી સીમંધર પ્રભુની પ્રતિષ્ઠા થઈ, પોરબંદરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા ફાગણ સુદ ત્રીજ, સંવત ૨૦૧૦ (ઈ.સ. 1954) માં થઈ.

આ પ્રમાણે મોરબી, વાંકાનેર, વઢવાણ, સુરેન્દ્રનગર, રાણપુર, બોટાદ, ઉમરાળા ગામોમાં પંચકલ્યાણક મહોત્સવ થયા. ઉમરાળા એ પૂજ્ય ગુરુદેવનું જન્મસ્થાન છે. જે સહજ પૂજ્ય ગુરુદેવની કર્મભૂમિ સોનગઢથી નજીક છે. અત્યારે તેમની જન્મભૂમિ મુમુક્ષુઓ માટે એક યાત્રીનું–દર્શનીય સ્થળ તરીકે પ્રસિદ્ધ છે.

તુજ પાદ પંકજ જ્યાં થતાં તે ધૂળીને પણ ધન્ય છે.
તુજ પાદથી સ્પર્શાયેલી ધૂલીને પણ ધન્ય છે.

ઉમરાળામાં જેઠ સુદ ચોથ, સંવત ૨૦૧૦ (ઈ.સ.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



1954) ના દિવસે શ્રી સીમંધર પ્રભુજીની પાવન પધરામણી થતાં ભક્તજનો નાચી ઉઠ્યા હતા. તે દિવસે પૂજ્ય બેનશ્રી તથા પૂજ્ય બેન શાન્તાબેનનો આનંદ ઉર્મી સમાતો ન હતો. પૂજ્ય ગુરુદેવની જન્મભૂમિ અને શ્રી સીમંધર ભગવાનની પધરામણી. આમ બેવડો આનંદ તેમની ભક્તિમાં પ્રત્યક્ષ જણાતો હતો. તે દિવસના આનંદનું વર્ણન થઈ શકે એવું નથી. જેમણે તેનો પ્રત્યક્ષ લાભ લીધો હતો તેઓ જ જાણે છે. આ જ પ્રમાણે ત્યાં વેદી પ્રતિષ્ઠા પણ ખૂબ જ આનંદ—ઉત્સાહ પૂર્વક થઈ હતી.

તેવી જ રીતે પાલેજ ગામ કે જ્યાં પૂજ્ય ગુરુદેવ ગૃહસ્થાવસ્થામાં વ્યાપારની પેઢીએ બેસતા હતા, તે ગામ પણ મુમુક્ષુઓ માટે સ્મરણીય હતું. પાલેજનો પ્રતિષ્ઠા મહોત્સવ પણ અનેરો હતો. માગશર સુદ અગીયારસ, સંવત ૨૦૧૩ (ઈ.સ. 1957) ના દિવસે શ્રી સીમંધરનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી અર્હનાથ ભગવાનની ભવ્ય પ્રતિષ્ઠા થઈ હતી. તે સમયે પૂજ્ય ગુરુદેવે હીરા—મોતી—માણેક જેવા રત્નોથી ભગવંતોને વધાવ્યા હતા તથા પૂજ્ય ગુરુદેવના હસ્તે જ્ઞાનજ્યોતિ મંદિરમાં શ્રી સમયસારજીની સ્થાપના કરી હતી. પૂજ્ય ગુરુદેવ જે પેઢીમાં વેપાર કરતા હતા, તે જગ્યાએ બંને ભગવતી માતાઓએ ભક્તિની એવી રેલમછેલ મચાવી કે જાણે પૂજ્ય ગુરુદેવ જ્ઞાયકદેવની

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મસ્તીમાં જ્ઞાન..... જ્ઞાન.... જ્ઞાનનો વ્યાપાર કરતા હોય! એવું દૃશ્ય ખડું થઈ ગયું હતું.

ત્યારપછી લીંમડી, મુંબઈ, ખેરાગઢ, વડિયા, જેતપુર, ગોંડલ, દાદર–મુંબઈ, ઉજ્જૈન, ભોપાલ, રાજકોટ, જસદણ, આંકડીયા, હિંમતનગર, જયપુર ગામોમાં પ્રતિષ્ઠા મહોત્સવો થયા.

જયપુરમાં શેઠશ્રી ગોધીકાજીએ ટોડરમલ સ્મારકમાં શ્રી સીમંધર પ્રભુની પ્રતિષ્ઠા કરાવી, તેમ જ પંડિત બાબુભાઈના તત્ત્વબોધથી પ્રેરાઈને વિદ્યાલયની સ્થાપના કરી. પૂજ્ય ગુરુદેવના આશીર્વાદથી તથા ડૉ. હુકમચંદજી ભારિલ્લના સાન્નિધ્યમાં જૈનધર્મના તત્ત્વનો પ્રચાર કરવા પાઠ્યક્રમ નક્કી કરી વિદ્યાલયની શરૂઆત થઈ. તેની શરૂઆત એવા સારા શુકને થઈ કે તે દિવસથી આજ સુધી ત્યાં વિદ્યાર્થીઓ ભણીને પંડિત થઈને નાના નાના ગામોમાં જૈનતત્ત્વની જાગૃતિ કરાવે છે. અને પૂજ્ય ગુરુદેવની તત્ત્વધારાનો પ્રચાર–પ્રસાર કરે છે.

પૂજ્ય ગુરુદેવના પુણ્ય–પ્રતાપે મલાડ–મુંબઈ, ઘાટકોપર મુંબઈમાં અધ્યાત્મમય પ્રવૃત્તિ પૂ. ગુરુદેવના નિત્યક્રમ મુજબ તેમના હસ્તે કરાવવામાં આવી હતી. રામપુર, બામણવાડા, જાંબુડી ગામોમાં જિનમંદિરો સ્થપાયા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

મહાવીર નિર્માણના ૨૫૦૦ મું વર્ષ અવિસ્મરણીય હતું. પૂજ્ય ગુરુદેવને પૂર્વે જે સ્વપ્નમાં આકાશમાંથી જિનવાણીના પાટીયાં ઉતરે છે તેનું સ્વપ્ન સાકાર થયું. સોનગઢમાં સૌ પ્રથમ આગમમંદિરમાં શ્રી મહાવીર ભગવાનની તથા જિનાગમની સ્થાપના થઈ.

ચૈત્ર સુદ તેરસ, સંવત ૨૦૩૧ (ઈ.સ. 1975) માં જિનમંદિર તથા સમવશરણની સ્થાપના બહુ ભવ્યતાથી પંચકલ્યાણક મહોત્સવ ઉજવાયો. ત્યારે હજારોની સંખ્યામાં મુમુક્ષુઓ દેશભરમાંથી આવ્યા હતા. તે સાલમાં ભોપાલ, પીપલાની, ખુરઈ–માનસ્તંભજીના, સનાવદ–સમોસરણના પંચ-કલ્યાણકો થયા હતા.

ફાગણ સુદ આઠમના સંવત ૨૦૩૨ (ઈ.સ. 1976) ના રોજ વઢવાણમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા થઈ. વઢવાણ શહેરનું મહત્ત્વ મુમુક્ષુઓને એટલું છે કે ત્યાં શ્રી મહાવીર પ્રભુનું સમવશરણ આવેલું હતું. તથા તે પૂજ્ય બેનશ્રી ચંપાબેનનું જન્મસ્થાન છે.

ફાગણ સુદ ત્રીજ સંવત ૨૦૩૪ (ઈ.સ. 1979) માં મદ્રાસ શહેરમાં પંચકલ્યાણક મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. વૈશાખ સુદ ત્રીજ ૨૦૩૪ (ઈ.સ. 1979) માં કુરાવડમાં પ્રતિષ્ઠા થઈ હતી અને છેલ્લે મહા સુદ બીજ વીર સંવત ૨૦૩૬ (ઈ.સ. 1979) માં ઈસ્ટ આફ્રિકાના નાઈરોબી શહેરમાં સૌપ્રથમ પરદેશમાં પૂજ્ય

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ગુરુદેવના સાન્નિધ્યમાં પ્રતિષ્ઠા મહોત્સવ મુમુક્ષુ શ્રી ભગવાનજી કચરાભાઈ પરિવાર તરફથી કરાવવામાં આવ્યો હતો. ભારતના મુમુક્ષુઓની ત્યાંના લોકોએ ખૂબ આગતાસ્વાગતા કરી હતી. પરદેશમાં મુમુક્ષુઓ શ્રી જિનેન્દ્રદેવના દર્શનથી વંચિત હતા. તેમને પણ ભગવાનના ભેટા કરાવ્યા. જે એક ઐતિહાસિક પ્રસંગ બની ગયો. પૂજ્ય ગુરુદેવના સમાગમમાં શ્રી ભગવાનજી કચરા પરિવાર સારો એવો સમય સોનગઢમાં રહેતા હતા. તેમની ભાવના હતી કે પૂજ્ય ગુરુદેવના હસ્તે અમારા ગામમાં પણ ભગવાન પધારે, તે સફળ થઈ હતી.

પૂજ્ય ગુરુદેવના હસ્તે અંતિમ પ્રતિષ્ઠા ફાગણ સુદ તેરસના રોજ વીર સંવત ૨૦૩૬ (ઈ.સ. 1980) ના વડોદરા શહેરમાં થઈ તેના મધુર સંસ્મરણો રહી ગયા.

પૂજ્ય ગુરુદેવના જીવનકાળ દરમ્યાન આવા અનેકો પંચકલ્યાણક મહોત્સવો, વેદી પ્રતિષ્ઠાઓ થઈ. જેમાં જલગાંવ, કાનાતળાવ, ભાવનગર, અમરેલી જેવા ગામોમાં વેદી પ્રતિષ્ઠા પણ પંચકલ્યાણકોની જેમ ધામધૂમથી ઉજવવામાં આવી હતી.

પૂજ્ય બેન શાન્તાબેનનું જન્મધામ અમરેલીમાં, તેમના કાકા શ્રી નાનચંદભાઈના આગ્રહથી વેદી પ્રતિષ્ઠાનું આયોજન કરાયું હતું. ઘણા ગામોમાં માનસ્તંભજી તથા સમવશરણની સ્થાપનાઓ થઈ હતી.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

આમ પૂજ્ય ગુરુદેવના પુણ્ય–પ્રતાપે ધર્મભાવના, પંચકલ્યાણક મહોત્સવો, તીર્થયાત્રો દ્વારા ઘણી પ્રભાવના થઈ. આ મહા સંતપુરુષના અંતરંગમાં અધ્યાત્મની ક્રાંતિ, ચૈતન્યની મહત્તા સદાય પ્રત્યક્ષ જોવામાં આવતી હતી. અધ્યાત્મરસ ઝરતી વાણીનું પાન કરવા દેશ–દેશાવરથી આત્માર્થીઓ, અગ્રેસર પંડિતગણ તેમજ આત્માર્થી મુમુક્ષુઓનો મેળો સોનગઢમાં ભરાતો હતો.

## સિદ્ધક્ષેત્રો તથા અતિશયક્ષેત્રોની અપૂર્વ યાત્રા

જૈન તીર્થક્ષેત્રો પૂરા ભારતભરમાં ફેલાયેલા છે. તેમાં સિદ્ધક્ષેત્ર તથા અતિશયક્ષેત્ર એવા બે વિભાજનથી પ્રસિદ્ધ ક્ષેત્ર છે. તે તીર્થક્ષેત્રો પરમેષ્ઠી ભગવંતોના જીવન સાથે સંકળાયેલા છે.

કરોડો મુનિવરોએ રત્નત્રયરૂપ તીર્થની આરાધના કરીને સંસાર સાગર તરીને મહા તપશ્ચરણ કરીને જે ક્ષેત્રથી મોક્ષપુરીમાં જે લોકના અગ્રસ્થાને સિદ્ધશિલામાં સાદી અનંત કાળ સુધી સ્થિત રહે છે, તે પવિત્ર ભૂમિ મુમુક્ષુઓ માટે મંગલતીર્થ બની જાય છે. અને તે સિદ્ધક્ષેત્રથી પ્રસિદ્ધ બને છે.

તેમજ જે ક્ષેત્રમાં તીર્થંકર ભગવાનનો જન્મ થતાં તે જન્મભૂમિ, તેવી રીતે કોઈ ક્ષેત્ર આચાર્ય ભગવંતોની ભૂમિ છે, તે કોઈ ક્ષેત્રથી ભગવાન કેવળજ્ઞાન પામ્યા છે. તો કોઈ

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ક્ષેત્રમાં ભગવાનનો વિહાર કરી ભવ્ય જીવોને ધર્મામૃતનું પાન કરાવી મોક્ષમાર્ગ બતાવ્યો છે. તો કોઈ ક્ષેત્રથી આચાર્ય ભગવંતોએ સત્ત શાસ્ત્રોની રચના કરી તે ક્ષેત્ર પાવન બની તીર્થક્ષેત્ર પૂજનીય ગણાય છે. કોઈ ક્ષેત્રમાંથી દેવકૃત અતિશય થયો હોય, જિનધર્મની રક્ષા થઈ હોય, ભૂગર્ભમાંથી પ્રતિમાજીનું સંશોધન થયું હોય, ચમત્કાર થયો હોવાથી જૈનધર્મ પ્રત્યે વિશેષ આસ્થા થઈ હોય તે સ્થાન પણ એક યાત્રાનું પવિત્ર અતિશયક્ષેત્રથી પ્રસિદ્ધ થાય છે.

આ પ્રમાણે દરેક તીર્થસ્થાનમાં ભૂતકાળની કથા સંકળાયેલી હોવાથી, ત્યાં જિનમંદિરોમાં બિરાજમાન પ્રતિમાજીના દર્શન કરતા હૃદયમાં બહુમાન આવતા ભક્તિના ભાવો ઉછળે છે.

સોનગઢમાં શ્રી જિનમંદિરની પ્રતિષ્ઠા પહેલાં સૌ પ્રથમ શ્રી વીતરાગી પ્રતિમાજીના દર્શનનો વિરહ લાગતાં પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત શ્રી શત્રુંજય જે પાલીતાણાથી પણ પ્રસિદ્ધ છે. ત્યાં શ્રી ત્રણ પાંડવો તથા ૮ ક્રોડ મુનિરાજો મોક્ષે પધાર્યા છે. તથા શ્રી વીતરાગ મુદ્રાના સૌમ્યધારી શ્રી શાન્તિનાથ પ્રભુજીના દર્શન કરતાં હૈયા ઉછળી પડ્યાં. ત્યારે પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂ. બેન શાન્તાબેને આવા ઉત્કૃષ્ટભાવે ભાવના ભાવી કે સોનગઢમાં મંદિર બંધાવો. શ્રી જિનેન્દ્ર દેવના દર્શન હોવા જોઈએ. આ સંદેશો પૂજ્ય ગુરુદેવને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પહોંચતા પૂજ્ય ગુરુદેવે કહ્યું ભાવના ભાવો અને ત્યાંથી શ્રી ગિરનારગિરી સિદ્ધક્ષેત્રની યાત્રા પણ અપૂર્વ થઈ કે ત્યાં તો પૂ. ગુરુદેવને પણ એટલા ભાવ ઉછળ્યા હતા કે પાંચમી ટૂકેથી ઉંચો હાથ કરી સિદ્ધશિલાના જાણે દર્શન કરાવતા હોય, જાણે અહીંથી જ ઉપર લોકાગ્રે સિદ્ધશિલામાં બિરાજે છે. અહીંથી જ પ્રભુએ યોગનિરોધ કરી, સાદી અનંત સુખ સમાધિમાં મ્હાલી રહ્યા છે. આવા ભાવો સ્ફુરાયમાન થતાં શ્રી નેમીનાથ ભગવાનને યાદ કરી કરીને લળી લળીને પાયે લાગે છે અને કહે છે કે હે ! **વિદેહીવાસી સીમંધરનાથ આપના તો ભરતે વિરહા પડ્યા છે, પરંતુ વીતરાગી પ્રતિમાજીના પણ દર્શન નહીં.** ત્યાંથી નીચે ઉતરતા બંને બેનો સિદ્ધોની ભક્તિ કરતાં કરતાં સહેસાવનમાં આવતા, બધા થનગની ઉઠ્યાં, અને પૂજ્ય ગુરુદેવના ભાવો સમાતા ન હતા, કે ત્યાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા. જાણે ભગવાનની સાથે વાતો કરવા લાગ્યા એ અહો......હો.....નેમીનાથ ભગવાન! આ તો આપની તપોભૂમિ છે અને ભગવાન સાથે એવા કોલકરાર કર્યા કે પ્રભુ અમે પણ શીઘ્ર આપની પાસે જ આવવાના છીએ અને બધાને કહ્યું કે આજની યાત્રા સફળ થઈ, અને યાત્રાળુઓના હૃદય ભરાઈ આવતા હર્ષના આંસુ આવી ગયા......

વીર સંવત 2010 થી 2020 (ઈ.સ. 1954–1964) નો દશકાનો સમય એ પ્રતિષ્ઠા મહોત્સવ અને તીર્થયાત્રાનો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વિશેષ હતો. જે ગામમાં પ્રતિષ્ઠાનું આયોજન હોય તો ત્યાંની આસપાસ આવેલા સિદ્ધક્ષેત્રો અને અતિશયક્ષેત્રોની યાત્રા પૂ. ગુરુદેવ સાથે સંઘ સહિત યાત્રા કરતા. દરેક ક્ષેત્રોમાં મુનિરાજોની મહિમા ગાતાં તેમજ પરિચય કરાવી મુમુક્ષુઓને જૈન સંસ્કૃતિ, જૈન સંસ્કારોથી લાભાન્વિત કરી ધન્ય કર્યા હતા.

પાલેજમાં મંગળમય મહોત્સવ કરી પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત સજોત—અંક્લેશ્વરની અપૂર્વ યાત્રા કરી, ત્યાંથી શ્રી ધરસેનાચાર્યને ખૂબ યાદ કર્યા અને શ્રુતપંચમીનું મહત્ત્વ બતાવતા કહ્યું કે શ્રી ધરસેનાચાર્યાદિની આજ્ઞાથી શ્રી પુષ્પદંત અને શ્રી ભૂતબલી મુનિવરોના ગુણગ્રામ ગાતા યથાયોગ્ય શિષ્યો શ્રી ધવલરાજાદિ શાસ્ત્રોની પૂર્ણાહુતિ આ ક્ષેત્રમાં કરી હતી. અંતિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુની દિવ્ય દેશના જે શ્રુતપરંપરાથી આચાર્યદેવને શ્રુતની લબ્ધિ પરંપરા આ પાંચમાં આરાના અંત સુધી સુરક્ષિત રહેશે. તેથી સૌ પ્રથમવાર આ ક્ષેત્રથી લિપિબદ્ધ થઈ હતી. આવા આવા અનેકો ગુણોથી મહિમા બતાવી, ત્યારપછી ભગવતી માતાઓએ જિનવાણીની ખૂબ જ ઉત્સાહભરી પૂજા કરાવી હતી. આચાર્યદેવે સ્વયં જિનવાણીની સ્તુતિ કરી હતી. આવો ઉત્સાહ જોતાં સંઘના યાત્રીઓએ પણ પૂજા કરી જિનવાણીમાતાના વધામણા કર્યા હતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અંકલેશ્વરમાં પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં કહ્યું કે– ''શુદ્ધાત્માની અનુભૂતિ કરવી એ જ સર્વ શ્રુતનો સાર છે.'' આ રીતે ભગવાન આત્માની મહિમા ગાતા જિનવાણીનું બહુમાન આવે છે કે અહો ! મારા આત્માની આવી અપૂર્વ વાર્તા આ જિનવાણીમાં છે ! બંને બેનોએ જિનમંદિરમાં પૂ. ગુરુદેવની ઉપસ્થિતિમાં શ્રી મહાવીર પ્રભુ સમક્ષ જિનવાણીની તેમજ આચાર્ય ભગવંતોની ભક્તિ ખૂબ જ જોરશોરથી કરાવી હતી.

આવા આવા ઘણાં ઘણાં સંસ્મરણો સાથે પૂ. ગુરુદેવ તથા બંને માતાઓ સાથે સંઘ સહિત નવવાર વિહાર કર્યો. તેમાં શાશ્વત તીર્થ શ્રી સમ્મેદશિખરજી અને ઉત્તર ભારતના તીર્થોની યાત્રા, મધ્યભારતના તીર્થોની યાત્રા તથા દક્ષિણના તીર્થધામોમાં શ્રી બાહુબલી પોન્નુર વગેરે ઇંદોર નજીક શ્રી સિદ્ધેશ્વરકૂટ, મક્ષીપાર્શ્વનાથ, ઉન–બડવાની જેવા સિદ્ધક્ષેત્રોની યાત્રા એકવાર નહીં બે–બે ચારવાર કરી સંતુષ્ટ થયા હતા. મહારાષ્ટ્રના તીર્થક્ષેત્ર શ્રી ગંજપંથા, માંગીતુંગી, મુક્તાગિરિ, કુંથલગિરિ, શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ, શીરપુર આદિ અનેકો તીર્થયાત્રા કરી છે. પૂજ્ય ગુરુદેવના મહાન પ્રભાવના યોગે કોઈ પણ ક્ષેત્ર ભારતનું બાકી રહ્યું નથી. ગુજરાતમાં પણ શ્રી ગિરનાર–પાલીતાણા તો ઘણીવાર જતા. અંતમાં આફ્રિકામાં પણ પંચકલ્યાણક પ્રતિષ્ઠા કરવા ગયા હતા.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જે મહાપુરુષોએ પોતાના આત્માનું સ્વરૂપ જાણ્યું છે, તેઓએ જ અરિહંત, શ્રી સિદ્ધ ભગવાન, શ્રી આચાર્યદેવ, શ્રી ઉપાધ્યક્ષ અને નિર્ગ્રંથ મુનિવરોનું યથાર્થ સ્વરૂપ જાણ્યું છે અને તેથી તેમને શ્રી વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ખરી ભક્તિના ભાવો ઊછળતા પોતાનો આત્મા પણ ઉછળે છે.

## મંગલ તીર્થયાત્રાનું પ્રયાણ શાશ્વત સમ્મેદશિખરજી

તીર્થાધિરાજ શાશ્વત તીર્થ શ્રી સમ્મેદશિખરજી જેવા મહાન તીર્થના અપૂર્વ યાત્રા કરતાં અનંત સિદ્ધ ભગવંતોનું સ્મરણ થાય છે. સિદ્ધપદને સાધનારા તીર્થંકરો અને સંતોના સમૂહ સ્મૃતિસમક્ષ તરવરતો થકો આપણને મોક્ષમાર્ગની પ્રેરણા જગાડે એવા એ સિદ્ધિધામની યાત્રા તો મુમુક્ષુજીવનનો એક આનંદ–મંગળમય પ્રસંગ છે.

રત્નત્રયતીર્થપ્રવર્તક તીર્થંકરો અને તેને સાધનાર સંતો જે ભરત ભૂમિમાં વિચર્યા તે તીર્થસ્વરૂપ સંતોના પવિત્ર ચરણ પડતાં, તે ભૂમિના રજકણ પાવનતીર્થને તરી પૂજ્ય બન્યા છે. એવી આ શાશ્વત તીર્થભૂમિની મંગળ યાત્રા કરવા માટે ઘણા સમયથી ભક્તોના હૃદય તલસી રહ્યા હતા.....

જે પવિત્ર ક્ષેત્રથી ચોવીશમાંથી ૨૦ તીર્થંકરો અને ૧૬૪૮,૦૦૦૧૨૩૧૭૧૭૩૪૭૫ મુનિવરો મોક્ષ પામ્યાં છે. તે મોક્ષભૂમિની યાત્રા કરવા પૂજ્ય ગુરુદેવનું હૃદય ઘણા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સમયથી ઉત્સુક હતું. આ યાત્રા કરવા અવારનવાર વિનંતી કરતા હે ગુરુદેવ ! જેમ આપ સિદ્ધ ભગવાનનો માર્ગ દર્શાવો છો, તો તેમ એ સિદ્ધિનું ધામ પણ દેખાડોને ?......

પૂજ્ય ગુરુદેવના અંતરમાં પણ એ સમ્મેદશિખરજી તીર્થધામને ભેટવાની ઉર્મીઓ જાગતી હતી કે ક્યારે આ પવિત્રભૂમિના દર્શન થાય !......!....!

આ ઉર્મિઓ જાગતા સંવત ૨૦૧૦ (ઈ.સ. 1956) ના શ્રાવણ સુદ એકમની સાંજે ભક્તોને બોલાવીને તેઓશ્રીએ સંઘ રહિત શ્રી સમ્મેદશિખરજીની યાત્રાએ પધારવાની સ્વીકૃતિ આપી. પૂજ્ય ગુરુદેવના શ્રી મુખેથી એ મંગળ વધાઈ સાંભળીને ભક્તો અતિ પ્રસન્ન થયા. સોનગઢમાં અને દેશભરમાં ઠેરઠેર હર્ષનાદ છવાય ગયો. જેમ સિદ્ધપદ પામ્યા પહેલાં પણ સાધકના હૃદયમાં તેના આનંદનો ભણકાર વાગે છે; તેમ પૂજ્ય ગુરુદેવ સાથે સિદ્ધિધામની યાત્રાનો નિર્ણય થતાં જ યાત્રા કર્યા પહેલાં જ પૂજ્ય ચંપાબેન, પૂજ્ય શાન્તાબેનના હૃદયમાં હર્ષ સમાતો ન હતો કે ધન્ય અવસર માટે સૌ એવા આતુર બન્યા હતા.

સંવત 2013 (ઈ.સ. 1957) ના કારતક સુદ નોમથી બારસ સોનગઢના નૂતન ભવ્ય જિનાલયમાં ઉપર ભગવાન શ્રી નેમીનાથ જિનેન્દ્ર દેવની વેદી પ્રતિષ્ઠા મહોત્સવ ઘણા ઉલ્લાસ અને ભક્તિ પૂર્વક ઉજવાયો. ત્યારબાદ શાશ્વત

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તીર્થરાજને ભેટવાની જોરદાર તૈયારીમાં બે દિવસ ઝડપથી ચાલ્યા ગયા. કારતક સુદ ૧૪ ના પ્રવચનમાં ભાવભીના ઉદ્‌ગારથી પૂજ્ય ગુરુદેવે કહ્યું : જુઓ કાલે તો હવે સમ્મેદશિખરજીની યાત્રા માટે જવાનું છે. અનંત તીર્થંકરો ત્યાંથી મોક્ષ પામ્યા છે. ભગવંતો જે માર્ગે મોક્ષ પામ્યા તે જ માર્ગ ભગવંતોએ ઉપદેશ્યો છે. હે સર્વજ્ઞપિતા! આપ કહેનાર અને અમે ઝીલનાર, આપે કહ્યું તે ઝીલીને અમે પણ આપના પગલે પગલે આપના માર્ગે ચાલ્યા છીએ.

શાશ્વત સિદ્ધિધામ સમ્મેદશિખરજી માટે સોનગઢથી પૂજ્ય ગુરુદેવ તથા ભગવતી માતાઓ સાથે સેંકડોની સંખ્યામાં જિજ્ઞાસુઓ, ત્યાગીઓ તથા બ્ર. બેનો વગેરે યાત્રા માટે મંગળ પ્રસ્થાન કરી પાલેજમાં વેદી પ્રતિષ્ઠા કરી અનેક ગામમાં વિહાર કરતાં માગશર વદ ૧૪ ના રવિવારે ગુરુદેવ સાથે યાત્રા સંઘ મુંબઈ નગરીમાં પહોંચ્યો. એ પ્રસંગે ઠેર ઠેર વિવિધ શણગારથી મુંબઈ નગરીને તોરણો વગેરે અનેક સજાવટથી શણગારી, સ્વાગતસૂત્રો સાથે બેન્ડવાજા સાથે અનેક પ્રકારના વાહનોથી સુશોભિત શરણાઈઓના સૂરથી મુંબઈના મુમુક્ષુઓ ઘણા કાળથી પૂજ્ય ગુરુદેવના આગમનની પ્રતિક્ષા કરી રહ્યા હતા. તે ભાવના પૂરી થતાં સૌના હૃદય ઉલ્લાસથી ઉછળી રહ્યા હતા. એવામાં પૂજ્ય ગુરુદેવ પધારતા સૌએ હૃદય ખોલીને ભવ્ય સ્વાગત કર્યા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



હતા. અને ઝૂલુસમાં જિનમંદિરોના દર્શન કરી આગળ વધતાં વધતાં શ્રી મંડપમાં પધાર્યા ત્યારે ૪ થી ૫ હજાર માણસોની મેદનીમાં પૂજ્ય ગુરુદેવે માંગલિક કર્યું અને બંને બેનોએ અદ્‌ભૂત ભક્તિરસ ખૂબ ઉત્સાહપૂર્વક રેલાવ્યા હતા. પ્રથમવાર યાત્રા હિસાબે બધાનો ઉત્સાહ જ કોઈ અનેરો હતો. મુંબઈથી મંગળ પ્રસ્થાન સં. ૨૦૧૩ (ઈ.સ. 1957)ના પોષ સુદ પૂર્ણિમાના શાશ્વત તીર્થરાજ શ્રી સમ્મેદશિખરજીની યાત્રા માટે પ્રસ્થાનના મંગળ દિને ૫૨૫ યાત્રિકો **પૂજ્ય ગુરુદેવની મોટર ''મંગલવર્ધીની''** અને બંને બેનોની મોટર **''ગુરુ પંથીની''** સાથે અનેકો મોટરો–બસોની હારમાળા સાથે રવાના થયા. કલકત્તાના રહીશ શેઠશ્રી વછરાજજી ગંગવાલે તદ્દન નવી મોટર પૂજ્ય ગુરુદેવ માટે ખરીદી હતી. બંને માતાઓ એવી ભક્તિ કરતા હતા કે :—

**ભક્તિ**

''હિલમિલ કર સબ ભક્તો ચાલો, શાશ્વત તીરથધામમેં''
આનંદ પૂર્વક યાત્રા કરીએ ગુરુજીની સાથમાં......
ભરતક્ષેત્રકા તીરથજો હૈ, અનંત જિનેશ્વર મુક્તિ ગયે હૈ.....
અનેક મુનિશ્વર ધ્યાન કિયા હૈ, ઐસે તીરથરાજમેં.....
ઐસે તીરથરાજમેં.......

સૌ પ્રથમ યાત્રાનું સ્થાન શ્રી ગજપંથની યાત્રા કરી, જ્યાંથી સાત બલભદ્રો મોક્ષમાં પધાર્યા છે. તે ક્ષેત્રની બાજુમાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવની સમાધિ સ્મૃતિમાં દેવલાલીમાં પૂજ્ય કાનજી સ્વામી સ્મારકનું ભવ્ય આયોજન થયું છે. જ્યાં પૂજ્ય ગુરુદેવના ચરણ પડ્યા છે. જ્યાં જ્યાં મહા પુરુષોના ચરણ પડતા ત્યાં પ્રભાવના યોગ ઘણો જ પ્રસરી રહ્યો છે.

ગજપંથાની યાત્રા કરી—માંગીતુંગી સિદ્ધક્ષેત્રની યાત્રા કરી ત્યારે શ્રી રામચંદ્રજીને ભેટ્યા હોય, હનુમાનજીને ભેટ્યા હોય તેવું દ્રશ્ય ભક્તિ દ્વારા ભાવો ખૂબ જ ઉલ્લસતા હતા. માંગીતુંગીથી ૯૯ ક્રોડ મુનિ ભગવંતો શ્રી રામચંદ્રજી તથા હનુમાન વગેરે મોક્ષમાં પધાર્યા છે.

### ભક્તિ

જય રામચંદ્ર જય રામચંદ્ર જય રામચંદ્ર દેવા.....
માતા તોરી કૌશલ્યાને પિતા દશરથ રાયા......
અયોધ્યામેં જન્મ લીયા, તમે અષ્ટ બલભદ્રરાયા.......
માંગીતુંગીસે મોક્ષ પધારે, હો દેવન કે દેવા......
સિદ્ધાલયમેં આપ બિરાજો, વંદન આજ અમારા.......
કહાનગુરુ સાથે યાત્રા કરતાં આનંદ અપરંપાર.......

આવી નવીનવી ભક્તિઓ બંને માતાઓ ગવરાવતા અને પ્રસંગ અનુસાર—અનુરૂપ નવા નવા કાવ્યો સ્વયં જોડીને ગવરાવતા. જેથી બધાના ભાવો ખૂબ જ ઉલ્લસતા હતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## ભક્તિ

ધન્ય રામચંદ્ર આતમહિતમેં છોડ દિયા પરિવાર કિ
તુમને છોડા સબ સંસાર.
ધન છોડા વૈભવ સબ છોડા, જાના જગત અસાર કિ
જાના જગત અસાર.

શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુની આત્મીય ભક્તિ–પૂજા ખૂબ આનંદ પૂર્વક કર્યા બાદ પૂ. ગુરુદેવ મંગળ પ્રવચનમાં બોલ્યા કે :—જુઓ આ યાત્રા પ્રસંગે આજે આ પહેલ વહેલું પ્રવચન અહીં માંગીતુંગી સિદ્ધક્ષેત્રમાં થાય છે. તેમાં સિદ્ધિના ઉપાયની વાત આવી છે. આપણે પણ સંત મુનિવરો જે ધ્યાનથી મુક્તિ પામ્યા છે. તે **''ધામ''** ની યાત્રા કરવા નીકળ્યા છીએ. અહીંથી તે સંતો કેવા ભાવથી મુક્તિ પામ્યા છે તે **''ભાવ''** ની વાત છે. આવી રીતે **'ભાવ' અને 'ક્ષેત્ર'** બંને રીતે તીર્થયાત્રાનો મેળ છે. સંતો જે ઉપાયથી મુક્તિ પામ્યા તે ઉપાયને જાણી સંતોના માર્ગે ચાલવું તે જ ખરી યાત્રા છે.

આવી રીતે જે સિદ્ધક્ષેત્રની યાત્રા કરતાં ત્યાં પૂજ્ય ગુરુદેવના પ્રવચનો નિયમિત થતાં અને સિદ્ધોની મહિમા અને ક્ષેત્રની મહિમા બતાવી પોતાના જ્ઞાયકદેવની મહિમા બતાવતા હતા. આગળ વધતાં વધતાં અનેક ગામમાં રસ્તામાં મુમુક્ષુઓ લાભ લેતા હતા. અહીં યાત્રા સંઘ ઇંદોર

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તરફ બડવાની સિદ્ધક્ષેત્ર જેને બાવનગજા—ચૂલગિરિ પણ કહે છે. પૂજ્ય ગુરુદેવ સંઘ સાથે પોષવદ પાંચમના બડવાની યાત્રા કરતાં ૮૪ ફૂટના શ્રી આદિનાથના ખડગાસન પ્રતિમાજીના દર્શન કરતા હૃદય ઉછળી જાય; આ પ્રતિમાજી પહાડ પર જ કોતરાયેલા એવા ૫૦૦ ધનુષની કાયાવાળા જાણે સાક્ષાત્ ઉભા હોય એવું લાગતા આનંદ આનંદ થયો. ત્યાંથી પાવાગિર ઉન સિદ્ધક્ષેત્રે યાત્રા કરી. જ્યાંથી શ્રી સુવર્ણભદ્ર, મણિભદ્ર વગેરે ચાર મુનિભગવંતો મુક્તિ પામ્યા છે. ત્યાં ૯૯ સુંદર જિનમંદિરો છે. ૧૦૦ માં એક ઓછું (ઉન) છે માટે ઉન નામ પડ્યું છે.

પોષવદ આઠમના સવારે જયજયકાર કરતાં યાત્રિકો સહિત પૂજ્ય ગુરુદેવ પાવાગિરિ સિદ્ધિધામમાંથી સુવર્ણભદ્રાદિ ચાર મુનિવરો નિર્વાણ પામ્યા છે. ત્યાં પૂજ્ય ગુરુદેવ એવા ભાવથી નમસ્કાર કર્યા ત્યારપછી ભોંયરામાં શ્રી રત્નત્રય વિભૂષિત શ્રી શાન્તિનાથ—શ્રી કુંથુનાથ—શ્રી અરહનાથએ ત્રણ ચક્રવર્તી તીર્થંકર ભગવંતોની ત્રિપુટી અદ્ભૂત ૧૫ ફૂટ ઊંચા પ્રતિમાજી શોભી રહ્યા છે. આવા દર્શન જીવનમાં પહેલવહેલા જ કર્યા. પૂજ્ય ગુરુદેવ સાથે આ ભગવંતોના દર્શન કરતાં કરતાં બંને બેનો ખૂબ જ પ્રસન્ન થતા હતા.

દર્શન યાત્રા કરી પૂજ્ય ગુરુદેવે પ્રવચનમાં ફરમાવ્યું કે અહીં મુક્તિના મંડપમાં આચાર્યદેવ સર્વે સિદ્ધભગવંતોને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અને સર્વે સંતોને આમંત્રણ આપી બોલાવે છે કે અહો! શુદ્ધાત્માને પામી ચૂકેલા સિદ્ધભગવંતો અને શુદ્ધાત્માના સાધક સંતો! મારા આત્મામાં આપ પધારો...... પધારો..... મારા મુક્તિ મહોત્સવના મંગલ મંડપમાં આપ વેલાવેલા પધારો. આચાર્યદેવને શુદ્ધાત્મા જ પ્રિય છે. જેથી શુદ્ધાત્માના સાધક સંતને વારંવાર યાદ કરે છે. જુઓ આ શાન્તિનાથ–કુંથુનાથ–અરહનાથ પહેલા ચક્રવર્તી હતા. તેઓએ આ પદ છોડીને મુનિપદ લીધું અને ચૈતન્યના આનંદનું ધ્યાન કરી કરીને મોક્ષદશા સાધી છે. તે ભૂમિના આપણે દર્શનાર્થે નીકળ્યા છીએ. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવે સિદ્ધવરકૂટ–સિદ્ધક્ષેત્રની યાત્રા માટે પ્રવચન કર્યું.

પોષ વદ ૧૧ ૐકારેશ્વરઘાટ પર શરણાઈના સૂર વાગી રહ્યા હતા. ત્યાંથી નાવમાં બેસીને શ્રી સિદ્ધવરકૂટ તરફ નૌકાવિહાર હતો. જેમાં અનેકો નૌકા યાત્રિકો માટે જાણે રાહ જોઈને ઉભી હતી. તેમાં એક નૌકા ધજાઓથી સુશોભિત પૂજ્ય ગુરુદેવ માટે તૈયાર ઊભી હતી. તેમાં પૂજ્ય ગુરુદેવ મંદહાસ્યપૂર્વક "જય ભગવાન" કહેતા ગુરુદેવ નૌકામાં પધાર્યા અને ગુરુદેવની સાથે પ્રમુખ શ્રી રામજીભાઈ, મંત્રી શ્રી નેમીચંદજી પાટની વગેરે મુખ્યાઅનેક ભક્તો સાથે બેઠા અને પૂજ્ય ભગવતી માતાઓ એવા આનંદ પ્રસંગમાં મુખ્ય ભક્તિનૌકામાં બેસીને ગુરુદેવ સાથે જાણે સિદ્ધિધામમાં જતાં હોઈએ એવા ઉમંગથી ભક્તિ કરતાં કરતાં જાણે શાશ્વત

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સિદ્ધોના દરબારમાં જતા હોઈએ એવું લાગતું હતું. ભેદજ્ઞાન નૌકા વડે અનંત સંસાર સમુદ્રને તરી જનારા સાધકોને એક નાની નદી પાર કરવી તો શા હિસાબમાં હોય? ખરેખર જ્ઞાનીઓની નૌકા નિરાળી છે, ત્યારે બંને બેનો ગવડાવી રહ્યા હતા કે :—

**ભક્તિ**

નૈયા તુમારી નિરાલી પ્રભુજી, નૈયા તુમારી નિરાલી......
ભવકી નદીયાં ઈસ નૈયાસે....લાખોં ભવિજન પાર લાગે....
આનંદ નાવ ચલાતે હૈ......મુક્તિકે ઘાટ દીખાતે હૈં......
વો સ્વામીકો ભજનેવાલે......મોક્ષપુરીમેં જાતે હૈ......

સવા પાંચસો યાત્રિકોને સિદ્ધવરકૂટ લઈ જવા માટે અનેક નૌકાઓ સરસર કરતી નર્મદા નદીના નિર્મળ નીરમાં ચાલી સામે કાંઠે જ્યાંથી એ ચક્રવર્તી (સનતકુમાર અને મધવા) દસ કામદેવ અને સાડા ત્રણ કરોડ મુનિવરો સિદ્ધપદ પામ્યા છે. તેના દર્શન માટે બધા આતુરતા સામે નિરીક્ષણ કરી રહ્યા છે. અને બંને બેનો નૌકામાં બેઠા બેઠા એવા અંતરંગનાઆ રંગે ભક્તિઓ ગવડાવતા હતા કે સામે આજુ—બાજુ નૌકામાં બેઠેલા ભક્તો એવા નાચી ઊઠ્યા હતા અને બધા ભક્તિમાં મશગુલ હતા કે જે ભક્તિનો રંગ જોઈને પૂજ્ય ગુરુદેવ પણ પ્રસન્નતાથી કહેતા કે જુઓ ભક્તો કેવા ખીલ્યા છે. આમ ભક્તિ કરતાં કરતાં જાણે કે ભવસાગરને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તરીને સિદ્ધ ભગવાનના ધામમાં ગુરુદેવના પગલે પગલે જયજયકાર કરતા સૌ યાત્રિઓ સિદ્ધિધામના દર્શને પહોંચ્યા અને સૌ ગુરુદેવ સાથે જિનમંદિરમાં દર્શન–પૂજા–ભક્તિ કરતાં. પૂજ્ય ગુરુદેવે એક જિનબિંબ ખૂબ જ પ્રાચીન તેમજ અતિશય વૈરાગ્ય ભાવનામાં ઝૂલતાં એ જિનમુદ્રા જોતાં થયું કે જાણે આ પ્રતિમાજી ચોથાકાળના હોય તેમ સહજ લાગતું હતું. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવ પ્રવચનમાં પણ એટલી મહિમા ગાતા બોલ્યા જુઓ આ સિદ્ધવરકૂટ તીર્થ છે. અહા! સિદ્ધભગવંતો જગતના ઉત્કૃષ્ટ શિખર સમાન છે. એવા ઉત્કૃષ્ટ સિખરસમાન સિદ્ધપદને પામનારા કરોડો જીવો અહીંથી મોક્ષ પામ્યા છે. ત્યાંનું રમણીય દ્રશ્ય પણ ચારેકોર મુનિવરો ધ્યાનમાં બેઠા બેઠા મોક્ષ પામ્યા છે. આત્માની શક્તિઓ અનંત ચતુષ્ટય છે. તે શક્તિમાંથી સિદ્ધપદ વ્યક્ત થાય છે.

આ રીતે સિદ્ધવરકૂટ સિદ્ધિધામની મંગળ યાત્રા આનંદ પૂર્વક થઈ. ત્યારબાદ સાંજે બડવાહ પોષવદ ૧૧ ના પધાર્યા. ત્યાંના દિગંબર સમાજે ભક્તિભાવ પૂર્વક સ્વાગત કર્યા અને જિનમંદિરોના દર્શન–ભક્તિ કરી પૂજ્ય ગુરુદેવ સાથે ચર્ચાપ્રશ્નો પણ સારા થયા. ત્યાંના મુમુક્ષુઓએ સારો પ્રેમ બતાવ્યો. રાત્રિ થવાથી યાત્રિકોની બસ વહેલા–મોડી આવવાથી ભગવતી માતાઓ બધા બેનો ભાઈઓની

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વાત્સલ્યતાપૂર્વક સંભાળ લેતા હતા. મોડા આવનાર બેનો ભાઈઓની ચિંતા કરતા હતા. પૂજ્ય બેન તો બહારમાં રાહ જોતા હોવાથી જ્યાં બસ આવી એટલીવારમાં તો બધા ભગવતી માતાઓને ઘેરી વળ્યા અને એવું હર્ષનું વાતાવરણ છવાય ગયુ કે તેઓનું કૃપાપૂર્ણ વાત્સલ્ય દેખીને બાળકોને ઘણું જ આશ્વાસન મળ્યું. ત્યારે એવું જોવા મળ્યું કે બાળકો પ્રત્યે લાગણી અને પ્યાર હોય છે.

પોષ વદ બારસના ઇંદોર સમાજના ભક્તોનો અતિ હર્ષ ઉભરાતો હતો, કે હમણાં પૂજ્ય ગુરુદેવ પધારશે. ઇંદોર શહેરમાં પૂજ્ય ગુરુદેવ પધારતા જ સમાજે ભાવભર્યું ભવ્ય સ્વાગત કર્યું. જેમાં મુખ્ય શેઠ શ્રી હુકમચંદજી તથા તેઓના પુત્ર રાજકુમાર સિંહજી વગેરે દસ હજાર કરતા વધુ સંખ્યામાં ઇંદોરના જૈન સમાજે ઉત્સાહપૂર્વક પુષ્પની વૃષ્ટિ કરી. પૂજ્ય ગુરુદેવનું સન્માન કર્યું. ઇંદોર નગરીમાં વૈભવશાળી સ્વાગત બહુ શોભતું હતું. એ સ્વાગત જોઈને નગરીનો સમાજ ખૂબ જ પ્રભાવિત થતો હતો. ત્યારબાદ પંડાલમાં પૂજ્ય ગુરુદેવે માંગલિક કહ્યું કે અરિહંત, સિદ્ધ, સાધુ અને સર્વજ્ઞદેવે કહેલો ધર્મ તે જ મંગળરૂપ છે. આત્માને જેવો સર્વજ્ઞદેવે કહ્યો છે, તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં લીનતા તે જ મંગળ છે. સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપ રત્નત્રયભાવ તે જ જગતમાં ઉત્કૃષ્ટ મંગળ છે. સમ્યગ્દર્શનમાં સિદ્ધભગવાન જેવા અપૂર્વ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આનંદનો નમૂનો આવી ગયો છે. એ સમ્યગ્દર્શન પણ મહામંગળ છે. આવું મંગળમય માંગલિક સાંભળતા સભાજનો ખૂબ જ આનંદમાં આવ્યા અને ગુરુદેવ પ્રત્યે બહુમાન પ્રગટ કરતા હતા. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવ કાચના મંદિરે દર્શન કરવા પધાર્યા. ઈંદોરના સર હુકમચંદજી શેઠ દ્વારા કાચની કારીગરીવાળું જિનમંદિર જે ખૂબ પ્રસિદ્ધ છે. તે જિનમંદિરમાં દર્શન માટે દેશદેશાવરના લોકો આવે છે. તે મંદિરમાં બિરાજમાન શ્રી શાન્તિનાથ ભગવાનની પરમ શાન્ત મુદ્રાના એવા ભાવથી દર્શન કર્યા કે પોતાનું ચિત્ત ત્યાં જ થંભી ગયું અને ત્યાંના અગ્રેસર રાજકુમારસિંહજી ગુરુદેવની સાથે સાથે રહીને બધું બતાવતા હતા અને સર શેઠ હુકમચંદજીને પૂજ્ય ગુરુદેવે પૂછ્યું કે તમારાથી વ્યાખ્યાનમાં આવી શકાશે? શેઠજીએ તુરત ઉલ્લાસથી જવાબ આપ્યો કે હાં જરૂર આઉંગા. શેઠજીને એટલો હર્ષ હતો કે પૂજ્ય ગુરુદેવ સામે પોતાની ભાવના વ્યક્ત કરતાં કે સ્વામીજી આપ સમ્મેદશિખરજી કી યાત્રા કરને પધાર રહે હૈં, યહ જાનકર મુઝે બહુત ખુશી હુઈ! અગર મેરી શારીરિક હાલત અચ્છી હોતી તો મૈં ભી મોટર લેકર આપકે સાથ ચલતા. આવા શેઠજીના ભાવોથી આનંદવિભોર થયા. તેઓના હર્ષોલ્લાસથી ઈંદોર જૈન જનતાએ એવું સ્વાગત કર્યું કે બીજા બીજા ગામમાં ઠેર ઠેર એકબીજાને ભૂલાવે એવા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ભાવભીના ગુરુદેવના સ્વાગત થયા. જે આ મહાન પ્રભાવશાળી ગુરુદેવના મહાન પુણ્ય પ્રભાવથી સૌ યાત્રિકો તેમજ સામેની સમાજ આશ્ચર્યચકિત થતા હતા. આ પ્રમાણે ચાર દિવસ ઇંદોરમાં દરેક જિજ્ઞાસુ બુદ્ધિવાળા જીવો પૂ. ગુરુદેવના પ્રવચનો તથા ચર્ચામાં શંકા–સામાધાન થતાં બધાએ શાન્તિપૂર્વક લાભ લીધો અને અંતમાં પૂજ્ય ગુરુદેવનો આભાર માનતા સ્વામીજીને ચાતુર્માસમાં પધારવા વિનંતી કરી શ્રી રાજકુમારસિંહજીએ અભિનંદન પત્ર ગુરુદેવને અર્પણ કરતા. પૂજ્ય ગુરુદેવ યાત્રા માટે આગળ જવાથી બધાને ઉદાસીનતા છવાઈ ગઈ.

**મહા સુદ એકમ–બીજના પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત બે દિવસ માટે ઇતિહાસપ્રસિદ્ધ ઉજ્જૈન નગરી પધાર્યા.** ત્યાંપણ ભવ્ય સ્વાગત–માંગલિક–પ્રવચનો, દર્શન–પૂજા–ભક્તિ કરી. મક્ષીપાર્શ્વનાથરસ્તામાં આવ્યું હતું. ત્યાં પણ યાત્રિકોએ દર્શન કર્યા, અને આગળ વધતા રસ્તામાં અનેકો ગામ આવતા ત્યાં દર્શન કરતા કરતા ઝાંસી–થુબોનજી, ચંદેરી, દેવગઢમાં પણ ઘણા ઘણા પ્રાચીન મંદિરોમાં ભાવવાહી શ્રી જિનબિંબો ખડગાસન, પદ્માસન મુદ્રામાં દર્શન કરતા બધાના હૃદયો ઉછળી પડતા કે આવા દર્શન તો કોઈવાર પણ કર્યા જ નથી. ત્યાં પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત લલીતપુર પધારતા ભવ્ય સ્વાગત થયા અને ત્યાંના મુખ્ય

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પંડિત પરમેષ્ઠીદાસજીને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણો અહોભાવ હતો. જેઓ વિદ્વત્પરિષદમાં સોનગઢ થયું, તેમાં મૂળ પ્રેરક હતા. લલીતપુરમાં અનેકવેદી સંયુક્ત ભવ્ય જિનમંદિરોના બધાએ દર્શન કર્યા અને ચંદેરીની ચોવીસીના દર્શન કરતાં બંને બેનો (બેનશ્રીબેને) ખૂબ જ ભક્તિ કરી આગળ વધતા વધતા સામેથી સોનાગીરીના પહાડના દર્શન પૂજ્ય ગુરુદેવ મોટરમાં બેઠા બેઠા ઉજજ્વલ શિખરોનું અદ્‌ભૂત દશ્ય દેખતા દેખતા થોડીવારમાં તો સોનાગીરી સિદ્ધક્ષેત્રમાં આવી પહોંચ્યાની વધામણી સાંભળતા ભક્તજનો હર્ષવિભોર ગુરુદેવનું સ્વાગત કરવા દોડ્યા. યાત્રિકોએ શું જયજયકાર-પૂર્વક મંગલગીતો ગાતા ગાતા ભવ્ય સ્વાગત કર્યા બાદ પૂજ્ય ગુરુદેવે સંઘ સાથે જિનમંદિરના દર્શન કર્યા અને પૂજ્ય ગુરુદેવ તો ભક્તિ માટે બેસી ગયા. એટલામાં તો બંને માતાઓ પધાર્યા અને દર્શન કરીને ભક્તિની ધૂન મચાવી હતી.

## ભક્તિ

આજ મૈં મહાવીરજી આયા તેરે દરબારમેં
સાથ હી મેં ભક્તિ લેકર આયા તેરે દરબારમેં
અહો શ્રી સિદ્ધભગવાનજી મૈં આયા તેરે દરબારમેં
કહાનગુરુ કે સાથ મેં આયા તેરે દરબારમેં
ધ્યાન આસનકી જગહ દે દે મૈં આયા તેરે દરબારમેં.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

આ ક્ષેત્રથી મોક્ષ પામેલા નંગ—અનંગાદિ કરોડો મુનિવરો સિદ્ધભગવંતો સિદ્ધોના દરબારમાં પૂજ્ય ગુરુદેવ સાથે બેઠા છીએ એવા ભાવો બંને માતાઓએ ફરમાવ્યું. આ ભક્તિથી સંતોષ થયો નહીં તો તુરતમાં

ભવ—તન—ભોગ અનિત્ય વિચારા,
આત્મસ્વરૂપમેં ચિત્ત લગાયા,
જ્ઞાન—દરશ—ચારિત્ર કો ધ્યાયા,
કેવળજ્ઞાન લક્ષ્મી કો પાયા,
સોનાગીરી તીરથ પરસે પાયા સિદ્ધિધામ,
કિ તુમને છોડા સબ સંસાર,
પાંચ ક્રોડ મુનિ મુક્તિ ગયે....... અહો.
એને વંદન વાર હજાર કિ એને વંદન વાર હજાર...

સિદ્ધિધામના પવિત્ર શાંત વાતાવરણમાં મુનિવરોની ભક્તિનો ખૂબ જ રંગ જામ્યો હતો કે ધૂનમાં જોડી જોડી ભક્તિ ગવડાવતા સંતોષ થતો ન હતો. આ ભક્તિના રંગમાં સાધકોને સિદ્ધક્ષેત્ર મળ્યા પછી એમની ભક્તિમાં શું કમી રહે? મુનિવરોની ભક્તિ સાંભળતા પૂજ્ય ગુરુદેવ પણ વૈરાગ્યની ધૂનથી ડોલતા ડોલતા જાણે મુનિરાજનો વિરહ આજે ભૂલાય ગયો હોય એ રીતે સિદ્ધિધામમાં ભક્તિનો રંગ ચડ્યો હતો. સિદ્ધિના સાધકોને જાણે સાક્ષાત્ સિદ્ધોના દર્શન થયા હોય! તેવું વાતાવરણ સર્જાઈ ગયું હતું.

**મહા સુદ સાતમના સવારે નીચેના જિનમંદિરના**

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**દર્શન કર્યા, બાદ પૂજ્ય ગુરુદેવે સંઘ સહિત સોનાગિરી સિદ્ધક્ષેત્રની** યાત્રાનો પ્રારંભ કર્યો. મુંબઈથી સંઘ નીકળ્યા બાદ આ છઠ્ઠા સિદ્ધક્ષેત્રની યાત્રા થાય છે. અહીંથી નંગ–અનંગ એ બે મુનિવરો તથા બીજા સાડા પાંચ કરોડ મુનિવરો મુક્તિ પામ્યા છે. તેમજ શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનું સમવશરણ અનેકવાર આવેલું છે. આ સિદ્ધક્ષેત્ર ઘણું જ રળિયામણું છે. કે જાણે માથે મુગટના શણગાર સજર્યા હોય એમ ૭૭ જિનમંદિરોથી સોનાગિરી પર્વત શોભી રહ્યો છે. તેમ નીચે તળેટીમાં ૧૭ જિનમંદિરોથી શોભે છે. જો કે અત્યારે તો ઘણા ઘણા બીજા નવા નવા મંદિરો બની ગયા છે. આ દરેક મંદિરોના પૂજ્ય ગુરુદેવ સાથે દર્શન કરી અર્ઘ ચડાવ્યા પછી સૌએ પ્રદક્ષિણા કરી બંને ભગવતી માતાઓએ પણ અતિ ભાવભીના ચિત્તે ફરીફરીને એ મુનિવરોના પાવન ચરણોમાં નમસ્કાર કર્યા અને ત્યાંથી ઉપર જોઈને સિદ્ધાલયમાં બિરાજમાન સર્વ સિદ્ધોને વારંવાર વંદન કરતા કરતા યાત્રા પુરી કરી જયજયકારપૂર્વક મંગલગીત ગાતા હતા કે :—

ગીત

મારે સોના સમો રે સૂરજ ઊગીયો રે......
મેં તો હરખે નીહાળ્યા સિદ્ધિધામ મારે....
સોનાગીરીમાં આજે સોના સમો રે સૂરજ ઉગીયા.
મેં તો યાત્રા કરી રે ગુરુજી સાથ રે........

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મંગલ તીર્થયાત્રા દરમ્યાન સિદ્ધક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવે પ્રવચનમાં કહ્યું કે અહીં સમશ્રેણીએ અનંત સિદ્ધભગવંતો આત્માના પૂર્ણાનંદમાં બિરાજી રહ્યા છે. અહીંથી આત્મધ્યાન કરી કરીને મોક્ષ પામ્યા છે. તે ભાવનો અંશ પોતામાં પ્રગટ કરવો તે ભગવાનની એટલે રત્નત્રયની ખરી યાત્રા છે. આ રીતે સોનાગિરી સિદ્ધક્ષેત્રનો ઉલ્લાસપૂર્ણ કાર્યક્રમ પુરો કરી મહા સુદ આઠમના સવારે સિદ્ધક્ષેત્ર તથા શ્રી જિનેન્દ્રદેવનાં દર્શન કરી ગ્વાલિયર તરફ પ્રસ્થાન કર્યું.

મહા સુદ આઠમના પૂજ્ય ગુરુદેવ ગ્વાલીયર–લશ્કરમાં ભવ્ય સ્વાગત થયા બાદ, જિનમંદિરોના દર્શન કરતા બીજું દર્શનીય સ્થાન 'ગોપગિરી' છે. મોટા લાંબા કિલ્લા જેવી આખી પહાડી કોતરીને વિશાલ જિનબિંબોની અને જિનમંદિરોની હારમાળાની રચનામાં પદ્માસન–ખડગાસન પ્રતિમાજી પર્વતમાં જ કોતર્યા છે. ત્યાં ૩૦–૪૦ ફૂટના પદ્માસન પ્રતિમાજીઓની ભવ્ય કોતરણી જેમણે કરાવી હશે તે ધન્ય શ્રાવકો કેવા હશે? એ સમયની જૈનધર્મની જાહોજલાલી કેવી હશે? પ્રતિમાજીઓની અંતર્મુખ ઢળતી આંખો વીતરાગતા દર્શાવતી હતી. જેના દર્શનથી દર્શકના હૃદયમાં પણ જાણે વીતરાગતાની લહેરીઓ ઊઠે છે. આ રીતે ભારતમાં અનેક સ્થળે આખા પર્વતમાં દિગંબર જૈન ધર્મની પરમ સત્યતાને પોકારતા હોય એવું લાગે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ગ્વાલિયરનો આવો જૈન વૈભવ નિહાળીને અને ગ્વાલિયરની જનતાને પૂજ્ય ગુરુદેવે અંતરંગ જૈનવૈભવ ઉપદેશીને મહા સુદ નોમના પ્રવચન બાદ સંઘ સહિત આગ્રા તરફ પ્રસ્થાન કર્યું.

નેમીચંદજી પાટની જે આગ્રાના રહીશ અને પૂજ્ય સ્વામીજીના અનન્ય ભક્ત અને સોનગઢ ટ્રસ્ટના ટ્રસ્ટી હતા. જેઓ સોનગઢમાં શરૂથી જ આવતા અને મૂળ દિગંબર વિધિ–વિધાન વગેરેની પદ્ધતિ અનુસાર શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ કેવી હોય તે પોતે વિધિ વિધાન સહિત પૂજ્ય ભગવતી માતાઓને સૂચિત કરતા હતા. જેથી તેઓને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે વિશેષ પ્રકારે અહોભાવ હોવાથી યાત્રાનો પ્રોગ્રામ તેઓ જ કરતા અને પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીની ઉપસ્થિતિમાં બધા પ્રોગ્રામ નક્કી કરે અને પછી પૂજ્ય ગુરુદેવને જણાવતા. યાત્રાના પ્રવાસ દરમ્યાન પોતે ગુરુદેવની ગાડીમાં જ આગળ બેસતા. આટલા નિકટના શિષ્ય હોવાથી તેઓને આગ્રામાં પૂજ્ય ગુરુદેવ પધારે અને શું ન કરે ?

પૂજ્ય ગુરુદેવ આગ્રામાં સંઘ સહિત પધારતા તેઓનો હર્ષ ક્યાંય સમાતો ન હતો. એટલી બધી સ્વાગતની તૈયારી ચાલતી હતી. ત્યારે આગ્રાની આસપાસ કોઈ ગામે બિરાજતા એક ત્યાગીને વિરોધ કરવાનો વિચાર જાગ્યો. પોતાના આ વિચારના અમલ માટે આગ્રા આવવાનું તેણે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આગ્રાના આગેવાનોને જણાવ્યું.......પરંતુ દિગંબર જૈન સમાજના આગેવાનો તો વિચારશીલ હતા, તુરત જ એ ત્યાગી મહારાજને જવાબ મોકલી દીધો કે અમારા આગ્રામાં શ્રી કાનજીસ્વામીના વિરોધની પ્રવૃત્તિ થઈ શકશે નહીં, કાનજીસ્વામી જેવા આધ્યાત્મિક પુરુષ જ્યારે સંઘ સહિત અમારા આંગણે પધારી રહ્યા છે, ત્યારે તેમનું હાર્દિક સ્વાગત કરવાની અમારા જૈન સમાજની ફરજ છે. માટે આપ આગ્રા પધારશો નહીં, આમ છતાં જો તમે કાનજીસ્વામીનો વિરોધ કરવા આગ્રા આવશો તો તમારો જ ઉલટો વિરોધ થશે, માટે આપ વિવેકથી કામ લઈને કાનજીસ્વામીનો વિરોધ નહીં કરો એમાં તમારું હિત છે.

પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત આગ્રામાં રહ્યા, તે દરમ્યાન ત્યાંના મંદિરોના દર્શન કર્યા અને પૂજ્ય ગુરુદેવના પ્રવચનો સવારે–બપોરે અને રાત્રિના તત્ત્વચર્ચાનો લાભ મુમુક્ષુઓએ સારી સંખ્યામાં લીધો હતો. પૂજ્ય ગુરુદેવ પ્રવચનમાં બોલ્યા હતા કે :—જુઓ તમારા જ ગામમાં લખાયેલી વાત છે. માટે તમારે તો સમજવી જરૂરી છે. આગ્રાના તાજગંજમંદિરમાં એક ''શ્રુતસ્કંધયંત્ર'' છે, તેની પ્રતિષ્ઠા ભૈયા ભગવતીદાસજીએ સં. ૧૬૮૯ (ઈ.સ. 1633) ના ફાગણ સુદ ૮ ને શનિવારના દિવસે કરહલનગરમાં કરી હતી. ઉપરાંત નાટક સમયસારના કર્તા કવિ શ્રી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બનારસીદાસજી પણ ઘણાં વર્ષો સુધી આગ્રામાં રહ્યા હતા. જેઓનું સન્માન રાજ્ય દરબારમાં બાદશાહ સ્વયં કરતા હતા.

મુંબઈથી પ્રસ્થાન કર્યા બાદ, અનેક તીર્થધામની યાત્રા કરતા કરતા અનેક શહેરોના હજારો સાધર્મીઓનું વાત્સલ્ય ઝીલતા ઝીલતા, ૨૫ દિવસે આગ્રા પહોંચ્યા અને આગ્રામાં ૩ દિવસ પૂજ્ય ગુરુદેવે સંઘ સહિત તત્ત્વજ્ઞાનની ખૂબ જ પ્રભાવના કરી આગળ વધતા વધતાં શ્રી નેમિનાથ ભગવાનના આ જન્મધામમાં પહેલીવાર આવતા યાત્રિકો તો હર્ષવિભોર થઈ નાચી ઊઠ્યા. પૂજ્ય ગુરુદેવને પણ જન્મકલ્યાણકની પવિત્ર ભૂમિ પહેલી જ વારના દર્શન થતાં એટલો પ્રમોદ આવ્યો અને પૂ. ગુરુદેવે કહ્યું કે અહો ! આ તો આપણા દેશના ભગવાનનું જ ધામ ! મંદિરમાં પ્રવેશ કરતાં જ દસ ફૂટ ઊંચા ખડગાસન પ્રતિમા પરમ ધ્યાનમુદ્રામાં એવા શોભી રહ્યા છે કે જાણે કે સાક્ષાત્ ભગવાન જ આપણી સન્મુખ ઉભા હોય ! એવી આનંદ રસ ટપકતી અદ્ભૂત મુદ્રા ઉપશમભાવમાં શોભી રહ્યા છે. બંને બેનો તો ભગવાનના ચરણોમાં ઢળી ગયા અને થોડીવાર તો બધા શાંતભાવે એકદમ સ્તબ્ધ થઈ ગયા. જાણે ભગવાન પ્રત્યે મન થંભી ગયું અને પછી નેમીનાથ ભગવાન સમક્ષ ભક્તિના ભાવમાં રંગાય ગયા. 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**ભક્તિ**

ધન્યભૂમિ ધન્ય ધૂળ જિણંદા,
ગર્ભ–જન્મ હુઆ નેમ જિણંદ કા,
કેલી કરતા નેમ જિણંદા,
સૌરાષ્ટ્ર દેશે સિદ્ધિકો ધ્યાયા આનંદ અપાર.

જમુના નદીના તીરે આ શૌરીપુર નેમીનાથપ્રભુના ગર્ભ–જન્મ–કલ્યાણકને લીધે તીર્થક્ષેત્ર છે. તેમજ યમ, ધન્ય તથા વિમલસુત એ ત્રણે અંતઃકૃત કેવલીભગવંતો પણ અહીંથી મોક્ષ પધાર્યા છે. માટે સિદ્ધક્ષેત્ર પણ છે. આ ઉપરાંત સુપ્રતિષ્ઠ મુનિરાજની કેવળજ્ઞાનની ભૂમિ પણ આ જ છે. આ ક્ષેત્રથી ઘણી ઘણી વિશેષતા હોવાથી યાત્રિકોના ભાવો વિશેષ ઉઠળતા હતા અને પૂજ્ય બંને બેનોએ પૂજન પણ ખૂબ જોરશોરથી ઉછળતા ભાવે બોલ્યા કે આપણે તો ભગવાનના ગામે આવ્યા છીએ.

**ભક્તિ**

શૌરીપુરસે વ્યાહન આયે સ્વામી નેમકુમાર......
મોડ તોડકર દીક્ષાધારી જાય ચડે ગિરનાર.....
સાંવરીયા નેમીનાથ તુમ તો ભલે બિરાજોજી.......

શૌરીપુરની તીર્થની યાત્રા પુરી કરી બટેશ્વર આવ્યા અને અહીં પણ ૮૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાજી શ્રી અજીતનાથ વગેરે ભગવંતોના દર્શન કરી, મહા સુદ પૂર્ણિમાના દિવસે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મથુરા પહોંચ્યા. ત્યાંથી ભરતક્ષેત્રના અંતિમ સર્વજ્ઞ જંબૂસ્વામીના નિર્વાણધામ મથુરાનગરીમાં પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રિકો ધામધૂમ સહિત મંગલગીત ગાતા ગાતા જિનમંદિરમાં પધાર્યા અને બધાએ ભાવથી દર્શન કર્યા. ત્યાં પૂજ્ય ગુરુદેવે ઘણા જ ભાવપૂર્વક ભગવાનના ચરણસ્પર્શ કર્યા; કે હે નાથ! આપ આ ક્ષેત્રના અંતિમ કેવળી થયા.....આપ મોક્ષપુરીમાં પધાર્યા, અને ભરતક્ષેત્રમાંથી કેવળજ્ઞાન પણ આપની સાથે લઈ ગયા. છતાં હે નાથ! અમારા જેવા ભવ્ય શિષ્યજનો માટે આપના દિવ્યજ્ઞાન–આનંદની પ્રસાદી આપ અહીં મુકતા ગયા છો. આપના ચરણ ચિહ્નોથી હજુપણ મોક્ષમાર્ગ જયવંત વર્તે છે. આપના બે ચરણ પકડીને અમે પણ આપની પાછળ પાછળ આપના માર્ગે આવી રહ્યા છીએ. આવા અંતરંગ ભાવો પૂજ્ય ગુરુદેવે દર્શાવ્યા અને કહ્યું આ આઠમું સિદ્ધક્ષેત્ર છે. અહીંથી જંબુસ્વામીની સાથે મહામુનિ વિદ્યુત જે પહેલા વિદ્યુતચોરથી પ્રખ્યાત હતા. તેમની સાથે ૫૦૦ ચોર હતા, તે બધા મોક્ષ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવે ત્યાં મૂળ વેદીમાં બિરાજમાન શ્રી અજિતનાથ ભગવાનના પ્રાચીન પ્રતિમાજી મૂળનાયકપણે બિરાજી રહ્યા છે. ત્યાંથી ભાવથી દર્શન કરી અર્ઘ ચડાવ્યા અને શ્રી સપ્તઋષી મુનિ ભગવંતોની હારમાળામાં મંદિરમાં અદ્‌ભુત શોભતા હતા. જાણે નિર્વિકલ્પ આનંદમાં ઝૂલી રહ્યા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



હોય, એવી મુદ્રામાં શોભી રહ્યા હતા. શ્રી મુનિસુવ્રત ભગવાનના તીર્થમાં રાજા રામચંદ્રજીના બંધુ શ્રી શત્રુઘ્ન જ્યારે આ મથુરાનગરીના રાજા હતા, ત્યારે વેરથી પ્રેરાઈને ચમરેન્દ્રે મથુરા નગરીમાં આવીને મરકીના રોગનો ઉપદ્રવ કર્યો. એ ઉપદ્રવ ચાલતો હતો, એવામાં શ્રી મનુ, સ્વરમનુ, નિચય, સર્વસુંદર, જયવાન, વિનયવિલાસ અને જયમિત્ર— એ સાત ગગનવિહારી—ચારણઋદ્ધિધારી મુનિવરો મથુરામાં પધાર્યા અને તેમની ઋદ્ધિના પ્રભાવથી મરકીનો ઉપદ્રમ એકદમ શાંત થઈ ગયો. તેથી સમસ્ત નગરજનોએ અતિભક્તિપૂર્વક એ સપ્તઋષિ ભગવંતોનું પૂજન કર્યું અને પૂજ્ય ગુરુદેવ બોલ્યા કે જુઓ તો ખરા એક સાથે સાત મુનિવરો કેવા શોભી રહ્યા હશે અને અર્ઘ ચડાવીને મુનિરાજને ખૂબ યાદ કર્યા.

**ભક્તિ**

શ્રી મનુ આદિ ઋદ્ધિધારક મુનિનકી પૂજા કરું
તાકરી પાતક હરે સારે સકલ આનંદ વિસ્તરું

ભરતક્ષેત્રના અંતિમ સર્વજ્ઞદેવ
શ્રી જંબુસ્વામીને નમસ્કાર હો.

અહીંથી યાત્રા સંઘે પ્રસ્થાન કરી ફિરોઝાબાદ, મૈનપુરી, કાનપુર, લખનૌ શહેર, રત્નપુરી, તીર્થધામ—ભગવાન શ્રી ધર્મનાથજીની જન્મભૂમિ અને અનંતા તીર્થંકરોની શાશ્વત

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

જન્મભૂમિ અયોધ્યાપુરી, મહા વદ છઠ્ઠના દિવસે સંઘ અયોધ્યા પધાર્યો.

આ અયોધ્યાપુરી તીર્થમાંથી અનંત તીર્થંકરોની આ જન્મભૂમિ છે. આ જન્મભૂમિને પણ 'જનની'ની ઉપમા આપી છે. તે જોતા આ અયોધ્યાપુરી અનંત તીર્થંકરોની જનેતા છે. તેણે પોતાની ગોદમાં અનંતા તીર્થંકરોને ખેલાવ્યા છે. એ ભૂમિમાં આજે પણ જાણે માતાનું વાત્સલ્ય ઝરી રહ્યું છે.

પૂજ્ય ગુરુદેવે અયોધ્યાનગરીમાં પહોંચતા જ ઘણો જ આનંદ પ્રગટ કર્યો કે અહીં તો ઈન્દ્રોએ આવીને અનંત તીર્થંકરોના જન્મ કલ્યાણક ઉજવ્યા છે. આ અયોધ્યા તો ખાસ તીર્થ છે. જેમ સમ્મેદશિખર એ તીર્થંકરોનું શાશ્વત તીર્થધામ છે, તેમ આ અયોધ્યાનગરી તીર્થંકરોનું શાશ્વત જન્મધામ છે. શિખરજીની જેમ આ અયોધ્યાપુરીની નીચે પણ સાથીયો છે. આ રીતે શ્રી આદિનાથ–ભરત–બાહુબલી આજુબાજુમાં એક તીર્થંકર પિતા અને તેમના કેવળજ્ઞાનનો વારસો લેનાર બે પુત્રો એવી પિતા–પુત્રની ત્રિપુટીના દર્શન કરતાં તે પૂજ્ય ગુરુદેવ ઊંડા વિચારમાં ઉતરી ગયા અને બધા મંદિરોમાં સંઘ સાથે દર્શન કર્યા. બંને માતાઓએ પણ ખૂબ ભક્તિ કરાવી હતી.

ચોવીસ તીર્થંકરોમાંથી ૧૬ તીર્થંકરોના જન્મધામ.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અહીં આવેલી નદી સરયુનદી છે. જે નદી ઓળંગીને શ્રી રામચંદ્રજી—લક્ષ્મણ અને સીતાજી ચાલી નીકળ્યા હતા. એ વૈરાગ્યમય પ્રસંગ પૂજ્ય ગુરુદેવે યાદ કર્યા અને સંતોની સાથે ભગવાનની ચરણરજને મસ્તકે ચઢાવીને જયજયકારપૂર્વક બનારસ (કાશી) નગરી તરફ સંઘ ચાલ્યો.

મહા વદ આઠમની સવારમાં મધુર વાજાના નાદ વગાડતી 'મંગલવર્ધીની' ભગવાનના જન્મકલ્યાણક ધામમાં આવી પહોંચી. ત્યાં તો સિદ્ધાંત શાસ્ત્રી પંડિત સામે જોતાં તો પંડિત કૈલાસચંદ્રજી, પંડિત ફુલચંદજી, પ્રો. ખુશાલચંદજી વગેરે પંડિતો વચ્ચે ગુરુરાજનું દશ્ય પ્રભાવશાળી મુદ્રાનું તેજ ઝળકી રહ્યું હતું. આ પંડિતો વિદ્વત્પરિષદમાં સોનગઢ આવી ગયા હતા જેથી ઘણી લાગણી હતી અને સોનગઢના અધ્યાત્મ વાતાવરણથી તેઓ ઘણાં પ્રભાવિત થયા હતા અને જૈનધર્મની પ્રભાવનાથી તેઓ પ્રસન્ન થતા હતા અને સભામાં પં. શ્રી ફૂલચંદજી બોલ્યા કે આજ હમારે સૌભાગ્ય કા વિષય હૈ કિ સ્વામીજી સંઘ સહિત ઈસ નગરીમેં પધારે હૈં, આપકે દ્વારા બડી પ્રભાવના હુઈ હૈ. સોનગઢના પૂજ્ય ચંપાબેન તથા પૂજ્ય શાન્તાબેન શ્રી રામજીભાઈ આદિ વિશિષ્ટ મહાનુભાવોનો સભામાં પરિચય કરાવ્યો હતો અને પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં કારણસ્વભાવના અવલંબને મોક્ષમાર્ગ અને મોક્ષરૂપ કાર્ય થાય છે. એવું કાર્ય પ્રગટ કરીને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**સ્વસમયપણે જીવવું તે માંગલિક છે. આ રીતે ભગવાનના જન્મધામમાં માંગલિક કર્યું.**

બનારસનું બીજું નામ કાશી છે. બનારસીનગરી ગંગા નદીના કાંઠે જ આવેલી છે. અને શ્રી સુપાર્શ્વનાથ તથા પાર્શ્વનાથ ભગવંતોની જન્મકલ્યાણકથી પાવન થયેલી ભૂમિ છે. આ ઉપરાંત **ચંદ્રપ્રભુની ચંદ્રપુરી** અહીંથી ૧૪ માઈલ જ દૂર છે. ત્યાંથી **શ્રેયાંસપ્રભુની સિંહપુરી** જન્મભૂમિમાં દર્શન કર્યા. આ રીતે બનારસ નગરી એકંદરે ચાર ભગવંતોનું જન્મધામ છે. આ બધા જન્મધામમાં પૂજ્ય ગુરુદેવે સંઘ સહિત બધેય દર્શન કર્યા. જેથી બધા યાત્રા કરતા ઘણા જ પ્રમોદિત થતા હતા. બનારસમાં જ **ભેલપુરમાં પાર્શ્વનાથ ભગવાનનું જન્મધામ છે.** ત્યાં કામઠના ઘોર ઉપસર્ગ વખતે, નીચે હજાર પાખંડીનું કમળ અને ઉપર હજાર ફેણનું છત્ર ધરીને ભગવાનને જળથી તદ્દન અલિપ્ત રાખે છે. એ ભક્તિભીના દૃશ્યમાં પાર્શ્વનાથ પ્રભુના દર્શન કરતાં સૌને આનંદ થયો. ત્યારપછી **સુપાર્શ્વનાથ ભગવાનનું જન્મધામ ભદૈનીઘાટ પર આવેલું છે.** ત્યાં પૂજ્ય ગુરુદેવ સાથે સેંકડો ભક્તોની હારમાળા દર્શનાર્થે ચાલી રહી છે. આ હારમાળાની યાત્રાળુની લાઈન જોતાં નગરજનો સ્વાભાવિક જોઈને સ્વાગત કરતા આનંદીત થતા હતા. દરેક સ્થાન સ્થાન પર પૂજ્ય ગુરુદેવના પ્રવચનો સાંભળી બધા તત્ત્વનો લાભ લેતા હતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બનારસી નગરીમાં પૂજ્ય ગુરુદેવ યાત્રા સંઘ સાથે મહાવદ દશમથી ત્રણ દિવસ અહીં રોકાયા અને ભગવાનની જન્મભૂમિના દર્શન કર્યાં અને પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મ શૈલીથી તત્ત્વજ્ઞાનનું સ્પષ્ટીકરણ સાંભળતા બધા પંડિતજનો પણ ખૂબ જ પ્રસન્ન હતા, અને પૂજ્ય ગુરુદેવનો આભાર માનતા પૂજ્ય ગુરુદેવને અભિનંદન પત્ર અર્પણ કર્યો અને કહ્યું કે પ્રયોજન કી ચીજ હૈ યહ અપની હી બાત હૈ, કિ ઈસ શરીર કે ભીતર રહે હુએ આતમરામકી હી ચર્ચા હૈ. સમયસારમેં કહા હૈ ઈસલિયે તો દુર્લભ હૈ. બનારસી યાત્રા સંઘ રવાના થઈ દાલમીયાનગર આવ્યા તથા ત્યાં શ્રી મહાવીર ભગવાનના દર્શન કરી, પૂજ્ય ભગવતી માતાઓ પણ ભક્તિમાં ખૂબ જ ખીલ્યા હતા અને ભક્તો સાથમાં સૂર પુરાવતા હતા.

પ્રસિદ્ધ જૈન ઉદ્યોગપતિ શાહુ શાન્તિપ્રસાદજીના અનેકો કારખાના વગેરે ત્યાં ચાલતા હતા. બીજા દિવસે મહાવદ અગિયારસે સવારે શેઠ શાન્તિપ્રસાદજી શાહુ તેમના ધર્મપત્ની સૌ. રમાદેવી સવારે પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા આવ્યા. તેઓને ઘણો હર્ષ હતો કે પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત અહીં પધારવાથી પ્રસન્નતા વ્યક્ત કરી અને પૂ. ગુરુદેવના સન્માનનો સમારંભ થયો. સ્વાગત ઉત્સવની સભામાં સ્વાગત ગીત ગાયું. પંડિતોએ સ્વાગત પ્રવચન કર્યા અને કહ્યું

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આજે આધ્યાત્મિક જગતના એક સંતનું સ્વાગત કરવાનું અમને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. સોનગઢસે કૌન અપરિચિત હૈ? સોનગઢ તો અધ્યાત્મધામ બન ગયા હૈ. ઔર **જહાં હંમેશા અધ્યાત્મકી ચર્ચા ચલતી હો વે હી સોનગઢ હૈ.** સોનગઢનું નામ લેવામાં પણ ગૌરવ અનુભવતા હતા.

એ રીતે અનેકો પંડિતોએ પૂજ્ય ગુરુદેવના સન્માન કર્યા અને સોનગઢની મહિમા ગાઈ હતી અને કહ્યું તેમના સ્વાગત માટે અમારી પાસે શબ્દો નથી. શ્રી સમ્મેદશિખરજી વગેરે પવિત્ર તીર્થધામોની મંગલયાત્રા માટે જઈ રહેલો **''પૂજ્ય શ્રી કાનજીસ્વામી—દિગંબર જૈન તીર્થયાત્રા સંઘ''** આરાનગરીમાં આવી પહોંચ્યો, આરાનગરી પણ જૈન પુરી છે. ૪૦ જેટલા જિનમંદિરોથી આ જૈનપુરી શોભી રહી છે. ત્યાં દિગંબર જૈનસિદ્ધાંત ભવનમાં અનેક શાસ્ત્રોનો સંગ્રહ છે. શહેરથી બે માઈલ દૂર બ્ર. ચંદાબાઈ સંચાલિત જૈન બાલાશ્રમ છે. ત્યાં પણ બધાએ દર્શન—પૂજન તેમજ સ્વાગત થતા ત્યાંના જૈન સમાજે સારો પ્રેમ બતાવ્યો હતો. ચંદાબાઈના આગ્રહથી પૂજ્ય ગુરુદેવે સાંજે આહાર આશ્રમમાં કર્યો અને ભોજન બાદ પૂજ્ય ગુરુદેવ ત્યાં ફરતા હતા, એવામાં ચંદાબાઈ ત્યાં આવી પહોંચ્યા અને પૂજ્ય ગુરુદેવના ત્યાં પધારવાથી તેમણે ઘણી પ્રસન્નતા વ્યક્ત કરી અને પછી અનેક પ્રકારે ધર્મચર્યા થતા પૂજ્ય ગુરુદેવ પણ ખૂબ પ્રસન્નતાપૂર્વક વાતચીત કરતા હતા. આરા અને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

સોનગઢના બ્રહ્મચર્ય આશ્રમ સંબંધી વાત નીકળતા પૂજ્ય ગુરુદેવે બંને બેનોનો ખાસ પરિચય આપતા કહ્યું કે—હમારે સોનગઢમેં ચંપાબેન ઔર શાન્તાબેન દો બહિનો બહુત પવિત્ર હૈ.....બીસ બ્રહ્મચારી બેટીયાં ઉનકી છાયામેં હી રહતી હૈ. ઉન દોનોં બહિનોકી અનુભૂતિ કી ક્યા બાત? વિશેષ પરિચય કરનેસે માલુમ પડે ઐસી બાત હૈ ઉનકા હૃદય ઊંડા હૈ........ઈત્યાદિ અનેક વાત કરી. પૂજ્ય ગુરુદેવના શ્રીમુખે આ વાત સાંભળીને બ્ર. ચંદાબાઈએ ઘણો પ્રમોદ વ્યક્ત કર્યો. બાલીકાઓએ ઉત્સાહપૂર્વક અભિનંદન સ્વાગત ગીત ગાયું. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવે બાલિકાઓને તથા તે સમયે બીજા પણ મુમુક્ષુઓ વચ્ચે પૂજ્ય ગુરુદેવે સદ્‌બોધ આપ્યો. જેથી બાલિકાઓને ઉત્સાહ પ્રેરે એવો બોધ આપતા ગુરુદેવે કહ્યું દેખો બચ્ચે! ઈસ દેહકે ભીતરમેં આત્મા હૈ, વહ છોટા—મોટા નહીં હૈ, આત્મા સભીકા સમાન હૈ, નયા નહીં હૈ, આ હું, મૈં તો અનાદિસે હી હુ. યહ દેહ નયા હુઆ હૈ, ઔર ઉસકા નાશ હો જાયેગા. લેકીન મૈં આત્મા ન તો નયા હુઆ ઔર ન મેરા કભી નાશ હોતા હૈ. મૈં દેહસે ભિન્ન જ્ઞાનસ્વરૂપ હું......યહી મેરા સચ્ચા સ્વરૂપ હૈ, ઈસ પ્રકાર આત્માકા વિચાર કરકે સચ્ચી પહિચાન કરના ચાહિયે. સ્રીકા દેહ તુમ નહીં. તુમ તો આત્મા હો. પૂજ્ય ગુરુદેવનો આવો સુંદર—સરળ ઉપદેશ સાંભળીને બાળાઓ ખુશ થઈ હતી. બ્ર. ચંદાબાઈએ પણ પૂજ્ય ચંપાબેન—પૂજ્ય

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



શાન્તાબેન સાથે ઘણી ઘણી વિધવિધ ચર્ચા કરી અને સોનગઢ પ્રત્યે ઘણો પ્રેમ વ્યક્ત કર્યો હતો. આ રીતે એક દિવસનો કાર્યક્રમ ઉલ્લાસપૂર્વક પૂરો કરીને સંઘે પટના શહેર તરફ પ્રસ્થાન કર્યું.

પટના શહેરમાં બ્રહ્મચારી શેઠશ્રી સુદર્શનની મોક્ષભૂમિ છે. સુદર્શન શેઠ ચંપાપુરીમાં થયા. તેમના સૌન્દર્ય પર મુગ્ધ થઈને રાણી કપટથી ખોટું કલંક મૂકીને રાજાને ફરિયાદ કરી અને રાજાએ તેને દેહાંત દંડની શિક્ષા કરી, પરંતુ વૈરાગી ધર્માત્માએ પ્રતિજ્ઞા કરી લીધી કે ઉપસર્ગ દૂર થાય તો મુનિવ્રત ધારણ કરીશ. પુણ્ય પ્રભાવે અને નિઃશંક બ્રહ્મચારીને શૂલીથી દેવોએ શેઠનું બહુમાન કર્યું કે તલવારના પ્રવાહને બદલે પુષ્પની માળા થઈ ગઈ અને સુદર્શનને સિંહાસન ઉપર બેસાડી દેવોએ તેમનું સન્માન કર્યું. આ રીતે વૈરાગી શેઠજી રત્નત્રય ધારણ કરી પટનાથી મોક્ષે ગયા છે. ત્યાં મંદિરમાં ચરણકમળની સ્થાપના છે. ત્યાં દર્શન–પૂજા કરી પૂજ્ય ગુરુદેવને પણ ઘણો બ્રહ્મચર્ય પ્રત્યે રંગ આવવાથી તેઓએ ઘણા ઉત્સાહપૂર્વક ભક્તિ કરાવી હતી અને ભગવતી માતાઓએ જોરશોરથી જયજયકાર પૂર્વક સિદ્ધક્ષેત્રની જયકાર ગજાવી. આ રીતે રોજ નવા નવા તીર્થોના દર્શન થાય છે.

વિવિધ તીર્થોમાં પૂજ્ય ગુરુદેવ સાથે મંગલ યાત્રા કરતા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બંને બેનોના એવા ભક્તિભાવ ઉછળતા કે તીર્થસ્થાને બનેલા પૂર્વપ્રસંગોનું સાક્ષાત્ દશ્ય ખડું કરી દેતા. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવના આહાર પ્રસંગે બંને બેનોના ઉતારે લાભ મળ્યો તે ધર્માત્માને આનંદ થાય તે અકથ્ય છે. પૂજ્ય ગુરુદેવના પ્રવચન બાદ સંઘે રાજગૃહી તરફ પ્રસ્થાન કર્યું. હવે તો શાશ્વતધામ શિખરજી નજીક આવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવના પરમ પ્રતાપે આવા તીર્થધામોની યાત્રા થાય છે. એવા ગુરુદેવના ઉપકારને હૃદયપૂર્વક કઈ રીતે વ્યક્ત કરીએ? સારાંશ એ જ છે કે ભાવતીર્થ અને દ્રવ્યતીર્થ એવી આ ‘મંગલયાત્રાના’ પ્રણેતા પૂજ્ય ગુરુદેવ જ છે. તેથી તીર્થયાત્રામાં પગલે પગલે પૂજ્ય ભગવતી માતાઓ સાથે ભક્તોના હૃદયમાં ગુરુદેવ—ગુરુદેવ થયા કરે છે.

પૂજ્ય ગુરુદેવ સાથે હજારોની સંખ્યામાં યાત્રિકોને અતિ હર્ષ થતાં જયજયકારથી રાજગૃહી નગરીને ગજાવીને ઉત્સાહ પૂર્વક સૌએ સ્વાગત કર્યું. રાત્રે પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રિકો મંદિરે દર્શને ગયા અને દિવ્યધ્વનિના આ ધામમાં મહાવીર ભગવાન પ્રત્યે ખૂબ જ ભક્તિ ઉલ્લસી હતી કે પૂજ્ય ગુરુદેવે પણ સમવશરણનું ભજન ઘણા પ્રમોદથી ગવડાવ્યું હતું. ત્યારે એવું લાગ્યું કે હમણાં જ મહાવીર ભગવાનની દિવ્યવાણી છૂટી હોય કે તેના રણકારા સંતોના હૃદયમાં ગુંજી રહ્યા હતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

**ભક્તિ**

આજ મેં મહાવીરજી પ્રભુ આયા તેરે દરબારમેં......
સાથ હી ભક્તિ લેકર આયા તેરે દરબારમેં.....
આજ મેં આયા હું પ્રભુ દિવ્ય ધ્વનિ સુણવાને......

મહા વદ ૧૪ ના સવારમાં પૂજ્ય ગુરુદેવ સાથે રાજગૃહીના પંચપહાડીતીર્થની મંગળ યાત્રા શરૂ થઈ. રાજગૃહીધામ એ શ્રેણીકરાજાની રાજધાની છે. વીર શાસનનું ધર્મચક્ર અહીંથી શરૂ થયું. રાજગૃહીનગરી શ્રી વાસુપૂજ્ય ભગવાન સિવાયના તેત્રીસ તીર્થંકર ભગવંતોના પુનિત આગમનથી પાવન થઈ છે. શ્રી મુનિસુવ્રત ભગવાનના ચાર કલ્યાણક અહીં થયા છે. એ રીતે જૈનધર્મની ગૌરવગાથા પ્રસિદ્ધ કરે છે. રાજગૃહીનગરીમાં પાંચ પર્વતો શોભી રહ્યા છે. વિપુલાચલ પર્વત પર શ્રી મહાવીર પ્રભુના સમોવશરણ અનેક વાર રચાયા. પરંતુ પાત્ર જીવ શ્રી ગૌતમસ્વામી પધાર્યા અને શ્રાવણ વદ એકમના ભગવાન શ્રી મહાવીર પ્રભુની દિવ્યધ્વનિના ધોધ છૂટ્યા અને ભવ્ય જીવોના આનંદનો પાર ન રહ્યો. શ્રી ગૌતમસ્વામી રત્નત્રય પામ્યા અને ગણધર થઈને બાર અંગ ૧૪ પૂર્વની રચના કરી. તેઓને ચાર જ્ઞાન પ્રગટ્યા. પૂજ્ય ગુરુદેવે જ્યાં વિપુલાચર પર્વત પર પહેલું પગલું મુક્યું ત્યાં તો વીરપ્રભુના જયનાદથી પર્વત ગાજી ઉઠ્યો. ગુરુદેવને ઘણો જ પ્રમોદ અને પ્રસન્નતા

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**હતી. એ પ્રસન્નતાના પડઘા ભક્તોના હૃદયમાં પડે છે. આમ હર્ષમય વાતાવરણમાં પૂજ્ય ગુરુદેવના પગલે પગલે હજારો યાત્રિકોની લાંબી લાંબી વણઝાર પહાડી પર ચાલતી અને બંને બેનોને અપાર હર્ષ થતા ભક્તિ વડે પોતાનો હર્ષ વ્યક્ત કરતા હતા.**

**ભક્તિ**

વીરસભામાં અહીં ગૌતમ પધાર્યા......
અમૃત વરસ્યા મેહરે......વીરજીની વાણી છૂટી રે.......
સાક્ષાત્ સુણવા એ દિવ્યધ્વનિને મન મારું તલસાયરે.......
વીરજીની.........

ધર્મસભામાં બેઠા બેઠા એ દિવ્યવાણી સાંભળી રહ્યા હોય એવા ભાવો પૂજ્ય ગુરુદેવના હૃદયમાં ઉલ્લસતા ભક્તિ કરાવી રહ્યા હતા કે એક તો વીરપ્રભુનું ધામ અને ગુરુદેવની ભક્તિ યાત્રિકોને માટે સોનેરી ઘડી હતી. પૂજ્ય ગુરુદેવ પ્રભુના ચરણોમાં વારંવાર સ્પર્શ કરતા અને બીજા પહાડ રત્નાગિરી પર **મુનિસુવ્રત ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકનું સ્થાન છે. તેમજ ગર્ભ—જન્મ—તપ એમ ચાર કલ્યાણક ભૂમિના દર્શન ભાવપૂર્વક કર્યા.** ત્યારબાદ ઉદયગિરિ પહાડી તો નાનો છે, પણ તેનું ચઢાણ ઘણું કઠણ છે. પરંતુ ઉલ્લાસના બળે ભક્તોને ઉપર લઈ ગયું. યાત્રા કરતા કરતા ભગવંતોનું અને મુનિવરોનું સ્વરૂપ પૂજ્ય ગુરુદેવ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



દેખાડતા તેથી યાત્રિકોને ઘણો પ્રમોદ આવતો. વૈભારગિરિ યાત્રા કરી પછી ચોથી યાત્રા કરી, શ્રમણગિરિ અને સોન્યગિરિ પણ કહે છે. પૂજ્ય ગુરુદેવે મુનિવરોના ઘણા ઘણા સ્મરણો સંભળાવ્યા અને રાજગૃહીમાં નીચે તળેટીના મંદિરમાં ખૂબ ખૂબ ભક્તિભાવ પૂરા કર્યા અને ત્રણ દિવસ સુધી ખૂબ ખૂબ ભાવપૂર્વક પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રા ભક્તિ કરી કે તેના મધુર સ્મરણો ગુંજી રહ્યા છે. ત્યારબાદ બપોરના ત્યાંથી સંઘે પાવાપુરી તરફ પ્રસ્થાન કર્યું અને રસ્તામાં કુંડલપુર જે શ્રી મહાવીર પ્રભુનું જન્મધામ છે. જો કે બિહારમાં તો ''વિસાલિયા'' એ જ મહાવીર પ્રભુનું જન્મધામ તો ખરેખર વૈશાલી ગણાય છે. ત્યાંના અજૈન લોકો પણ ભગવાન મહાવીર પ્રભનું બહુમાન ધરાવે છે. જન્મોત્સવ ઉજવવા લાખોની સંખ્યામાં જનતા એકત્રિત થાય છે. જન્મધામમાં ખૂબ જ ભક્તિભાવ દર્શાવી યાત્રિકો પૂજ્ય ગુરુદેવ સાથે નાલંદામાં જ વિદ્યાલયમાં અકલંક–નિકલંકની કોટડી વગેરે સ્થાનોનું અવલોકન સંઘ સાથે કર્યું.

ફાગણ સુદ એકમના જેમ આરાધક સંતોની પરિણતી મોક્ષને ભેટવા દોડે છે–તેમ યાત્રા સંઘની બસ, મોટરો પ્રભુ વીરનાથના મોક્ષધામને ભેટવા દોડી દોડી પાવાપુરીનું જલમંદિર પણ દેખાતું હતું અને થોડીવારમાં જલમંદિરમાં પહોંચી ગયા. જે ખૂબ જ રમણીય પદ્મસરોવરમાં મધ્યમાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જિનમંદિર શોભી રહ્યું છે. જ્યાં વીરનાથની નિર્વાણભૂમિને સાક્ષાત્ નિહાળતા પૂજ્ય ગુરુદેવને પણ અનેરો આહ્લાદ થયો હતો અને રાત્રે મહાવીર પ્રભુના દરબારમાં ઘણા ઘણા ભાવથી પૂજ્ય ગુરુદેવે ભક્તિ કરાવી અને બંને બેનોએ પણ ખૂબ ભક્તિ કરાવી.

ફાગણ સુદ બીજના સવારે મંગલ દર્શન કરીને વીરપ્રભુના સિદ્ધિધામની યાત્રા માટે એક હજાર યાત્રિકો સાથે પૂજ્ય ગુરુદેવ સાથે જલમંદિરની ભવ્યતા પુલ પર ચાલીને ભક્તિ કરતા કરતા શ્રી મહાવીર નિર્વાણભૂમિમાં ચરણ પાદુકા અને આજુબાજુ ગૌતમસ્વામી તથા સુધર્માસ્વામીના એમ ત્રણેયના ચરણપાદુકા ત્રણ દેરીઓથી શોભી રહ્યા છે. જ્યાં પુજ્ય ગુરુદેવે કહ્યું જુઓ ભગવાન અહીંથી મોક્ષ પધાર્યા છે. અહીં જ ઉપર સિદ્ધાલયમાં બિરાજે છે અને ભગવાનના વિરહની વાત કહેતા પૂજ્ય ગુરુદેવ ગદગદ થઈ અને ભક્તિ કરાવતા ભક્તોના હૈયા હચમચાવી દીધા અને ભગવતી માતાઓએ પણ વૈરાગ્યભીના હૃદયે ભક્તિ કરાવી.

**ભક્તિ**

વીરપ્રભુજી સિદ્ધ થયા છે,
ગૌતમ કેવળજ્ઞાન......વીરજીનું શાસન સોહે.....
સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## મુક્તિમાં બિરાજ્યા મારા નાથ રે, વીરજી......

પૂજ્ય ગુરુદેવે વીરપ્રભુના ચરણોમાં અભિષેક કર્યા બાદ ખૂબ જ ભક્તિભાવ પૂર્વક પૂજન કર્યા. પરંતુ પૂજ્ય ગુરુદેવને તો ઉર્ધ્વગમન સિદ્ધાલયમાં મહાવીર સિદ્ધ જ નિહાળતા હતા. યાત્રા કરીને આવ્યા પછી સૌએ પૂજ્ય ગુરુદેવ પાસે પ્રમોદ વ્યક્ત કર્યો. કારણકે આ પવિત્ર ભૂમિના દર્શન પહેલીવાર જ થયા. પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રાળુ ફરીથી રાત્રિના જલમંદિરમાં દર્શને પધાર્યા અને બંને બેનોએ ભક્તિની તો રમઝટ બોલાવી હતી. ફાગણ સુદ ત્રીજના સવારે અભિષેક—પૂજા—ભક્તિ કરી જયજયકાર કરતા સંઘ ગૌતમ સ્વામીના મોક્ષધામ ગુણવાધામમાં દર્શને પહોંચ્યા. મહાવીર પ્રભુ જે દિવસે મોક્ષ પધાર્યા. તે જ દિવસે ગૌતમ સ્વામી કેવળજ્ઞાન પામ્યા અને અર્હંતપણે અનેક વર્ષો વિચરી ગુણાવાથી સિદ્ધપદ પામ્યા. આ સિદ્ધક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવ સાથે ભગવતી માતાઓએ ઓછામાં ઓછી નવ ભક્તિઓ કરી પ્રસંગોપાદથી જાણે સાક્ષાત્ દ્રશ્યના દર્શન કર્યા હોય, એવો ભક્તોને આનંદ આવ્યો હતો. હવે અહીંથી તો શિખરજી એકદમ નજીક આવી જવાથી ઘણા સંઘના યાત્રિકો તો શિખરજી પહોંચી ગયા.

અહા ! એ સિદ્ધિધામના પ્રથમ દર્શનની ઉર્મિઓની શી વાત ! સિદ્ધાલયવાસી સિદ્ધ ભગવંતો જાણે સાધકોના હૃદયને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સિદ્ધપદ તરફ ઉલ્લસાવતા હોય એવું લાગતા જ મધુવનમાં પૂજ્ય ગુરુદેવ પધારતાં જ દેશોદેશના હજારો યાત્રિકોએ ઉમંગભર્યું ભવ્ય સ્વાગત કર્યું. પરંતુ પૂજ્ય ગુરુદેવનું હૃદય તો સિદ્ધિધામનું પહેલવહેલું દર્શનથી સિદ્ધ તરફ આકર્ષી રહ્યું હતું. ''ધવલા'' ટીકામાં શ્રી વીરસેનાચાર્ય કહે છે ભવિષ્યમાં મોક્ષ પામનાર આત્મ દ્રવ્ય પણ ત્રિકાળ મંગળ છે અને રત્નત્રય આરાધકો પણ મંગળ છે. ભગવાન અહીં મોક્ષ પધાર્યા એવા સમ્મેદશિખરજી વગેરે તીર્થધામને પણ મંગળ કહે છે. આ ભૂમિ પણ મંગળ છે. આ રીતે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવ સર્વ પ્રકારે મંગળ છે. એવું પૂજ્ય ગુરુદેવનુ માંગલિક યાત્રિકો સાંભળીને બધાના હૃદયો ઉલ્લસતા હતા અને પૂજ્ય ગુરુદેવ સાથે ક્યારે સિદ્ધિધામને ભેટીએ તે માટે આતુર હતા. પૂજ્ય ગુરુદેવ સમ્મેદશિખરજીમાં આઠ દિવસ રહ્યા હતા. અને બંને બેનોને પૂજ્ય ગુરુદેવના આહારનો લાભ મળ્યો હતો તેમજ પાટનીજી વગેરે ઘણાએ લાભ લીધો હતો.

બપોરે પૂજ્ય ગુરુદેવ ઈસરી આશ્રમમાં પધાર્યા હતા. જિનમંદિરના દર્શન કર્યા પછી શ્રી ગણેશપ્રસાદજી સાથે અડધી કલાક વાત્સલ્યપૂર્વક ચર્ચા–વાર્તા કરી એ સમયે પંડિત ફૂલચંદજી વગેરે ઘણા પંડિતો તથા ચંપાબેન–શાન્તાબેન તેમજ બ્ર. બહેનો તથા બ્ર. ભાઈઓ હતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અને બપોરે પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં અનેકો ત્યાગીઓ, વિદ્વાનો તેમજ પ્રતિષ્ઠિત વ્યક્તિ તથા શ્રોતાઓની સભાઓનું સુશોભિત દૃશ્ય હતું.

બીજે દિવસે ફાગણ સુદ છઠ્ઠના સવારે પૂજ્ય ગુરુદેવ સાથે બધા તળેટીના જિનમંદિરોના દર્શન કરતા, બધાના હૃદય હરખાઈ રહ્યા હતા. આમ પૂજ્ય ગુરુદેવ સાથે અપાર હોંશથી સિદ્ધિધામનો વૈભવ નિહાળ્યો અને સમૂહમાં ગુરુદેવ સાથે પૂજન–ભક્તિ કર્યા અને ઘણા ત્યાગીઓ તેમજ મુનિઓ પણ મળ્યા હતા. પૂજ્ય ગુરુદેવના પ્રવચનોમાં મુનિરાજ પણ લાભ લેતા હતા.

પૂજ્ય ગુરુદેવની ભાવના ઘણા વરસોની આજે સંવત ૨૦૧૩ (ઈ.સ. 1957) ના ફાગણ સુદ સાતમના શુક્રવારે શાશ્વત સમ્મેદશિખરજી સિદ્ધિધામમાં કરવાની ભાવના સફળ થતાં, પૂજ્ય ગુરુદેવ સિદ્ધ ભગવંતોનું સ્મરણ કરવા કટિબદ્ધ થયેલા હજારો યાત્રિકોના જયજયકારથી ચારેબાજુનું વાતાવરણ ગુંજી ઉઠ્યું, અને જયકાર સાથે પૂજ્ય ગુરુદેવે સિદ્ધિધામ પ્રત્યે પ્રથમ પગલું ભર્યું અને બંને બેનોની ભાવના ઘણા વરસોની આજે પૂરી થતાં શાશ્વત તીર્થધામમાં સિદ્ધોને ભેટીશું એવો હર્ષ વ્યક્ત કરતાં હતાં. શિખરજીની શું વન–પહાડી મુનિરાજના પાવન ચરણોથી શું ખીલે છે અને આરાધક સંતો તો જાણે અહીં રહીને મુનિ–આર્જીકા થઈ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જઈએ, એવા ભાવો ભગવતી માતાઓને ઉછાળતા હતા. આ તીર્થધામ સ્વભાવથી જ સુશોભિત છે અને પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રા એટલે ભક્તોનો ઉત્સાહ જ કોઈ અનેરો ગાજી રહ્યો હતો. આ તીર્થ સ્વરૂપ સંતોના પવિત્ર ચરણ પ્રતાપે આ ભૂમિના રજકણો પાવન તીર્થ તરીકે જગતમાં પૂજ્ય બન્યા છે આ ચોવીસીમાંથી વીસ તીર્થંકરો અને ૧૬૪૮000 ૧૨ ૩૧ ૭૧ ૪૭૫ (સોળસો અડતાલીસ ક્રોડાક્રોડી ઉપરાંત બાર અબજ, એકત્રીસ કરોડ, એકોતેર લાખ, તોંતેર હજાર ને ચારસો પંચોતેર મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે. પહાડ ચડતા ચડતા યાત્રિકોને થાક નથી લાગતો, પરંતુ ઉત્સાહ વધતો જાય છે અને પ્રથમ ટૂકના દર્શન શ્રી કુંથુનાથ ભગવાનના થયા જેથી એવી રીતે એક એક ટૂકે દર્શન કરતા કરતા ભક્તિરસથી પૂજ્ય ગુરુદેવ સાથે અર્ઘ ચડાવતા અને પૂજ્ય બેન એવા ભાવથી સ્વાહા બોલાવતા હતા. પચીસ ટૂકમાંથી સૌથી ઊંચી ટૂક શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે. આ ટૂકમાં પૂજ્ય ગુરુદેવ સાથે અર્ઘ ચડાવ્યા પછી ખૂબ ભક્તિભાવથી બધાય રંગાય ગયા અને ત્યાં વિસામો મળ્યો. પૂજ્ય ગુરુદેવ પહાડ પરથી ચારેકોર નિરીક્ષણ કરતા હતા અને બીજા ચાર ભગવંતોની ટૂકના પણ દર્શન કરી અર્ઘ ચડાવ્યા અને તે તીર્થંકરોને યાદ કર્યા અને નવી નવી ટૂકે દર્શન કરતા નવો નવો આહ્લાદ જાગતા હતા. ધર્માત્મા સંતોના તો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

રોમરોમ ઉછળતા પરમાત્માનો સાક્ષાત્કાર થવા સમાન મુક્તિના પુરૂષાર્થ પ્રત્યે તેનું પરિણમન થતું હોય! પૂજ્ય ગુરુદેવને પણ એવા ભાવ જાગ્યા કે આંખ મીચીને શુદ્ધાત્માની ભાવના ભાવતા—બધા યાત્રિકોએ સાથ પૂરાવ્યો કે અમો પણ સિદ્ધ થાશું. ભગવતી માતાઓએ આ તીર્થની ભૂમિ એટલી પ્રીતીથી નીરખી નીરખીને ખૂબ જ પ્રસન્ન થતા હતા અને અનંત તીર્થંકરો—સંતોના સ્મરણ વારંવાર કરી ગાતા ગાતા ચાલતા હતા અને પાવન રજ સ્વહસ્તે મસ્તક પર ચડાવતા મોહરજ દૂર ભાગે છે. એવા એવા ભાવો સ્ફૂરાયમાન થતા હતા. આમ શ્રી પાર્શ્વનાથ ભગવાનની ટૂક સૌથી ઊંચી સુવર્ણભદ્ર ટૂક પર શિખરબંદ મંદિરમાં વેદી પર શ્રી પાર્શ્વનાથ પ્રભુના શ્યામવર્ણ ચરણપાદુકા સ્થાપિત છે. ત્યાં ખૂબ પેટ ભરી ભરીને બધા યાત્રિકો ઠસોઠસ બેસી પૂજન—ભક્તિ કર્યા અને પૂજ્ય ગુરુદેવના ભાવો તથા બંને માતાઓના ભાવો જોવા બધાના હૃદય ઉલ્લસતા હતા. અહીં પચીસે ટૂકની વંદના પુરી થઈ અને યાત્રિકોએ ઘણા મહાન હર્ષપૂર્વક જયજયકારથી પહાડને ગજાવી મૂક્યો અને પૂજ્ય ગુરુદેવ તથા બંને માતાઓએ વારંવાર નતમસ્તકે વંદન કર્યા અને ઉતરવા માંડ્યા યાત્રિકોને આવા જ્ઞાનીઓના ભાવો જોતાં એટલી પ્રશંસા આવી કે આપણા જીવનનો આ દિવસ ધન્ય છે કે પૂજ્ય ગુરુદેવ અને ભગવતી માતાઓ સાથે આવી અપૂર્વ

યાત્રાનો સુઅવસર મળ્યો કે કોઈને નીચે ઉતરવાનું મન થતું ન હતું કે અહીં જ સિદ્ધોની ઉપાસના કરીએ. પૂજ્ય ગુરુદેવ પણ ઘણા ઘણા શાન્તરસથી ભક્તિ કરાવતા કે ભક્તિનો રંગ જામતો હતો અને પૂજ્ય ગુરુદેવ પાસે પ્રમોદ વ્યક્ત કરતા અને પૂજ્ય ગુરુદેવે સમ્મેદશિખરજી તીર્થધામકી જય હો.......જય હો બોલાવી હતી અને બંને બેનોએ સમ્મેદશિખરજી સિદ્ધિધામની અપૂર્વ યાત્રા કરાવનાર :—

**ગુરુદેવનો જય હો બોલાવ્યો હતો.**

**આવો યાત્રાનો પ્રસંગ જીવનમાં ધન્ય પ્રસંગ છે.**

સમ્મેદશિખરધામની મંગલ યાત્રા કરીને નીચે આવ્યા બાદ યાત્રિકો આખો દિવસ ને રાત યાત્રાની ધૂનમાં રહ્યા. જ્યાં જુઓ ત્યાં એક જ રટન અને એક જ ધૂનથી હર્ષોલ્લાસ કરતા હતા. પૂજ્ય ગુરુદેવ પણ પ્રવચનોમાં વારંવાર યાત્રાનો પ્રમોદ કરાવતા હતા કે સિદ્ધભગવંતોનું સ્મરણ એ જ આત્માનું ધ્યેય છે. આ યાત્રા જીવનમાં યાદ રહી જશે, એટલી મહિમા આવતી હતી. ફાગણ સુદ નોમના સવારે પૂજ્ય ગુરુદેવ સાથે શ્રી વાસુપૂજ્ય ભગવાનના પાંચ કલ્યાણક ધામની યાત્રા કરવા ચંપાપુર–ભાગલપુર તરફ પ્રસ્થાન કર્યું. ભાગલપુરના જિનમંદિરમાં દર્શન કર્યા અને પ્રાચીન પ્રતિમાજીઓની આકૃતિઓ દેખી ગુરુદેવને પ્રસન્નતા થઈ, આવી રીતે આઠ આઠ દિવસ પૂજ્ય ગુરુદેવ સાથે

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તીર્થધામમાં રહ્યા.

ફાગણ સુદ ૧૦ ના પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રા સંઘ ચંપાપુર જિનમંદિરના દર્શને પધાર્યા, અહીં વાસુપૂજ્ય ભગવાનના કલ્યાણક ભૂમિના ધામમાં આનંદથી દર્શન–અભિષેક કર્યા અને પૂજન–ભક્તિ કર્યા. પૂજ્ય ગુરુદેવે પોતે પણ અભિષેક કર્યા તે દેખીને સૌને ઘણો હર્ષ થયો. ચંપાપુરમાં પણ પૂજ્ય ગુરુદેવના સ્વાગત તથા અભિનંદન અર્પણ કર્યું હતું.

(પૂજ્ય ગુરુદેવે ભક્તિ કરાવી)

વાસુપૂજ્ય જિનનાથને ભાવે વંદુ......
હારે ભાવે વંદું રે ભાવે વંદું......
હાંરે એ તો ત્રિભુવનનાથ બિરાજે,
હાં રે થયા દરિસણ નાથ.....વાસુ......
ચંપાપુર નગરી બહુ બહુ સોહે,
હાં રે તિહાં વાસુપૂજ્યજી બિરાજે.....
હાંરે પંચકલ્યાણક મહોત્સવ ઉજવાયે,
હાં રે સુરનર ઈન્દ્રોના ટોળા ઉતરે......
હાં રે ધન્ય માત ને તાત....વાસુપૂજ્ય....

આવી ભાવભીની ભક્તિ સાંભળીને સૌ પ્રસન્ન થયા. ત્યારપછી બંને બેનોએ પણ આનંદકારી ભક્તિ કરાવી.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ફાગણ સુદ ૧૧ ના સવારમાં સંઘ સહિત ૐકારગિરિ સિદ્ધિધામની યાત્રા કરવા પધાર્યા. આ પર્વત ઉપર શ્રી વાસુપૂજ્ય ભગવાનના દિક્ષાકલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષ કલ્યાણક થયા છે. ભાદરવા સુદ–૧૪ ના પ્રભુ સિદ્ધશિલામાં અહીંથી બિરાજ્યા છે. આ કલ્યાણકભૂમિની શોભા કોઈ અનેરી જ હતી. પહાડ ચડતા ચડતા સાધકોને સંયમ દશાની ભાવનાઓ જાગે છે. આ રીતે યાત્રા કરીને વૈશાખ સુદ એકમની સવારે અમદાવાદમાં ૪–૫ હજારની જનતાએ ધામધૂમથી પૂજ્ય ગુરુદેવનું સ્વાગત કર્યું અને બીજે દિવસે પૂજ્ય ગુરુદેવની ૬૮ મી જન્મ જયંતિ ઉજવવાનો ઘણો જ ઉત્સાહ હતો.

જે તીર્થંકરો તથા મહા મુનિરાજો જે ક્ષેત્રથી સિદ્ધાલયમાં સદાને માટે બિરાજ્યા છે. તથા તીર્થંકરોના કલ્યાણકની અતિશય ભૂમિ છે તેના દર્શન કરવા સાધક સંતોના કેવા ભાવ ઉલ્લસે છે. શ્રી સમ્મેદશિખરજી મહાતીર્થ એ ભારતનું શાશ્વત સિદ્ધિધામ છે. જ્યાંથી અનંત તીર્થંકરો મુક્તિ પામ્યા છે. તે ધામની મહિમા આવતાં તીર્થયાત્રા કરવાના ભાવો સંઘ સાથે યાત્રા કરવાના ભાવો ઉલ્લસતા હતા અને ભાવો પ્રગટ કરતા સંઘ સહિત યાત્રાએ સં. ૨૦૧૩ (ઈ.સ. 1957) ની સાલમાં કરવાનું નક્કી કર્યું અને એ યાત્રામાં પૂજ્ય ગુરુદેવ સાથે પૂજ્ય ચંપાબેન–પૂજ્ય શાન્તાબેન સાથે હજારોની સંખ્યામાં સંઘ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સહિત એક–એક પવિત્ર ભૂમિના દર્શન–પૂજા–ભક્તિ ખૂબ જ ભાવથી કર્યા હતા કે કેટલાય મહિનાઓ સુધી યાત્રા પ્રવાસમાં ઉત્સાહપૂર્વક દર્શન કર્યા હતા.

તેવા જ ભાવો જે મોક્ષમાર્ગની પ્રેરણા જગાડે છે. એવા તીર્થની ફરી દક્ષિણ તથા બુંદેલખંડની યાત્રાએ સંવત ૨૦૧૫ (ઈ.સ. 1959) ની સાલમાં મંગળ પ્રસ્થાન કર્યું.

દક્ષિણ ભારતનું તીર્થ જે શ્રવણબેલગોલા મહાન અને વિશ્વ વિખ્યાત શ્રી બાહુબલીજીના ૫૭ ફૂટ ઊંચા પ્રતિમાજીની ભવ્યતા અજબ–ગજબની શોભે છે.

આ યાત્રા કરવા સં. ૨૦૧૫ (ઈ.સ. 1959) ના પૂજ્ય ગુરુદેવ સાથે સંઘસહિત સોનગઢથી પ્રસ્થાન કરી સૌપ્રથમ પાવાગઢ તીર્થના દર્શને પધાર્યા. જ્યાંથી શ્રી રામચંદ્રજીના પુત્રો લવ–કુશ મુનિવરો સાથે પાંચ કરોડ મુનિવરો મોક્ષ પધાર્યા છે. પોષ સુદ ૧૦ ના પહાડ પર દર્શન કરવા પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રા સંઘ ઉપર દર્શન કરી પૂજા–ભક્તિ કરતા કરતા શ્રી રામચંદ્રજીને યાદ કર્યા. જુઓ, લવ–કુશ મુનિવરો અહીં સિદ્ધ થયા છે. મારો આત્મા પણ સિદ્ધસમાન છે. આમ ખૂબ જ આરાધના પૂર્વક દર્શન–ભક્તિ કરતાં કરતાં બંને બેનોએ એટલી ધૂનથી ગાયું કે :—

“કેવા હશે એ લવ–કુશ મહા મુનિરાજ<br>
અહો એને વંદન લાલ....”

રાજપાટ ત્યાગી વસે અઘોર જંગલમાં.......

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આ પ્રમાણે સિદ્ધોની ખૂબ આરાધના કરી, પાવાગઢથી મુંબઈ સંઘ સાથે ઝવેરી બજારના સીમંધર જિનેશ્વરની પ્રાણ પ્રતિષ્ઠા માટે પધાર્યા. જ્યાં ખૂબ ઉત્સાહ પૂર્વક સ્વાગત કર્યા અને નૂતન જિનમંદિરમાં શ્રી સીમંધર સ્વામી, શ્રી શાન્તિનાથ સ્વામી, શ્રી ચંદ્રપ્રભુની ભવ્ય પ્રતિષ્ઠા પૂજ્ય ગુરુદેવના હસ્તે કરી. યાત્રા સંઘે પુના તરફ પ્રસ્થાન કર્યું અને પૂજ્ય ગુરુદેવની મોટર પાછળ ૪૦ મોટરોનો સંઘ સાથે પુનામાં ભવ્ય સ્વાગત થયું. ત્યાંથી દહીગામમાં જિનમંદિરમાં દર્શને પધાર્યા. જ્યાં જોતા વેંત એટલો આનંદ આવ્યો કે જુઓ સીમંધર પ્રભુની પ્રતિષ્ઠા કરીને આવ્યા અને અહીં પણ વિશાળકાય શ્રી સીમંધરાદિ વીસ વિહરમાન ભગવાન ભેટ્યા અને દર્શન કરી અભિષેક—પૂજન—ભક્તિની ધૂમ મચી હતી અને યાત્રિકો ને તો હર્ષાનંદનો પાર ન રહ્યો. અહીંથી કુંભોજ, બાહુબલીના દર્શને પધાર્યા અને ત્યાં પણ વિદ્યાર્થીઓ માટે ગુરુકુળમાં ધાર્મિકશિક્ષા માટે બાળકો તત્પર રહે છે. ત્યાં શ્રી સમંતભદ્ર મુનિરાજના સાનિધ્યમાં તથા ગજાબેન, ચંવરેજી, ભીસીકરજી, બ્ર. માણેકચંદજી બધાના નિર્દેશનમાં સારી એવી શિક્ષા બાળકો પ્રદાન કરે છે. ત્યાં નાનો એવા પહાડ જિનમંદિરોના દર્શને પૂજ્ય ગુરુદેવ, રામજીભાઈ, બેનશ્રી બેનો, પાટનીજી વગેરે અનેક મુખ્યા પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રામાં જોડાયા. અંતમાં શ્રી નેમીચંદજી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પાટનીએ બધાનો આભાર માન્યો. અને ત્યાંથી બાહુબલીથી કોલ્હાપુરમાં પ્રાચીન જિનમંદિરોના દર્શન કરી અને ત્યાં પણ પૂજ્ય ગુરુદેવના સ્વાગત થયા. આ પ્રમાણે સીવનિધી, બેલગાંવમાં ૧૦૫ જિનમંદિરોના દર્શન કરી દરેક જગ્યાએ બેલગાંવ વગેરે દરેક જગ્યાએ જ્યાં પૂજ્ય ગુરુદેવના ચરણ પડે ત્યાં તો ભવ્ય સ્વાગતની તૈયારી સાથે જ હોય.

તા. ૨૩ ના સવારે હુબલીમાં પણ પૂજ્ય ગુરુદેવના સ્વાગત હાથીઓએ ચામર દ્વારા કર્યા હતા. ત્યાંનો જોગ ફોલ્સ પ્રસિદ્ધ છે. જેનું નિરીક્ષણ પણ યાત્રિકોએ કર્યું. ત્યાંથી **હંમચ**માં એક હજાર વર્ષ પ્રાચીન પ્રતિમાજીના દર્શન કર્યા. તેમજ બેનશ્રીબેનોએ ભક્તિ કરાવી હતી અને પહાડ પર શ્રી બાહુબલી ભગવાનના દર્શન કર્યા અને નીચે ૨૦ જેટલા રત્નમણીના પ્રતિમાજી દર્શન કરતા બધા ઘણા ખુશ થયા. ત્યાંથી ભગવાન શ્રી કુંદકુંદપ્રભુનું સમાધિસ્થાન **કુંદાદ્રી** પહાડ પર ઉલ્લાસભર્યા શ્વાસે યાત્રિકો તેમજ ભગવતી માતાઓએ શ્રી કુંદકુંદાચાર્યદેવની ખૂબ જ ભક્તિ કરી. પૂજ્ય ગુરુદેવે તો સમાધિસ્થાનના કમળ પર આચાર્યદેવના ચરણોમાં મસ્તક નમાવી વંદન કર્યા. જે પાટનીજી તથા રામજીભાઈ તો જોતા જ રહ્યા કે શું વર્ણવી શકે ? ત્યારબાદ બહારમાં શ્રી માનસ્તંભના ચોકમાં બધાએ પૂજા–ભક્તિ કરી અને આચાર્ય કુંદકુંદદેવના જયનાદ ગજાવ્યા અને પહાડ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પરથી ઉતરી પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં શું કુંદકુંદપ્રભુની મહિમા ગાઈ કે જાણે પૂર્વનો ઈતિહાસ ખડો થયો હોય. ત્યાંથી રાત્રિના જ મૂડબીદ્રી પહોંચ્યા અને રાત્રિના જ ત્રિભુવન–ત્રિલોક–ચૂડામણી જિનમંદિરોના દર્શન કર્યા. ત્યાંની એ વિશેષતા છે કે એક હજાર થાંભલાઓથી આ મંદિર શોભી રહ્યું છે. મહાવદ ચોથના સવારે ત્યાંના અનેક મંદિરોમાં દર્શન કર્યા અને રત્નમણીના રાશીઓના પ્રતિમાજીના ભવ્ય દર્શન થતાં બધાના હૃદયો ઉલ્લસિત થતાં ગુરુદેવ પાસે આનંદ વ્યક્ત કર્યો હતો.

પૂજ્ય ગુરુદેવની ગાડી મંગલવર્ધિની અને ગુરુપંથીની ગાડીમા બંને બેનોના પરિવાર સાથે મોટર તથા લાઈનસર બસો કારકલમાં પહોંચી, શ્રી બાહુબલી સ્વામીના દર્શન, પૂજા, ભક્તિ કરી વેણુરમાં ૩૫ ફૂટના શ્રી બાહુબલીજીના દર્શન કર્યા. શ્રવણબેલગોલના બાહુબલી નજીક આવી રહ્યા છે. જેથી જ્યાં જ્યાં જઈએ છીએ, ત્યાં ત્યાં બાહુબલીજીના દર્શન થાય છે. હળેબિડથી હાસનમાં ઘણાં પ્રાચીન મંદિરોના દર્શન કર્યા અને શ્રવણબેલગોલાના ભગવાન બાહુબલી નજીક આવતા એ રળિયામણો ઈન્દ્રગિરિ પહાડ પર બાહુબલીજીના ભવ્ય પ્રતિમાજીના દર્શન થતાં હતા અને રાત્રિના જ ત્યાં પહોંચી ગયા.

સં. ૨૦૧૫ (ઈ.સ. 1959) ના મહાવદ નોમના સવારે

દર્શનયાત્રાએ પૂજ્ય ગુરુદેવ સાથે અને ભગવતી માતાઓએ ભક્તિ કરતા કરતા વિશ્વ અજાયબી એવા ૫૭ ફૂટના વિશાળકાય શ્રી બાહુબલીજીના દર્શન કરતા પૂજ્ય ગુરુદેવ ભગવાનના ચરણોમાં ઝૂકી ગયા અને ત્રણ વાર વંદના કરી, ઘણા સમયની ભાવના આજે પુરી થવાથી આનંદ ઉછળતો હતો. ત્યાં સંઘ સહિત ખૂબ જ ભક્તિભાવ પૂર્વક પૂજન કર્યા હતા. આ રચના કોઈ દેવકૃત થઈ હોય એવું છે. એક હજાર વર્ષ પ્રાચીન આ રચના છે. પૂજ્ય ગુરુદેવ ઉપર દર્શને પધાર્યા અને પ્રદક્ષિણા દઈને વારીવારીને દર્શન કરતાં પ્રતિમાજીને નિહાળતા હતા. ખૂબ જ શાન્તિથી દર્શન કર્યા અને બપોરે ચંદ્રગિરિ પહાડ પર યાત્રાએ નીકળ્યા જ્યાંથી ૫૦૦ મુનિરાજ સાથે શ્રી ભદ્રબાહુ મુનિરાજનું સમાધિ સ્થાન ગુફા છે. ત્યાં પણ પૂજ્ય ગુરુદેવ ઘણી વાર બેઠા હતા. તેમજ ઘણા ઘણા મંદિરોના દર્શન કર્યા અને પ્રાચીન શિલાલેખ પણ ઘણા છે. તે બધા વાંચી ઘણું જાણવા મળ્યું.

બીજે દિવસે ફરીથી પૂજ્ય ગુરુદેવ સાથે શ્રી બાહુબલીજીના દર્શને પધાર્યા અને અભિષેકની શું બોલીઓ બોલાઈ હતી કે આ ઉપરથી ખ્યાલ આવે છે કે ભક્તોના હૃદયમાં પણ કેટલો હર્ષાનંદ છે. સૌપ્રથમ કળશની શ્રી પ્રભુદાસભાઈ ઘીયા તથા શ્રી રતિભાઈ ઘીયા એ ઉછામણી બોલી હતી. તે પ્રથમ કળશથી પૂજ્ય ગુરુદેવ દ્વારા અભિષેક

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



થયો અને પૂજ્ય ગુરુદેવે ઘણીવાર સુધી કળશથી અભિષેક કર્યો અને ત્યારબાદ પૂજ્ય ગુરુદેવે શ્રી પ્રભુભાઈ અને રતિભાઈ ઘીયાને આપ્યો. ત્યારપછી અનેક બોલીઓના કળશો દ્વારા અભિષેક કર્યા અને અંતમાં દરેક ભાઈઓને પોતાના ભાવ પ્રગટ કર્યા હતા અને પૂજા-ભક્તિના ભાવો પ્રગટ કર્યા અને પૂજ્ય ગુરુદેવે પણ ભક્તિ કરાવી હતી. જે યાત્રિકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ઝીલી હતી.

પૂજ્ય ગુરુદેવના બપોરના પ્રવચનમાં શ્રી બાહુબલી-ભરતેશ્વરની કહાની સંભળાવી કે જુઓ સમ્યગ્દષ્ટિ ધર્માત્માને પણ આવા પ્રકારના રાગ-દ્વેષ થાય છે. છતાં નિજ પરિણતીમાં કાંઈ આંચ આવતી નથી. જેમ પાણીમાં કમળ અલિપ્ત રહે છે. એવી એવી સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માની ઘણી ઘણી મહિમા બતાવી. ત્યારબાદ ત્યાંના મુખ્ય ચંદ્રવર્તીએ પૂજ્ય ગુરુદેવના પ્રવચનનો સાર ત્યાંની સમાજ જે શાંતભાવે માત્ર બેઠા હતા તેને સાર સંભળાવવા ત્યાંની તામીલ-કન્નડ ભાષામાં સંભળાવ્યો. જેથી ત્યાંના સમાજને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણો અહોભાવ આવ્યો અને યાત્રા પુરી કરી.

આ રીતે બુંદેલખંડમાં પણ સંવત ૨૦૧૫ (ઈ.સ. 1959) ના ચૈત્ર સુદ સાતમના જબલપુરથી યાત્રા સંઘ સાથે પૂજ્ય ગુરુદેવે મઢીયાજી સિદ્ધક્ષેત્રની યાત્રા કરી. જ્યાં જિનેન્દ્ર ભગવાનના દરબારના દર્શન કરી, દમોહમાં ભવ્ય સ્વાગત

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અને શ્રી જિનમંદિરના દર્શન કરી, માંગલિક પ્રવચનમાં ઘણા મુમુક્ષુ ભાઈઓએ લાભ લીધો. મુમુક્ષુ સમાજ ગામેગામમાં બધાના હૃદયમાં પૂજ્ય ગુરુદેવ વસ્યા છે. જેથી પૂજ્ય ગુરુદેવ પસાર થતાં કોઈ પણ ગામના મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવને આમંત્રણ કર્યા વગર રહે જ નહીં અને પૂજ્ય ગુરુદેવની પણ કરૂણા હતી કે લોકો તત્ત્વની આ સાચી વાત સાંભળે. આ રીતે ત્યાંથી પસાર થઈ દમોહમાં પણ જિનમંદિરના દર્શન કર્યા અને સમાજે ખૂબ રસથી સ્વાગત કર્યા બાદ માંગલિક સંભળાવ્યું અને કુંડલગિરિ સિદ્ધક્ષેત્રમાં પહાડ પર ૪૬ જિનમંદિરોના દર્શન કર્યા અને બડેબાબા તરીકે શ્રી મહાવીર પ્રભુના પ્રતિમા ભવ્ય વિશાળકાય પદ્માસનમાં બિરાજી રહ્યા છે. ત્યાં પહાડ પર બધા દર્શન કરી, બંને બેનોએ ભક્તિઓ ખૂબ ઉત્સાહથી કરાવી. આ પવિત્ર ભૂમિ પરથી શ્રી ધરસેન સ્વામી મોક્ષ પધાર્યા છે. અને નીચે તળેટીમાં પણ ૧૦ મંદિરોના દર્શન ભક્તિ કર્યા બાદ શાહપુર તરફ પ્રસ્થાન કર્યું. શાહપુર સમાજે પણ ઘણી ભાવના ભાવી કે સ્વામીજી એક દિન પધારો, અને પૂરી તૈયારી કરીને આવ્યા હતા. આવો આગ્રહ જોઈ પૂજ્ય ગુરુદેવે હા પાડી અને સ્વાગત તથા પ્રવચનનો લાભ લીધો. જેથી તેઓને ખૂબ જ આનંદ થયો. ટૂંક સમય હોવાથી પણ તેઓએ પૂજ્ય ગુરુદેવ પાસે ઘણો હર્ષ વ્યક્ત કર્યો અને પૂજ્ય ગુરુદેવનું સન્માન કર્યું. ત્યાંથી યાત્રા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સંઘ સાથે પૂજ્ય ગુરુદેવ સાગરમાં જે ભગવાનદાસ શોભાલાલ શેઠ સાગરના હોવાથી અને બંને ભાઈઓ પૂજ્ય ગુરુદેવના અનન્ય ભક્ત હોવાથી સાગર શહેરમાં ખૂબ જોરશોરથી સ્વાગત કરવામાં આવ્યું. યાત્રામાં હજારો માણસોની સંખ્યામાં મંડપમાં પૂજ્ય ગુરુદેવ સાથે પધાર્યા અને માંગલિક પ્રવચન કર્યું કે સભામાં ઘણાં ત્યાગી–વિદ્વાનો–બ્રહ્મચારી વગેરે બધાએ પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મરસ ઝરતી વાણી વરસાવી શાન્તિનો સાગર ઉછળ્યો હતો કે બધાએ એકતાને અધ્યાત્મમય વાણી પહેલીવાર સાંભળી ઘણા પ્રભાવિત થયા હતા. પૂજ્ય ગુરુદેવ સંઘ સાથે બે દિવસ સાગર રહી નૈનાગિરિ–રેશંદીગિરિ પધાર્યા. જ્યાંથી શ્રી વરદત્તાદિ અનેક મુનિવરો મોક્ષ પધાર્યા છે. નૈનાગિરિમાં ૧૩ જિનમંદિરો રળીયામણા છે. અને રેશંદીગિરિમાં ૩૬ જિનમંદિરોની ભવ્યતા જ કોઈ અદ્‌ભુત જોઈ. યાત્રા સંઘે દર્શન–પૂજન અને બંને માતાઓની ભક્તિના ભાવ જોઈને થાય કે આ મહાપુરુષો જ્ઞાની જીવોને આ અતિશય સિદ્ધક્ષેત્ર જોઈને કેવા ભાવો ઉછળે છે કે સામે યાત્રિકો પણ એવા રંગે રંગાય જાય છે.

ત્યારબાદ દ્રોણગિરિ સિદ્ધિધામમાં ચૈત્ર સુદ બારસના પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત પધાર્યા. જે ગામની સુંદરતા એવી દેખાય છે કે બંને નદીઓ વચ્ચે પહાડ એવો શોભી રહ્યો છે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

કે જાણે નદીઓ પ્રભુ ભક્તિથી કલરવ કરતી હોય એવા રળીયામણા પહાડ પરથી ગુરુદત્તાદિ ઉપસર્ગ વિજેતા કરી આ પવિત્ર ભૂમિ પરથી મોક્ષ પધાર્યા છે. તે સિદ્ધભૂમિની યાત્રા કરતા પૂજ્ય ગુરુદેવ સાથે મુનિઓ—ત્યાગીઓ—બ્રહ્મચારીઓ તેમજ પૂરા યાત્રા સંઘ સહિત પૂજ્ય ગુરુદેવે ઘણા પવિત્ર ભાવે યાત્રા કરી અને ત્યાં દરેક મંદિરોના દર્શન—પૂજન કરી, શ્રી ગુરુદત્તાદિ મુનિરાજની ગુફામાં બેસી સિદ્ધોના સ્મરણ કરી ૨૬ મંદિરોના દર્શન કર્યા.

બીજે દિવસે શ્રી મહાવીર જન્મ કલ્યાણકે દર્શન—પૂજન કરી પૂજ્ય ગુરુદેવે શ્રી મહાવીર પ્રભુજીનો સંદેશો સંભળાવ્યો કે બધા ભગવાન છો અને ભગવાન થાઓ, તું પ્રભુ છો આ પ્રમાણે મહાવીર સંદેશો સંભળાવ્યો અને યાત્રા સંઘની ભોજનાદિની વ્યવસ્થા ત્યાં શેઠે કરેલ હતી કે યાત્રિકોના પણ પૂજ્ય ગુરુદેવ સાથે કેટલા માન સન્માન થયા.

ત્યાંથી **ખજુરાહો** પધાર્યા અને ત્યાં પહાડ પર ૭૫ મંદિરો શોભી રહ્યા છે. ત્યાં સંઘ સાથે પહાડ પર યાત્રા કરતા એક એક મંદિરની વિશેષતા પૂજ્ય ગુરુદેવ ખૂબ બારીકાઈથી દર્શન કરી નીરખતા હતા અને બંને બેનો તો એવા તો એવા હર્ષવિભોર થતા કે આ ભૂમિમાં પહેલ—વહેલા દર્શન થાય છે અને શું વાહવાજી વાહવાજીની ધૂન મચાવી હતી. ત્યાંની વિશેષતા એ છે કે ઘણા પ્રાચીન મંદિરો અને ભવ્ય

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કોતરણીથી શોભી રહ્યા છે. જેના શિખરની ઉંચાઈ ૮૦ ફૂટ શિખરની કોતરણી પણ વિશ્વ વિખ્યાત છે.

ત્યારપછી યાત્રા સંઘ ટિકમગઢમાં પણ પૂજ્ય ગુરુદેવ સાથે સ્વાગત–દર્શન કરી, પૂજ્ય ગુરુદેવે માંગલિક પ્રવચન કર્યું અને ત્યાંના સમાજે અભિનંદન પત્ર અર્પણ કર્યું અને યાત્રા સંઘે આહારજીથી દર્શન કરી લલીતપુરમાં સંઘ સહિત પૂજ્ય ગુરુદેવના સ્વાગત કર્યા બાદ ત્યાંના જિનમંદિરોના દર્શન કરી, **અતિશયક્ષેત્ર દેવગઢ**નો નાજુક પર્વતના દૂરથી દર્શન કર્યા. અને બીજે દિવસે પહાડ પર પ્રાચીન મંદિરોના દર્શન યાત્રા કરી અને પૂજ્ય ગુરુદેવ એક એક પ્રાચીન મંદિરોના દર્શન કરી ખૂબ શાન્તિથી નિરીક્ષણ કર્યું. ત્યાં તો જાણે દેવોના તો દરબાર દરબાર જ દેખાતો હતો કે પ્રાચીન પ્રતિમાજી પર વીતરાગતા વરસી રહી છે. ત્યાંથી બારા થઈ ચાંદખેડી અતિશય ક્ષેત્ર છે. ત્યાં પધાર્યા અને ત્યાંના સમવશરણમાં બિરાજમાન શ્રી સીમંધર પ્રભુજી જાણે સાક્ષાત્ બિરાજી રહ્યા હોય એવા આહ્લાદ પૂજ્ય ગુરુદેવને આપ્યો ને ભગવાનની વાણી ઝીલનાર શ્રી કુંદકુંદાચાર્યદેવ ખડગાસનમાં શોભી રહ્યા હતા. તે દૃશ્ય જોતા સૌના આનંદનો પાર ન રહ્યો અને પૂજ્ય ગુરુદેવના સ્વ હસ્તે સ્વાધ્યાય હોલનું શીલાન્યાસ કરતા ભક્તોને ઘણો જ આનંદ થયો.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ત્યાંથી પૂજ્ય ગુરુદેવનો યાત્રા સંઘ કોટામાં ભવ્ય સ્વાગતમાં હાથીઓ ધર્મ ધ્વજ ફરકાવતા પૂજ્ય ગુરુદેવનું સ્વાગત કર્યું. ત્યાંના પંડિત યુગલકિશોરજીને અત્યંત હર્ષ થતાં પૂજ્ય ગુરુદેવનું સન્માન કર્યું અને માંગલિક પ્રવચનો કર્યા. જેમાં સમાજે સારો ભાગ લીધો હતો. ત્યારપછી ચિત્તોડગઢકિલ્લો, જ્યાં ભવ્ય મુદ્રાધારી શ્રી મલ્લિનાથ પ્રભુજી, માનસ્તંભજી તેમજ ૨૨ ફૂટ કીર્તિસ્તંભ, ૧૨૨ ફૂટ જય સ્તંભ એવા ઘણા ઘણા જોવાલાયક સ્થળો, ત્યાંના રાજા રાણાપ્રતાપના રાજ્યમાં શોભી રહ્યા હતા. આ બધું જોઈને પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે આ જગતમાં એક જૈન ધર્મ જ રક્ષણહાર છે. ત્યારપછી યાત્રા સંઘનો પડાવ ઉદયપુર શહેરમાં આવતા સમાજે ભવ્ય સ્વાગત કર્યું અને નવ જેટલા જિનમંદિરોના દર્શન કર્યા, સમાજને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણો જ પ્રેમ હોવાથી ઘણું સન્માન કર્યું અને પૂજ્ય ગુરુદેવે માંગલિક પ્રવચન આપ્યું કે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા અને સંતો કહે છે કે અરે જીવ ! તારો આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો છે. તેનામાં સ્વપરને જાણવાની તાકાત છે. જેમ શરીરના એક અવયવ (આંગળી) વડે શરીરનો સ્પર્શ જણાય છે, તેમ આત્મા જ્ઞાનશરીરી છે. તેના મતિ–શ્રુતજ્ઞાનરૂપ અવયવ વડે આખા આત્માનું જ્ઞાન થાય છે, અંતર્મુખ જ્ઞાનવડે શુદ્ધજ્ઞાનસ્વભાવી આત્માને ઓળખવો. તેનું ચિંતવન કરવું, તે જ મોક્ષનો ઉપાય

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



છે. આવી વાત સાંભળતા બધા ભક્તોના હૃદયો ઉલ્લસિત થયા.

ત્યાંથી પ્રસ્થાન કરી કેસરીયાજીના દર્શન કરી યાત્રા સંઘ પૂજ્ય ગુરુદેવ સાથે ઈડર ગુજરાત પધાર્યા. ઈડરમાં પણ બંને પહાડની યાત્રા કરી દર્શન કર્યા. ત્યાં એક પહાડ પર શ્રીમદ્ રાજચંદ્રજી ઘણા કઠિન ધ્યાન ધરતા હતા કે ઘોર ઉપસર્ગ કે પરિષહ આવે તો તે સમયે આત્મામાં લીન રહેતા હતા. મહા પુરુષો ઉપસર્ગ–પરિષહથી ડરતા નથી. પરંતુ આત્મામાં વધારે વૃદ્ધિ કરી લીન થઈ શ્રેણી ચડે છે. આવા જીવન દરેક આત્મધ્યાની પુરુષોના હોય છે કે જેને શરીર પ્રત્યે લેશ માત્ર પણ પ્રેમ નથી. મહાપુરુષો સાથે અપૂર્વ યાત્રા કરતાં કરતાં મુમુક્ષુઓના આનંદનો તો કોઈ પાર જ ન હતો. આ એક અપૂર્વ યાત્રાના સ્મરણો જીવનપર્યંત ભૂલાય તેમ નથી.

卐 卐 卐

**‘‘પૂજ્ય બેનના જીવનમાં ચડાવ–ઉતારના પ્રસંગો તથા શરીર અસ્વસ્થતાના પ્રસંગોમાં પણ જ્ઞાનીની અકંપદશામાં આત્મ–સમાધિ, આત્મશાન્તિમાં જ્ઞાયકભાવની વૃદ્ધિગત કરતાં હતા.**

પૂજ્ય બેનનાં જીવનમાં જોઈએ તો પરીક્ષાના અવસર બહુ આવ્યા હતા. જોકે તેઓનું પાછલું જીવન તો પરીક્ષાના કાળમાં જ વીત્યું હતું અને પ્રતિકૂળતાની વચ્ચે પણ ચિત્તધૈર્ય

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અને શાન્તિનો અનુભવ કરવાની તેઓની શક્તિ હતી જે ખરેખર પ્રશંસનીય છે. પૂજ્ય ગુરુદેવનું તત્ત્વજ્ઞાન અંતરમાં ખરેખર પચાવ્યું છે. અને તેઓની પરિણતીમાં આત્મસાત કર્યું છે. એનો આ પ્રભાવ છે. શ્રી યુગલજી ત્યારે કહેતા હતા કે હું વિચારું છું કે કોઈ સામાન્ય મનુષ્યનું કામ નથી. પ્રતિકૂળતાની વચ્ચે પણ શાન્તિના પ્રભાવથી તેઓના ચહેરા પર ક્રોધની રેખા ક્યારેય પણ દેખાતી ન હતી.

આ પ્રમાણે પૂજ્ય ગુરુદેવે તેઓના જીવનનું નિર્માણ કર્યું અને પોતાનું નામ 'શાન્તાબેન' સાર્થક બનાવ્યું.

પૂજ્ય બેનના જીવનમાં પણ ઘણા ચડાવ–ઉતાર, તેમજ શરીર સંબંધી પ્રસંગો, ઉપસર્ગરૂપ ભજ્યા હતા. પરંતુ જ્ઞાયકદેવના પ્રતાપે સામ્યભાવ–સમતાભાવ સારી રીતે રાખી શકતા હતા અને કોઈપણ પ્રસંગમાં ડગ્યા નહીં. ત્યારે કહેતા કે ઉદયે ઉદયનું કામ કર્યું છે. ઉદય તો પરદ્રવ્ય છે, તેમાં આત્માનું કાંઈ ચાલે નહીં. પરંતુ તે પ્રસંગે આત્મદેવ પોતે પોતાના ભાવોમાં શાન્તિ–સમતા રાખી શકે છે. આ આત્માનો સ્વભાવ જ શાન્તિમય હોવાથી શાન્ત ભાવરૂપે પરિણમતો હતો. બાહ્ય ઉદય સમયે પોતાના આત્માના પરિણામમાં ઘણું જ લાભનું કારણ થયું છે, પૂજ્ય બેન તેમ કહેતા હતા.

ચોથાકાળમાં પણ મહામુનિરાજોને તેમજ સતીઓમાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સીતાજી, અંજનાજી, ચંદનાજી વગેરે સતીઓને પણ ઉપસર્ગો—ઉદયો અનેક પ્રકારે ઉગ્રરૂપે આવતા હતા અને તેઓ કેવા શાન્ત સ્વભાવથી સહતા હતા, તો આપણને આ કાળે આવે તેમાં કોઈ આશ્ચર્ય નથી.

એમ પણ કહેતા હતા કે :—આ આત્માએ જ્ઞાયકભાવની પ્રગટ આરાધના કરેલી હતી. તે હાજરા—હજૂર રહેતી હોવાથી પોતાના જ્ઞાયક ભાવમાં રહીને જ્ઞાયકભાવની પ્રગટ શાન્તિનો અનુભવ કર્યો અને આત્મ સમાધિમાં વૃદ્ધિને પામી છે. આવું ફરમાવતા હતા.

સવિકલ્પદશામાં પણ જ્ઞાયકની સ્થિરતા સહજપણે બરોબર રહે છે. જ્ઞાતા જ્ઞાતાપણે રહીને જે વિકલ્પ આવે તેને જ્ઞેયપણે જાણે છે.

પૂજ્ય બેનને શરીરમાં અશક્તતાના કારણે ઘણી ઘણી વ્યાધિઓ પણ આવતી હતી. એમાં એકવાર પોતે પડી જવાથી પગમાં ફ્રેક્ચર થવાથી ઓપરેશન પણ કરવું પડ્યું હતું. ત્યારે સખત પીડા સહતા અને પગની પીડા કરતાં, આત્મા શાન્તિનું વેદન વધારે હતું તેવું કહેતા હતા. જ્ઞાયકદેવ પોતે હાજરા—હજૂર હતા તેમાં જ્ઞાયકદેવના સુખનું જ વેદન મુખ્ય હતું જ્ઞાયકદેવ જ્ઞાનમાં તરવરતો હતો. કેટલીકવાર તો પીડાનો ખ્યાલ પણ રહેતો ન હતો. અશક્તતાના કારણે એમ પણ લાગતું હતું કે કદાચ શરીર છૂટી પણ જાય તો તેનો જરા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પણ ભય ન હતો અને સંયમ–નિયમપાલન પણ બરોબર કરતાં હતા. ત્રણ દિવસથી આહાર–પાણી લીધું ન હતું. ત્રીજે દિવસે ગળામાં સોસ પડતો હતો તો પણ સૂર્યોદય થયા પછી જ પાણી લીધું હતું.

જ્ઞાનાનંદાદિ અનંત ગુણની પૂર્ણતા કરીને ચૈતન્ય પિંડ શરીર રહિત એકલો ચૈતન્યદેવ પોતાના અનંત ગુણમાં કેલી કરે તેની બલિહારી છે.

જ્ઞાનીઓને ઉદય ઉદયનું કામ કરે છે, ત્યારે જ્ઞાન ચેતના તેનાથી જુદી જ તરવરે છે. હર્પીસ જેવો મહા ભયંકર રોગથી ઘેરાયેલો, ચહેરો આખો ભરાઈ ગયો હતો કે આંખ તેમજ મોઢું પણ તદન બંધ થઈ ગયું હતું કે આહાર–પાણી પણ લઈ શકતા નહીં. આવા ઉદયમાં એક મહિના પછી મંદતા આવી. પરંતુ તેઓની શાન્તિ–સમતા આગળ જે કોઈ સામે જોવે તો એમ થાય કે આમને તો કાંઈ નથી. આવી જ્ઞાનીની દશા શરીરથી ભિન્ન આત્મા પ્રત્યક્ષ દેખવામાં આવતો હતો. (હે માતા ! અતૂટ ધૈર્યવાન, અત્યંત ઉદ્ધત અને ક્રૂર કર્મોનો ઉદય આપને જરા પણ ડગાવી શક્યો નહીં.)

卐 卐 卐

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# આબુનો પ્રસંગ

## પૂ. બેન શાન્તાબેનની આબુતીર્થયાત્રામાં બનેલ વૈરાગ્ય અને તેની પ્રાસંગિક ચર્ચા

વિજ્ઞાનઘન સ્વભાવમાં રમણતા કરાવવવાવાળા પૂજ્ય બેન જ્યારે આબુમાં તા. ૦૨-૦૬-૧૯૭૬ ના રોજ સવારે ૧૧ વાગે પડી ગયા તે સમયે તથા ત્યારબાદ ચાલતી અભૂતપૂર્વ વિચારધારા તેઓશ્રીના શ્રીમુખેથી :—

પ્રશ્ન :—આપ જ્યારે આબુમાં પડી ગયા ત્યારે શું વિચાર આવતો હતો?

ઉત્તર :—ત્યારે બીજો તો કાંઈ નહિ પણ એ વિચાર આવ્યો કે સોનગઢ જવાનું છે અને પડી જવાયું. જો પગ મંડાય તો જવાય, ત્યારે હજી ખબર નહોતી કે પગમાં શું થયું છે? અમદાવાદ આવી અને ફોટો પડાવ્યો ત્યારે ખ્યાલ આવ્યો. આપણે તો જોયા કરવાનું કે કેમ થાય છે? શું થાય છે? ત્યારે તો બધો વિકલ્પ છોડી દીધો કે થવું હશે તે થાશે. પછી તમે બધા (બાળકો) આવ્યા એટલે મેં કીધું કે મારાથી તો પગ મંડાશે નહિ. તેડીને મોટરમાં મૂકી દ્યો. ‘‘આ શરીરમાં પીડા થતી હતી તેને જોઈ, જાણ્યું’’ અને પીડા ઉપરથી જ ત્યારે ખ્યાલ આવી ગયો હતો કે હાડકું ભાગ્યું છે. મેં તો ભાભીને પણ એમ જ કહ્યું હતું. પછી મોટરમાં બેઠા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અને અમદાવાદ પહોંચી ગયા. તે વખતે કાંઈ હર્ષ કે શોક ન હતો. તેનો વિચાર કે વિકલ્પ ન હતો. આ કેમ આમ થયું? શું કામ થયું? હવે શું થાશે? તેવું કાંઈ નહિ. ''જ્ઞાતાપણે રહ્યા—ખરેખર તો જ્ઞાયક—સ્વભાવમાં જ જ્ઞાતાપણે રહ્યા. કારણ કે વાસ્તવિક રીતે તો જ્ઞાયક જ વેદનમાં આવી રહ્યો હતો. વ્યવહારે એમ કહેવાય કે આ પીડાની વેદનાને જાણતા હતા.''

પ્રશ્ન :—આબુમાં જ્યારે બધા, આપના પડી જવાથી મુંઝાઈ ગયા ત્યારે શું વિચાર આવતો હતો?

ઉત્તર :—બધાને મુંઝાઈ ગયેલા જોઈને થયું કે કેમ જવાશે? કોઈ જમવા પણ નહોતું બેસતું. એટલે મેં કહ્યું કે બધા જમી લ્યો. એમાં કાંઈ થવાનું નથી. જે થવાનું હશે તે થાશે. તેઓ લીલીબેનને ફોન કરવા જતા હતા. તો કહ્યું કે જાવ નહિ કારણ કે વેકેશન છે કોઈ હશે નહિ. બધા આવતા હતા તે બધાને જવાબ આપ્યા અને કીધું કે સવારે બધા છોકરાવે પૂછ્યું હતું કે ક્યારે આવીએ? તો કહ્યું હતું કે ત્રણ વાગે આવજો. એટલે એ પહેલાં તો કોઈ ન આવે. પંકજ, પ્રદીપ વગેરે તમારી બહુ રાહ જોતા હતા પણ ટાઈમ પહેલાં ક્યાંથી આવે. ચેતન સાથે છે ને પ્રવીણા અમદાવાદ છે. એટલે વાંધો નહિ આવે અને ત્યાં અમદાવાદ ગયા એટલે તરત જ સીધે સીધા હોસ્પિટલમાં જ તેઓ લઈ ગયા.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આપણે તો જોયા જ કર્યું. સ્વ–પર પ્રકાશક જ્ઞાને કામ કરી લીધું.

પ્રશ્ન :—બેન! ઑપરેશનના દિવસે તો આપનું સવારથી જ ઘૂંટણ દેખાતું હતું તો ત્યારે શું ભાવ ચાલી રહ્યા હતા?

ઉત્તર :—ઑપરેશનના દિવસે તો સવારથી બે–ત્રણ વખત તો ગાથા યાદ આવતી હતી કે :—

"છેદાવ વા ભેદાવ–કોઈ લઈ જાવ નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ આ શરીર માત્ર મારું નથી."

આ રીતે તો ગૌણપણે આ વિચાર ચાલતો હતો. મુખ્યપણે તો જ્ઞાયક જ વેદનમાં આવતો હતો. સવારના થયું કે આજે આ શરીરનું ઑપરેશન છે નબળાઈ ઘણી છે. દેહાંત પણ કદાચ થઈ જાય. નબળાઈને કારણે તો એનું જે થવું હોય તે થાવ. આપણે આપણું કાર્ય કરી લેવું. જ્ઞાતાનો તીવ્ર પુરુષાર્થ ઉપાડી લીધો જ હતો, એટલે આપણે જ્ઞાતાની તીવ્રતામાં જ રહીએ છીએ. એટલે પછી શરીરનું જે થવું હોય તે થાય. કારણ કે એમ થતું હતું કે દેહ છૂટી પણ જાય. પણ તેનો હર્ષ કે શોક ન હતો. આપણે આપણા પુરુષાર્થની ખામી ન રાખવી. કોઈના ઉપર ધ્યાન જ નથી આપ્યું. આપણે વિકલ્પ બીજે ક્યાંય જવા જ નથી દેવો તેવી દૃઢતા હતી. પહેલેથી જ તૈયારી પૂરેપૂરી હતી. એકદમ આપણે આપણી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સ્થિરતા રાખી. ઉપયોગને સ્વભાવમાં સ્થિર રાખીએ અને ઠેઠ સુધી ખૂબ સ્થિરતા રાખી. કોઈના ઉપર દ્રષ્ટિ જ નથી કરી. કોણ ક્યાં ઊભું છે તેની કાંઈ ખબર જ ન હતી. આ શરીરનું ઑપરેશન થવાનું હતું તો તેનો કાંઈ ત્રાસ પણ ન હતો. ભય પણ ન હતો ચિંતા પણ ન હતી. તેનો કાંઈ સંકલ્પ કે વિકલ્પ પણ નહોતો.

આવી પૂ. બેનની આત્માની મસ્તી જોઈને શ્રી બાબુભાઈ ગોપાલદાસભાઈએ તેમના દીકરા રોમેશભાઈને કહ્યું કે ખરેખર સમ્યગ્દ્રષ્ટિની દશા જોવી હોય તો તું અત્યારે જ પૂ. બેન પાસે જા. પૂ. બેન કહે છે કે જેને એક વખત સ્વભાવ સાથે એકાકારપણું થયું હોય તેને શરીર સાથે એકાકારપણું કેમ થાય ? શરીર ટકે કે ન ટકે પરંતુ આપણે તો જ્ઞાન અને જ્ઞાયકની પરિણતીને એકાકાર કરી એમાં લીન થઈ ગયા હતા. જિંદગી આખી જે પુરુષાર્થ કરીને આરાધના કરી હતી તે મરણને સમયે કામ ન આવે તો શું કામની? એટલે આપણે તો તેમજ સમજીને સમાધિની પૂરેપૂરી તૈયારી કરી રાખી હતી. તે સમયે એવી શાંતિ અને સમાધિ હતી કે બિલકુલ આકુળતા કે પીડાનું વેદન ન હતું.

ત્યારે ઑપરેશન વખતે પરિણતીને પૂછ્યું હતું કે આજે આ શરીરનું ઑપરેશન છે તો તેનો તને ત્રાસ છે ? ભય છે ? ચિંતા છે ? તો પરિણતીએ જવાબ આપ્યો કે મને ત્રાસ નથી.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ચિંતા નથી, ભય નથી અને કોઈની પરવાહ નથી. કાંઈ પણ નથી. શરીરથી ભિન્ન મને મારો સ્વભાવ જુદો જ વેદનમાં આવી રહ્યો છે. અનંત વખત આવા શરીર ધારણ કરીને છોડ્યા હવે જે એકાદ–બે ભવ છે તેમાં અમારી આરાધના પૂરી કરી અશરીરી દશાને પામશું. એટલે શરીર તરફ જોયા જ કર્યું કે વેદન થાય છે ઠીક છે એનો સ્વભાવ છે તો થાય એમાં શું?

અંશે સિદ્ધ જેવો જ અનુભવ હતો એટલે કિંચિત સિદ્ધ જેવી જ દશા હતી. તેમાં આ શરીર છે એવું લાગતું જ ન હતું. હવે તો તેની જાતમાં ભળી ગયા છીએ. આત્મા તો એટલો સરસ મજાનો વેદનમાં આવતો હતો એમાં આનંદ હતો.

મુનિદશાની પૂરેપૂરી ભાવના ભાવતા હતા અને થતું હતું કે મુનિ જ્યારે પાદોગમન સંથારો કરે ત્યારે ઈચ્છાપૂર્વક સૂઈ જાય અને હાથ–પગ હલાવે નહિ. તેવી રીતે આપણે પણ મુનિ થવું છે. એટલે તેવી જ તૈયારી હતી. એટલે તેવા વિચાર આવતા હતા.

પ્રશ્ન :—ઑપરેશનને દિવસે રાતના જ્યારે ગળામાં શેષ પડતો હતો ત્યારે કેવા વિચાર આવતા હતા?

ઉત્તર :—ઑપરેશનના બે દિવસ પહેલા પણ પાણી ઓછું પીવાયું હતું તેથી વધારે શોષ પડતો હતો. એટલે પૂછ્યું કે કેટલા વાગ્યા છે? તમે કહ્યું કે ત્રણ વાગ્યા છે, મારે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ત્રણ વાગે પાણી નથી પીવું, છ વાગશે એટલે લઈશ. આટલા દિવસ નીકળી ગયા એમ ત્રણ કલાક હમણાં નીકળી જશે. ત્યારે અમે આપને કહ્યું કે બેન! આજે ઑપરેશન થયું છે તેથી ગળામાં વધારે શોષ પડે છે. તો કૃપા કરીને આજનો દિવસ પાણી પી લ્યો.

પૂ. બેને જવાબ આપ્યો કે—મેં તો દેવ—શાસ્ત્ર—ગુરુ સમીપે પ્રતિજ્ઞા કરી છે અને પ્રતિજ્ઞા પ્રાણ જતાં પણ અખંડ પાળવી છે. હું તો રાત્રે બિલકુલ પાણી પીવાની નથી. મેં પ્રતિજ્ઞા ભગવાનની સામે કરી છે. દિવસ ઊગ્યા પહેલા પાણી લેવું જ નથી. પ્રાણ છૂટે તો પણ પ્રતિજ્ઞા અખંડ જ રહેવાની છે અને રાખવી છે....પ્રતિજ્ઞા હોય તે તો અખંડપણે રાખવી જ જોઈએ. વળી એમાં શું? શરીરમાં શોષ પડે તો એમાં શું થઈ જવાનું છે, અને શોષ પડે તો ભલે પડે.

જ્ઞાનસ્વભાવમાં—આત્મામાં પાણીની તરસ ક્યાં દેખાય છે? આત્માના અમૃતરસના વેદનમાં પાણીની તરસ આકરી નથી લાગતી અને આમેય ત્રણ દિવસથી નથી પીધું. તેમાં ત્રણ કલાક વહી જાય તેમાં શું વાંધો છે? આત્માના જ્ઞાન અમૃત સામે નજર કરીને પડ્યા છીએ. એમાં ત્રણ કલાક શું ત્રણ દિવસ વહ્યા જાય તો પણ કાંઈ વાંધો ન હતો. જે થવાનું હોય તે ભલે થાય, પણ આપણે જે પ્રતિજ્ઞા લીધી છે તેને પાળવી જ છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જીભ કોરી પડી ગઈ હતી ને? આત્મા તો કાંઈ કોરો પડતો નથી ને? આત્મા તો જ્ઞાનથી ભરપૂર ભરેલો હતો. તેનાથી તૃપ્ત હતો. આત્માને તો કાંઈ તરસ હોતી નથી. આત્માની સમીપ જોતાં કાંઈ તૃષા દેખાતી જ નથી. પોતાના સ્વરૂપ સમક્ષ નજર કરે તો દઢતા છે જ ને!

અમદાવાદથી તા. ૧૬-૦૬-૭૬ ના હોસ્પિટલમાંથી વિદાય લેતી વખતે, અમદાવાદ મુમુક્ષુ મંડળ તરફથી આગ્રહભરી વિનંતી કરવામાં આવતા કે આપની તબિયત હવે સારી છે. અને આપ અહીંથી જાવ છો તો કાંઈક બે શબ્દો કહો, ત્યારે સૂતા સૂતા પૂ. બેને કહેલા અમૃત વચનો.

સર્વોત્કૃષ્ટ પદ અરિહંત અને સિદ્ધપદ છે. અરિહંતનું અને સિદ્ધનું સ્વરૂપ પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવે બતાવ્યું છે. અરિહંતનું સ્વરૂપ કેવું હોય, અરિહંત ભગવાનનું શરીર કે જેમાં ચોંત્રીસ અતિશય હોય. સમવસરણની રચના હોય તે કાંઈ અરિહંતનું સ્વરૂપ નથી. પરંતુ અરિહંત પરમાત્માનો ચૈતન્ય આત્મા પૂર્ણતાને પામેલ છે, તેમાં અરિહંતનું સ્વરૂપ આવે છે. સિદ્ધનું સ્વરૂપ તો અશરીરી દશા છે. પૂર્ણ આનંદ સિદ્ધ ભગવાને પ્રાપ્ત કરેલ છે, એવા અરિહંત અને સિદ્ધના સ્વરૂપને જે જાણે છે તે પોતાના આત્માને જાણે છે.

પ્રવચનસારની ૮૦ મી ગાથામાં છે કે—

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



जो जाणदि अरहंत दव्वतगुणपज्जयतेहि।

सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

જે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે તે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે. "નમો અરિહંતાણં" એમ બધા દરરોજ શ્રાવક જૈન નામધારી બોલે પણ અરિહંતનું સ્વરૂપ સમજે તો તેનો બેડો પાર થઈ જાય. અરિહંતનું સ્વરૂપ સમજે તે પોતાના આત્માનું સ્વરૂપ સમજે. સદ્‌ગુરુદેવે, અરિહંતનું, સિદ્ધનું, પંચ પરમેષ્ઠીનું તથા શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવ્યું છે. આ ભારતભૂમિ ઉપર જો આત્માનું સ્વરૂપ બતાવનાર હોય તો તે મહાપુરુષ શ્રી સદ્‌ગુરુદેવ જ છે. સદ્‌ગુરુદેવનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આત્માનું કલ્યાણ, જન્મ–મરણનો અંત તે આત્માનું સ્વરૂપ સમજ્યા વિના આવતો નથી એવું અદ્‌ભૂત સ્વરૂપ બતાવનાર હોય તો તે સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી છે. એમનો પરમ પરમ પ્રતાપ વર્તે છે. આ ભારતભૂમિમાં એમનો મહાન ઉપકાર વર્તી રહ્યો છે.

ભગવાન આચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવ પણ કહે છે કે

અબદ્ધ સ્પૃષ્ટ, અનન્યને જે નિયત દેખે આત્મને,
અવિશેષ અણસંયુક્ત તેને શુદ્ધનય તું જાણજે. ૧૪

અબદ્ધ એટલે કે આત્મા બંધાણો નથી. કોઈ દ્રવ્યભાવનો કર્મથી બંધાયેલો નથી. આત્મા અબદ્ધ છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બંધાયેલો લોકોને લાગે છે, બંધ ઉપર જેની દ્રષ્ટિ છે તેને બંધાયેલો લાગે છે. પણ આત્મા છૂટો છે તેની ઉપર જેની દ્રષ્ટિ છે તેને આત્મા છૂટો લાગે છે. ભગવાન કુંદકુંદ આચાર્યદેવે બહુ સરસ સ્પષ્ટ કરીને સમજાવ્યું છે કે આત્મા કોઈ પદાર્થથી બંધાણો નથી. અબદ્ધ છે. સ્પૃષ્ટ છે, આત્મા તો ચૈતન્ય પોતે પોતાના જ સ્વરૂપથી સ્પર્શાયેલો છે. આત્મા પર પદાર્થથી સ્પર્શાયેલો હોય તો કોઈ દિવસ તેનાથી છૂટો પડી શકે જ નહિ. માટે આત્મા સદાને માટે છૂટે છૂટો જ છે. જ્ઞાની સમકિતી ધર્માત્માઓ પોતાને અબદ્ધસ્પૃષ્ટપણે જ અનુભવે છે. અને અનુભવીને સિદ્ધદશાને પ્રાપ્ત થાય છે. અનન્ય એટલે અન્યરૂપે આત્મા થયો નથી. ચાર ગતિમાં બધા ભવ જીવે કર્યા પણ કોઈ આત્મા એક પરમાણુરૂપે પણ થયો નથી. આત્મા નિત્યરૂપ છે, કારણ કે આત્મા કોઈ દિ અનિત્ય થયો નથી. પર્યાય બદલે છે, આત્મા બદલાતો નથી. આત્મા ત્રણે કાળ શાશ્વત જ છે. એવો ધ્રુવ પોતે પોતાની સામે સાક્ષાત્ મોજુદ છે. આત્મા સામે નજર કરતા આત્મા સુખરૂપ જણાય છે. જેમ કામધેનું ગાયમાંથી જ્યારે લોકોને દૂધ જોઈએ ત્યારે કાઢે છે, તેમ આત્મામાં સુખ ભરેલો છે, તેમાં જ્યારે ઉપયોગ લગાવે ત્યારે પોતાને સુખ મળે છે. ગમે તેવી શરીરમાં વ્યાધિ હોય, ઉપાધિ હોય કે બહારમાં પ્રતિકૂળ સંયોગ હોય તો પણ આ ચૈતન્ય આત્માના આનંદને રોકવા કોઈ સમર્થ નથી. આત્માનું સુખ—આનંદ અને શાંતિ પોતામાં નજર કરતા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મળી રહે છે. એવો અદ્‌ભૂત સ્વરૂપ ચૈતન્ય પદાર્થ છે. એવા સ્વરૂપને દેખાડનાર શ્રી સદ્‌ગુરુદેવ જ છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર વર્તી રહ્યો છે. અસંયુક્ત એટલે આત્મા સર્વ સંયોગથી રહિત જ છે. સંયોગદ્રષ્ટિવાળાને સંયોગ દેખાય છે અને અસંયોગદ્રષ્ટિવાળાને અસંયોગી દેખાય છે. આત્મા સદાને માટે સાક્ષાત અસંયોગી, આનંદસ્વરૂપ પૂર્ણસુખથી ભરેલો ચૈતન્ય પદાર્થ પોતે પોતાની સમક્ષ બિરાજી રહ્યો છે.

'નિજ નયનની આળસે રે, ન નીરખ્યા હરિને'

પણ આળસ છોડી દે તેમાં કોઈ એવો પ્રયત્ન નથી કે ન થઈ શકે. પોતે ચૈતન્યસ્વરૂપ જ છે. હાજરાહજૂર, ચૈતન્યજ્યોતિ, ચૈતન્યસત્તારૂપ સાક્ષાત્‌ બિરાજી જ્યારે તેને સમજવા માગે ત્યારે હાજરાહજૂર દેવ પોતે બિરાજમાન છે. આ દેહમંદિરમાં, દેહાલયમાં આ ચૈતન્યદેવ પોતે હાજરાહજૂર બિરાજી રહ્યો છે. તે દેવમાં અનંતસુખ અને અનંતઆનંદ ભર્યા છે. તે સર્વે પ્રગટ કરવા યોગ્ય છે. શ્રી ગુરુદેવનો પરમ પરમ આદેશ છે.

આ શાંતિ અને સમતાધારી પૂ. બેનને ગામના લોકો હૉસ્પિટલમાં જોવા આવતા હતા. એકવાર સ્થાનકવાસી સંપ્રદાયના છોટેલાલજી સાધુ તો પૂ. બેનને મળવા આવ્યા અને બે હાથ જોડી ત્રણ વખત મસ્તક નમાવીને દર્શન કર્યા. આ દ્રશ્ય જોઈને બધા સ્તબ્ધ થઈ ગયા. જ્યારે આવીને કોઈ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂછે કે બેન! પીડા કેવી છે? ત્યારે કહેતા મને તો મારો જ્ઞાયકસ્વભાવ જ વેદનમાં આવી રહ્યો છે. શરીર કે તેની પીડા વેદનમાં આવતી જ નથી. તેઓ કહેતા કે સમતા તો અમારી કૂળદેવી છે. અમારું કૂળ મંદિર જ સમતા છે. આ તે કંઈ પ્રકારની સમતા છે તેને જોવા સ્થાનકવાસી અને શ્વેતાંબરના આગેવાનો આવતા અને શરીરથી ભિન્ન પડેલો આત્મા કેવો છે તે નજરે જોઈ આશ્ચર્ય પામતા.

આ સમયે અમદાવાદનું મુમુક્ષુ મંડળ ખડેપગે ઊભું હતું અને પૂ. બેનની તન–મન–ધનથી સેવા કરી હતી. આ ગામમાં કોઈ કુટુંબીજનો ન હતા પણ સાચું રે ‘સગપણ સાધર્મી તણું.’

ખરેખર જોઈએ તો આવા જ્ઞાનીની સેવાનો લાભ કોણ ચૂકે? આવો લાભ મળવો તે પણ મહાનભાગ્યથી મળે છે અને જેને આ સંસારના જન્મ–મરણ શરમજનક લાગ્યા છે તેઓ તેમની સમીપમાં રહીને નિજ હિત સાધી લ્યે છે. આ તો અનંત સુખને પ્રાપ્ત કરવાના અને અનંત દુઃખને ટાળવાના ટાણાં આવ્યા છે. તેના માટે ધ્યેય નિશ્ચિત કરી તે દિશા તરફ હળીમળીને સૌએ તે પાવન પથ પર ગમન કરવાનું છે. જ્ઞાનીઓની બલિહારી છે આ ભરતભૂમિ ઉપર.

આમ અમદાવાદમાં છેલ્લે દિવસે ૭ મિનિટ અમૃતના ધોધ વહાવીને સોનગઢ તરફ આવવા નીકળ્યા ત્યાં રસ્તામાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ખાડિયામાં બિરાજમાન શ્રી આદિનાથ ભગવાનના દર્શન કર્યા અને ટ્રેનમાં ઓખામાં નીકળીને ૧૭-૦૬-૭૬ ના સવારે ૫-૪૫ એ ભગવંતોના ધામમાં પધાર્યા.

પૂ. બેન સોનગઢ પધારતા, પૂ. શ્રી ગુરુદેવ, પૂ. શ્રી બેનશ્રીના દર્શન થતાં તેમ જ વાણી સાંભળતા તેઓશ્રીના મુખારવિંદથી નીકળેલા ઉદ્‌ગાર.

પ્રશ્ન :—જ્યારે આપ સોનગઢ પધાર્યા અને પૂ. શ્રી ગુરુદેવના દર્શન થયા ત્યારે શું ભાવ આવ્યા હતા.

ઉત્તર :—પૂ. શ્રી ગુરુદેવને જોઈને તો આનંદ આવતો હતો અને દર્શન કરતી વખતે તો દર્શન જ કરતા હોઈએ ને!

પ્રશ્ન :—એ આનંદ કેવો હતો?

ઉત્તર :—તે આનંદ પ્રશસ્ત જ હોય ને! કાંઈ સ્વાભાવિક આનંદ ન હોય. પણ એમ થાય કે હે નાથ! આપના પ્રતાપે અહીં સોનગઢ પહોંચાણું, ગુરુદેવના દર્શનથી હરખ આવે, આનંદ આવે, હર્ષના આંસુ આવી જતા હતા. નહિ તો એમ થતું હતું કે આપણે ગુરુદેવના, બેનના વિરહમાં છીએ. હવે એ ધામમાં પહોંચી ગયા. શરીરનું જે થવું હોય તે થાવ અમદાવાદ ક્યાં ને ક્યાં દૂર પડ્યા હતા તે ૨૫–૨૬ દિવસે તેઓશ્રીના દર્શન થયા અને તે સમયે તો આનંદ.....આનંદ હતો. પગની વેદના જેવું કાંઈ લાગતું જ ન હતું.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પ્રશ્ન :—અહીં આવ્યા બાદ પહેલા એકાદ–બે દિવસ આપ બધાને શું કહેતા હતા?

ઉત્તર :—શરીર છે ત્યાં સુધી આ બધું આવે છે જેણે શરીર ધાર્યું જ નથી તેને શું? અને આપણે પણ અશરીરી દશા ધારણ કરવી છે. શરીર છે ત્યાં સુધી આ બધી ઉપાધિ આવે છે. અશરીરી દશામાં ક્યાં કાંઈ ઉપાધિ છે? આપણે અશરીરી દશા માટેની આરાધના કરી રહ્યા છીએ. તો હવે આ શરીરમાં ભલે જે કાંઈ આધિવ્યાધિ થવું હોય તે થાય આપણે જોઈએ તેને!

પ્રશ્ન :—બેન! આપ ત્યારે નાડી શું કામ તપાસતા હતા?

ઉત્તર :—નાડી તે જાણવા માટે કે આ શરીરની શું સ્થિતિ છે, નાડી સરખી ચાલે છે કે ધીમી ચાલે છે. નબળાઈ બહુ લાગતી હતી એટલે હાલ શરીરની શું સ્થિતિ છે તે જાણી લઈએ તેટલા માટે તે સમયે સાવચેતી તો હતી જ કારણ કે આત્માની નાડી તો જ્ઞાનમાં પકડાય, જ્ઞાનમાં પોતાને પોતાની નાડી જણાય, વેદનમાં આવે.

પ્રશ્ન :—પહેલું પ્રવચન જ્યારે સાંભળવા મળ્યું ત્યારે બેન શું થતું હતું?

ઉત્તર :—ત્યારે તો આનંદ આવતો હતો કે આ સારું થયું ગુરુદેવના પ્રવચન અહીં ઘેર બેઠા બેઠા સાંભળવા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મળશે. નહીં તો આમ નિરંતર વિરહ જેવું લાગ્યા કરે.

પૂ. બેનને પ્રવચન સંભળાય છે તે સાંભળી પૂ. ગુરુદેવના હૃદયોદ્‌ગાર.

પૂ. ગુરુદેવ ઘરે પધાર્યા.

આ ઘણું સરસ થઈ ગયું. વળી ત્યાં તો પડઘા પણ પડે છે. પછી બે–બે મહિનાની પથારી રહી. અહીં આવી શકાય નહી. આ ત્યાં બેઠા બેઠા સાંભળી શકાય ત્યાં વીજળીનું દોરડું ખેંચ્યું હશે. એટલે રામજી બાપુજીએ કહ્યું કે સાહેબ! આચાર્યોએ વીજળીની કાંઈ શોધખોળ નથી કરી.

એટલે પૂ. ગુરુદેવ કહે છે આચાર્યો જેવી તો કોઈએ શોધ નથી કરી કે વગર સાંભળે, વગર વાંચે પોતાને પોતાની ત્રિકાળ વસ્તુ અનુભવમાં આવે એવી શોધ કરી છે. આમ પૂ. ધર્મપિતા પણ ઘણો જ પ્રમોદ વ્યક્ત કરતા હતા.

પૂ. ગુરુદેવે પૂ. બેનને પૂછ્‌યું–કે કેમ છે ? પૂ. બેન કહે– ઠીક છે. પછી કહે કે પ્રવચનમાં ગુરુદેવ બહુ સરસ આવે છે.

પૂ. ગુરુદેવ કહે–સંભળાય છે બરાબર ? બેને કહ્યું–હા જી, બરાબર અક્ષરે અક્ષર સંભળાય છે. આપ તો એટલા આત્મરસમાં તરબોળ થઈને ગુરુદેવ વાંચો છો, ત્યારે ગુરુદેવને પ્રમોદ આવી ગયો કે વાહ રે વાહ ! બેન કહે કે બહુ રસ પડે છે. બહુ જ સરસ આવે છે જાણે કૃતાર્થ થઈ જવાય એવું લાગે છે. ગુરુદેવે ફરી પૂછ્‌યું–સંભળાય છે બરાબર ?

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ત્યાં તો પડઘો પણ પડે અહીં તો ઓછો પડે. હાજી, એકદમ સરસ સંભળાય છે. પૂ. ગુરુદેવે કહ્યું કે કાલે આવવાના હતા પણ છાંટા આવ્યા અને છોકરાવ આવ્યા એટલે ભૂલી ગયા. પૂ. બેન કહે છે કે બહુ સરસ પ્રવચન આવે છે એટલો રસ પડે છે. એટલા સરસ રીતે વાંચો છો આત્મામાંથી. ગુરુદેવ કહે—આ સગવડતા સારી થઈ ગઈ છે. બેન કહે એટલો આનંદ આવે છે.

પધારજો—નાથ પધારજો.

(પછી ૧૦ દિવસ પછી પધાર્યા ત્યારે)

પૂજ્ય ગુરુદેવ પધાર્યા ત્યારે

પધારો નાથ પધારો કરુણાસાગર પધારો.

પૂ. ગુરુદેવે પૂછ્‌યું કે—કેમ છે? ઓછું થયું કાંઈ? ૧૯ મી તારીખે પ્લાસ્ટર ખોલવાના છે.

પૂ. બેન કહે :—કર્તાકર્મમાં તો નાથ હૃદયના રંગ રેડો છો. બહુ જ સરસ વ્યાખ્યાન આવે છે.

કરુણાસાગર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

આનંદદાતા શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

પ્રશ્ન :—આજથી ચાર—પાંચ દિવસ પહેલાં પૂ. ગુરુદેવના પ્રવચનમાં આત્મા હેય છે તેમ કહ્યું હતું, તો તે કહેવાનું તાત્પર્ય શું છે?

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ઉત્તર :—અભેદસ્વરૂપ આત્મા છે તેની ઉપર જેની દ્રષ્ટિ છે અને વીતરાગ પરમરસ સમાધિમાં લીન છે તેને આત્મા ઉપાદેય છે અને જેની પર્યાય ઉપર દ્રષ્ટિ છે તેને આત્મા હેય છે. જેની દ્રષ્ટિમાં આત્મા જ સન્મુખપણે બિરાજી રહ્યો છે તેને આત્મા ઉપાદેય છે અને જેની દ્રષ્ટિમાં પર્યાય ને શરીર સન્મુખ છે તેને આત્મા હેય છે.

મોહ અરિ પર વિજય પાયકર
આતમ જ્યોતિ જગાઉ મૈં.

આ વાત જ્યારે ભક્તિમાં આવે છે ત્યારે મને બહુ રંગ ચડે છે. બહુ મજા આવે છે કે મોહરૂપી શત્રુ ઉપર આતમ જ્યોતિ–જ્ઞાન જ્યોતિ વડે વિજય મેળવું અને વિજય ધ્વજ ફરકાવું. બધાએ કાયમ એ જ પુરુષાર્થ કરવાનો છે કે શરીરમાં ગમે તેવી પીડા આવે પણ આપણે આપણા આત્માની જાગૃતિ ચૂકવી નહીં. અને ગમે ત્યારે થાય એવું છે. નરકમાં નારકીને એટલા દુઃખની પીડા વચ્ચે સમ્યગ્દર્શન થઈ જાય છે. છેલ્લે સમયે પણ પુરુષાર્થ જાગૃત થાય તો પોતાને અનુભવી લે એવું છે. કોઈ વસ્તુ પોતાથી ભિન્ન નથી.

પ્રશ્ન :—વ્યવહાર એમ કહે છે કે શરીર અને આત્મા એક છે અને નિશ્ચય કહે છે કે શરીર અને આત્મા ભિન્ન છે તો આવો વ્યવહાર તે નિશ્ચયનો પ્રતિપાદક કેવી રીતે?

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ઉત્તર :—આવો વ્યવહાર ત્રણ કાળમાં નિશ્ચયનો પ્રતિપાદક છે જ નહીં. આત્મા જ્ઞાયકશરીરી અભેદ વસ્તુ છે જ્ઞાનસ્વરૂપ–દર્શનસ્વરૂપ–ચારિત્રસ્વરૂપ આત્મા છે. એમ ભેદ પાડવા તેનું નામ જ વ્યવહાર છે, અને આ વ્યવહાર તે નિશ્ચયનો પ્રતિપાદક છે જે વ્યવહાર નિશ્ચયને અનુકૂળ હોય તે વ્યવહાર છે જે પ્રતિકૂળ હોય તે નહીં.

પ્રશ્ન :—પર્યાય આત્માને જાહેર કેવી રીતે કરે છે?

ઉત્તર :—પર્યાયનું પણ મહાન સામર્થ્ય છે. જેવી રીતે અનંત આકાશમાં એક નક્ષત્ર તેવી રીતે કેવળજ્ઞાનની પર્યાયમાં આખું લોકાલોક એક નક્ષત્ર સમાન છે. આટલી તો શક્તિ આ પર્યાયમાં છે તે પોતાનો જેવો સ્વભાવ છે તેવો અનુભવે છે. ભલે દ્રવ્ય આખું પર્યાયમાં આવી ન જાય, પરંતુ તેનો અનુભવ યથાર્થ જ થાય છે. જેવો સિદ્ધ ભગવાન અનુભવ કરે છે તેવો એક અંશ અનુભવ સમકિતીને થાય છે.

પ્રશ્ન :—દુઃખનું કારણ આત્મા નથી, દુઃખનું કાર્ય પણ આત્મા નથી તો પછી સમકિતનું કાર્ય–કારણ પણ આત્મા નહિ ને?

ઉત્તર :—'જ્ઞાનીના ગમ્મા, જે કહે તે સમ્મા.'

જ્ઞાનીઓ જે કહે છે તે સમ્યક જ કહે છે. તેની અપેક્ષા સમજવી જોઈએ. દ્રવ્ય અને પર્યાય બંને સત્ છે. સત્ અહેતુક છે. માટે તે સત્ પર્યાયનું કારણ પણ આત્મા નથી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અન બીજી અપેક્ષાએ કહીએ તો કારણ આત્મા જ છે. કારણ કે આનંદ આવે છે તે પોતાનો જ છે. આત્મા જ તેનું કારણ અને કાર્ય છે.

પ્રશ્ન :—ઘડીકમાં આમ કહે અને ઘડીકમાં આમ કહે તેનું શું કારણ?

ઉત્તર :—વસ્તુનું સ્વરૂપ જ અનેકાન્ત છે એટલે જે સમયે જેમ કહે તેમ સમજવું જોઈએ. જ્ઞાનીઓની જ સર્વ અપેક્ષાઓ યથાર્થ હોય છે.

પ્રશ્ન :—કથંચિત્ વ્યવહાર સત્ અને કથંચિત્ નિશ્ચય સત્ આમ અનેકાન્ત થયું ને?

ઉત્તર :—ના આમ અનેકાન્ત છે જ નહીં. નિશ્ચય સર્વથા સત્ છે, સત્ય છે અને વ્યવહાર કોઈક અપેક્ષાએ તેની હયાતી હોવાથી સત્ છે.

આ પ્રમાણે શરીરમાં ઘણી ઘણી આકરી વ્યાધિઓ આવી હતી છતાં પણ ચેતનદેવના પ્રતાપે ઘણી શાંતિથી પસાર કરતા.

## પૂજ્ય કહાનગુરુ સમાધિ

સુવર્ણપુરીમાં ઈ.સ. 1935 થી પૂજ્ય શ્રી કહાનગુરુદેવની મંગળમય વાણીનો સૂર્યોદય થતાં ૪૫ વર્ષ સુધી ધોધમાર અમીરસ વાણી વરસતા ભવ્ય જીવોને ઈ.સ.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**1980 સુધી તરબોળ કરી સૂર્ય અસ્ત થયો જાણે વજ્રઘાત થયો કે શું ?**

પૂજ્ય ગુરુદેવના સમાધિના અંતિમ બાર દિવસ પહેલાં પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા પૂજ્ય શાન્તાબેન મુંબઈ પધાર્યા હતા. દરરોજ બે વાર દર્શન કરવા જતા હતા. એમાં સમાધિના ચાર દિવસ પહેલાં ગયા ત્યારે પૂજ્ય ગુરુદેવ બેન સન્મુખ જોઈને બોલ્યા કે બેન ! મારે સંલેખના વ્રત લેવું છે, આહાર–પાણીનો ત્યાગ કરવો છે. આવી ઉત્તમ ભાવના વ્યક્ત કરતાં બેનનું હૃદય ભરાઈ આવ્યું કે બસ આ સિંહ ગર્જના કરનારો ચાલ્યો...... ?

છેવટે વિ.સં. ૨૦૩૭ (ઈ.સ. 1980) ની સાલમાં પૂજ્ય ગુરુદેવનો આત્મા એક અખંડ જ્ઞાયક જ્ઞાયકની આરાધના કરતાં કરતાં સમાધિમાં લીન થતાં કારતક વદી સાતમને શુક્રવારે સૂર્ય અસ્ત થતાં આ નશ્વર દેહ છોડી સુવર્ણપુરીનો સિતારો વૈમાનિકદેવમાં પધાર્યા. જે હવે મોક્ષ એવી દશા બે–ચાર ગણતરીના ભવ કરીને સિદ્ધશિલામાં બિરાજશે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

૧૫૫

# અહો ગુરુભાનુ (વિરહ ગીત)

અહો ગુરુભાનુ ભારતના અંધારા જગતમાં કીધા,
ભારતમાં વિરહા પડ્યા મોટા જગતમાં જડે નહીં જોટા.
સ્વાનુભૂતિથી ઝળકેલા ચૈતન્ય તેજેથી ચમકેલા,
આતમ તેજેથી દીપેલા ગયા ક્યાં કહાનગુરુ વ્હાલા.
હિંદમાં ગુરુ હતા મોટા જડે નહિ ક્યાંય તુજ જોટા,
ગુરુ વિરહા પડ્યા મોટા જઈને સ્વર્ગમાં બેઠા.
ગુરુ તમે જ્ઞાન ગંભીરા ઊછળ્યા શ્રુતના–દરિયા,
અચિંત્ય ગુણથી ભરિયા સેવક તુમ ભક્તિના રસિયા.
ગુરુ–ગુરુ ઝંખના થાએ ગુરુ વિન ચેન ના પાએ,
ગુરુ વિન રાત–દિન જાએ મળીશું શાશ્વતા ધામે.
ગુરુનું નામ અમર હોજો, ગુરુનું ધામ અમર હોજો,
તમારી સાધના જ્યાં હો અમારો વાસ ત્યાં હોજો.
ચૈતન્ય આનંદ દેનારી જ્ઞાયક સાક્ષાત્ કરનારી,
પ્રજ્ઞાછીણીમાં જ રમનારી અહો ગુરુકહાનની વાણી.
ચૈતન્ય તલ સ્પર્શતી વાણી સેવકને પાય છે પાણી,
મુમુક્ષુને મુગ્ધ કરનારી જય જય ગુરુકહાનની વાણી.
મુનિવર મહિમા ગુરુ ગાતા સંયમની ભાવના ભાતા,
જિનેશ્વર મારગે જાતા થશે ગુરુ ધ્યાનના ધ્યાતા.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ગુરુવર બોધને પામી દૃષ્ટિ ચૈતન્યમાં જામી,
શાશ્વત એ ધામને પામી થશું આનંદના ધામી.

પૂજ્ય બેન :—આપણે સૌ ભાવના ભાવીએ કે પૂજ્ય ગુરુદેવ જે ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ ભગવાન ''આત્મા'' એ શાક્ષાત્ બતાવી ગયા છે. તે ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ આત્માની આરાધના કરી આપણે પણ શાશ્વત આનંદમાં રહીએ. પૂજ્ય ગુરુદેવનો ઉપકાર મોક્ષપુરી સુધી ભૂલાય તેમ નથી. પૂજ્ય બેન બોલ્યા કે આ પ્રસંગ તો ઘણો જ વૈરાગ્યમય અને દુઃખદાયી છે. માટે બધાએ હવે વૈરાગ્યપૂર્વક પોતાના આત્માનું કાર્ય શીઘ્રતાથી કરી લેવા જેવું છે. અરે....રે......! આ ગુરુનો વિયોગ કેમ સહ્યો જશે? જેના શરણે આખું આત્મિક જીવન સમર્પિત હતું?

હમ કો છોડકર ચલે સબ પંથી
જાતે અપને અપને ''ગામ''
હમ ભી સબ કો છોડકર
ચલેંગે અપને ''ધ્રુવધામ''મેં

પૂજ્ય ગુરુદેવના વિરહા પડ્યા, પરંતુ તેઓશ્રીની વાણીનો વિરહ નથી. આજે પણ સીડી કેસેટોના માધ્યમથી તેમના પ્રવચનો સાંભળીને ભવ્ય જીવો અદ્ભૂત વૈરાગ્યમય વાણીનું રસપાન કરી રહ્યા છે. તે અહોભાગ્ય છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**પૂજ્ય કહાનગુરુદેવ સમાધિ–સ્મૃતિ એક વર્ષે શ્રી શીતલનાથ તીર્થયાત્રા સંઘ સ્પેશીયલ ટ્રેન દ્વારા વિદિશાથી મંગલ પ્રસ્થાન કરી શ્રી શાશ્વત સિદ્ધક્ષેત્ર શ્રી સમ્મેદશિખરજીની અપૂર્વ યાત્રામાં પૂજ્ય બેન શાન્તાબેન સાથે બધા ટોચના પંડિતો સંઘ સાથે અપૂર્વ યાત્રા કરી હતી.**

પૂજ્ય ગુરુદેવ સ્મૃતિ નિમિત્તે શાશ્વત તીર્થાધિરાજ સમ્મેદશિખરજી, ચંપાપુરી, પાવાપુરી, રાજગૃહી, બનારસ, અયોધ્યા અને સોનાગિરિ વગેરે તીર્થયાત્રા માટે સંઘ સહિત વિદિશાથી મંગળ યાત્રાનું પ્રસ્થાન તા. 1-10-1981 ના સંરક્ષક પંડિત શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા (ફતેહપુર) એ શુભકામનાઓ સાથે હરી ઝંડી ફરકાવી શુભારંભ કર્યો હતો.

આ મંગલ યાત્રા પૂજ્ય ગુરુદેવ શ્રી કહાનજીસ્વામીજીની સ્મૃતિમાં વિદિશા નગરીમાં ગર્ભ–જન્મ–તપ કલ્યાણકથી પાવન કરવાવાળા દસમાં તીર્થંકર શ્રી શીતલનાથના નિર્વાણ કલ્યાણકના દિને તા. 6-10-1981 ના નિર્વાણ ભૂમિ તીર્થરાજ શ્રી સમ્મેદશિખરજીમાં નિર્વાણ લાડુ ચડાવતા પૂજ્ય બેન તો ભક્તિ કરતા નાચી ઉઠ્યા હતા અને પૂજ્ય ગુરુદેવ સાથે કરેલી યાત્રાના સંસ્મરણો સંભળાવતા આનંદ વિભોર થતા હતા. એવી અપૂર્વ યાત્રા કરી હતી. 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# શ્રી બાહુબલી ભગવાનની યાત્રા

ઈ.સ. 1987 ના નવેમ્બરમાં ફરી સ્પેશીયલ ટ્રેન દ્વારા શ્રી શ્રવણબેલગોલા શ્રી બાહુબલી પ્રભુની યાત્રામાં પૂજ્ય બેન સામિલ થવાથી સંઘમાં મુમુક્ષુઓને પૂજા–ભક્તિના રંગે ચડાવ્યા તેમજ તીર્થયાત્રાનું પ્રયોજન શું? તે સંભળાવતા હતા અને પૂજ્ય ગુરુદેવનો સમાધિદિન પૌન્નુરમાં શ્રી કુંદકુંદાચાર્યદેવના ધામમાં ગુરુગુણ ગાતા ગાતા ખૂબ જ વૈરાગ્ય રસથી મનાવ્યો હતો અને પૂજ્ય ગુરુદેવનો સંપૂર્ણ ઈતિહાસ પૂજ્ય શાન્તાબેને ખૂબ જ રસથી સંભળાવ્યો હતો. પૂજ્ય બેનનું શરીર ઘણું જ અશક્ત છતાં યાત્રા કરતા બોલ્યા કે ‘‘આત્મા’’ માં અશક્તપણું નથી. આત્મા સદાને માટે સશક્ત છે. તેઓના ભાઈ મુકુન્દભાઈએ યાત્રામાં આવવાનો ખૂબ જ આગ્રહ કર્યો હતો, જે યાત્રાનું આયોજન મુકુન્દભાઈ, સીમંધર જિનાલય મુંબઈથી કરેલ હતું.

**પૂજ્ય ગુરુદેવની સ્મૃતિમાં દેવલાલીમાં** સ્મારકની યોજના ઈ.સ. 1987 માં પૂજ્ય કહાનગુરુદેવની સ્મૃતિમાં એક ભવ્ય સ્મારક દેવલાલીમાં શ્રી કહાનનગર સોસાયટીમાં શ્રી મહાવીર જિનાલય, શ્રી સમવશરણ તથા માનસ્તંભજી, શ્રી સ્વાધ્યાય મંદિર, શ્રી પરમાગમ મંદિર વગેરે નવ જગ્યાએ શીલાન્યાસ મહોત્સવ પ્રશિક્ષણ શિબિરના અંતર્ગત ભવ્ય મહોત્સવ પૂજ્ય બેન શાન્તાબેનના સ્વહસ્તે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**શિલાન્યાસ કાર્ય સંપન્ન થયું હતું. જેમાં પૂજ્ય બેને પોતાનું સર્વસ્વ તન–મન–ધનથી અર્પણ કરેલ હતું. જેના ફળરૂપે શ્રી કહાનનગર સ્મારકમાં શ્રી જિનાલયોનું કાર્ય 1989 માં ભવ્ય પંચકલ્યાણક પૂર્વક સંપન્ન થયું હતું. જેમાં તેઓશ્રીનું ઘણું જ યોગદાન હતું. જેના ફળરૂપે દેવલાલીમાં અત્યારે ખૂબ જ ધર્મપ્રભાવના થઈ રહી છે.**

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુવર ગુણની ખાણ,
ગુરુવસે જો અંતરમાં, તો પામે ભવનો પાર.
ગુરુવર શ્રુતજ્ઞાની ઘણાં નય નિક્ષેપ અપાર,
દ્રવ્યાર્થિકનય મુખ્ય કરી આપે ચેતન રાજ.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## પૂજ્ય બેનના જન્મદિને પાલીતાણાની યાત્રા

ઈ.સ. 1988 ના ફાગણ સુદી અગિયારના જન્મદિને સોનગઢથી શત્રુંજય તીર્થયાત્રા પૂજ્ય બેન સાથે ઘણા યાત્રિકો સહિત તીર્થવંદના કરવા ગયા હતા. નીચે મંદિરમાં પૂજા–ભક્તિ–સ્વાધ્યાય પૂર્વક આનંદવિભોરથી તળેટીમાં પણ પાંડવ મહામુનિરાજના સ્મરણ કર્યા હતા કે આવું મુનિપદ ક્યારે આવશે એવી અપૂર્વ અંતિમ યાત્રા કરી હતી.

શરીરની સ્થિતિ દિન પ્રતિદિન ક્ષીણ થતી હોવા છતાં આત્મભાવના વૃદ્ધિગત પામતી હતી. આ જ્ઞાની મહાપુરુષોની ધન્યતા છે.

卐

## પૂજ્યબેન શાન્તાબેન
## સમાધિદિન 24-06-1988

ઈ.સ. 1988 રાજકોટ શહેર આંગણે શ્રી કહાનનગર સોસાયટીમાં પૂજ્ય બેનને શરીરમાં અશક્તિના કારણે અને સમાધિમરણની ભાવના પૂર્વક પોતે પોતાની પુરેપુરી તૈયારીમાં હતા, જાણે સમાધિનો આભાસ થતો હતો એવા વચનો બોલતા હતા અને નવ નવ કોટીએ ઘણા પ્રકારે ત્યાગ કર્યો હતો.

પૂજ્ય ગુરુદેવની સમાધિ પછી પૂજ્ય બેને શ્રી શિવકોટી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આચાર્યરચિત શ્રી ભગવતી આરાધનાનો સ્વાધ્યાય બધા બેનો વચ્ચે આદ્યોપાંત કર્યો હતો અને કહેતા હતા કે આવી જ સમાધિ મારે કરવી છે.

જ્ઞાની ધર્માત્મા પૂજ્ય બેનના સમાધિમરણના અંતિમ પાંચ દિવસ પહેલા એટલે જ્યેષ્ઠ સુદી પંચમીના દિને શ્રુત પંચમી દિને, શરીરની સ્થિતિ અત્યંત નબળી હોવા છતાં ૧૦૩° ડીગ્રી તાવમાં શ્રી કુંદકુંદ જ્ઞાનચક્રમાં બિરાજમાન શ્રી જિનવાણીને હીરા–મોતી–ચાંદીના ફૂલથી ઉત્સાહ પૂર્વક વધાવ્યા હતા. ત્યાર પછી બધાને માંગલિક સંભળાવ્યું હતું. સાથે પોતે સ્વયં રચેલ શ્રી કુંદકુંદ જ્ઞાનચક્ર આવીયા રે લાલ એ સ્તવન ભક્તિભાવથી ગવડાવ્યું. જ્ઞાનચક્રવાહિની તથા તેના પર અંકિત જિનસૂત્રોની ચારેય તરફ પ્રદક્ષિણા કરી–નિરીક્ષણ કર્યું. આ વાહિનીમાં જયપુરના વિદ્યાર્થીઓમાં બ્ર. શ્રી જતીશભાઈજી, બ્ર. શ્રી અભિનંદનજી, પંડિત શ્રી અભયજી, પંડિત શ્રી અશોકકુમાર લોહાડીયાજી, પંડિત શ્રી રાજકુમાર, પંડિત શ્રી અજિતજી વગેરે વિદ્યાર્થીઓને જોઈને ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો હતો.

## ધન્ય અવતાર કુંદકુંદનો રે લોલ

(પૂજ્ય બેન રચિત)

કુંદ–કહાન સેવક અંતરે વસો રે લાલ,
ઝટ તારજો તારણહાર છો રે લાલ......આચાર્ય.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## ૧૬૨

ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ.....(૨)
જેણે સમાધિ સ્વરૂપ ગ્રહણ કર્યું રે લાલ,
ગયા નિર્યાપક મુનિરાજના ચરણમાં રે લાલ,
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ,
ધન્ય ભાવો મુનિરાજના રે લાલ,
ધન્ય સમાધિ મુનિરાજની રે લાલ.
કરૂણાનિધિ આચાર્યદેવ છો રે લાલ,
વાત્સલ્ય ભાવે જુવે મુનિરાજને રે લાલ,
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ.......
ગુરુ શિષ્યની અપૂર્વતા રે લાલ,
વાત્સલ્યભાવે મળે છે સંઘમાં રે લાલ
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ......
જેણે નિર્યાપક આચાર્યને શોધીયા રે લાલ....
જેના ચરણોમાં સમાધિ કરી ભાવથી રે લાલ,
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ.....
આચાર્યને વંદન કરું ભાવથી રે લાલ,
મુનિરાજને નમન કરું ભાવથી રે લાલ,
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ......
ધન્ય અવતાર કુંદકુંદનો રે લાલ,
કુંદકુંદને વંદન કરું ભાવથી રે લાલ,

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ...
શાસન સ્થંભ પ્રભુ જાગીયા રે લાલ,
શ્રુત કેવળી કુંદકુંદ દેવ છો રે લાલ,
ધન્ય અવતાર કુંદકુંદનો રે લાલ....
ગુરુ કહાને તે કુંદકુંદ શોધીયા રે લાલ,
જિનવાણીના રહસ્ય સમજાવીયા રે લાલ,
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ......
વીરના વારસ પ્રભુ જાગીયા રે લાલ,
પંચમકાળે આધાર છે રે લાલ,
ધન્ય અવતાર કુંદકુંદનો રે લાલ...
કુંદકુંદ જ્ઞાનચક્ર આવીયા રે લાલ,
રત્નોના થાળ ભરી વધાવીએ રે લાલ......ધન્ય.
દેવી વાજિંત્રો ગાજતા રે લાલ,
રાજપુરી (રાજકોટ) શહેરના પ્રાંગણે રે લાલ......ધન્ય.

અંતમાં સમાધિસ્થ મહામુનિરાજની આરાધના કરતા કરતા ત્રણ દિવસ પહેલા તેઓની આજ્ઞા મુજબ શ્રી નેમીચંદજી પાટનીજી–આગ્રા તેઓએ મુમુક્ષુ સમક્ષ સંલ્લેખના વ્રત ધારણ કરાવ્યું. ક્રમે ક્રમે આહાર–પાણીનો ત્યાગ કર્યો. મૌન લેતા પહેલાં એટલું જ બોલ્યા કે હવે મને બોલાવશો નહીં. મને બધા પ્રત્યે ઉદાસીનતા વર્તે છે. **‘‘હું મારામાં જ છું.’’**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ક્રમે ક્રમે શરીરમાં પરિવર્તન થતું હતું તેને જ્ઞાતા પણે જાણતા હતા. આંખ બંધ કરી મૌનપણે રહી પોતે પોતાના સ્વરૂપમાં શાંતિ–સમતામાં લીન થયાં.

અંતિમ સમય સુધી રાજકોટના મુમુક્ષુઓએ પૂરેપૂરો સાથ આપ્યો હતો. જેમાં અગ્રગણ્ય શ્રી લાલચંદભાઈ મોદી, ડૉ. શ્રી ચંદુભાઈ, ડૉ. શ્રી નવરંગભાઈ મોદી, ડૉ. શ્રી છબીલભાઈ, ડૉ. વિનુભાઈ, શ્રી રતીભાઈ ધીયા વગેરે અંત સમય સુધી ઉપસ્થિત હતા અને પૂજ્ય બેને એ નશ્વર દેહનો ત્યાગ કર્યો. જે તેઓની શાન્ત–સૌમ્ય મુદ્રા જોઈને ઉભેલા ભક્તો ટગટગ જોઈ રહ્યા.

અંતિમ સમય સુધી સ્વરૂપની સાવધાની જોતાં ઉભેલા ભક્તોને આશ્ચર્ય ઉપજ્યું કે બસ અહો! આ ધર્માત્માની આવી શાન્ત–સમાધિ આપણા માટે એક આદર્શરૂપ બન્યા.

**આ પ્રભાવ**

**‘‘એક અખંડ જ્ઞાયકદેવના અનુભવનો જ છે.’’**

**જેના ફળરૂપે આવું સમાધિમરણ જ હોય.**

**‘‘ધન્ય છે તે જ્ઞાનીઓની દશાને.’’**

(દોહા)

શાન્ત સ્વરૂપમાં લીન થઈ, સમતા ધારી મહાન.
ધન્ય સમાધિ એ માતની, એને વંદન વારંવાર.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બે બે મહિનાની ભાવના, ભાવી સમાધિની માત.
જ્ઞાયક જ્ઞાયક ધોળિયો, સમાઈ રહ્યા સ્વરૂપ માંહિ.
સર્વ સંઘની સાક્ષીએ, લીધું પ્રત્યાખ્યાન,
જ્યેષ્ઠ સુદી દશમીની દિને, રાત્રીએ દસને પાંચ.
ચિરકાળની વિદાય લઈ, વસ્યા વૈમાનિક માંય.

હે વિભુ! હે માતા! હે ભગવતી માતા અનાદિ કાળથી ચાલ્યા એવા ભવના પથને શીઘ્ર છોડીને જેઓ મોક્ષમાર્ગમાં ચાલવા લાગ્યા—એવા આપ, સંસારના લાંબા પથને પાર કરીને કોઈ પણ રીતે હવે મોક્ષમાર્ગને પામ્યા છો.

(લઘુતત્ત્વ સ્ફોટ—૧૨૮)

卐 卐 卐

## પૂજ્ય શાન્તાબેન માટે પૂ. ગુરુદેવ તથા અગ્રગણ્ય વ્યક્તિઓના મંતવ્યો

પૂજ્ય ગુરુદેવ :—બેન નિકટભવી છે. મોક્ષનું મોતી છે. આ સ્ત્રીનું વીર્ય એવું છે કે એક સમયે દેશનું રાજ્ય ચલાવવું હોય તો પણ તે ચલાવી શકે તેવું વીર્ય છે.

પૂજ્ય બેનશ્રી :—"શાન્તાબેનની ભક્તિ અને અર્પણતા ઘણી છે. એમને જોઈને તો મને આશ્ચર્ય થાય છે કે આ કેવો પાત્ર જીવ છે! એમને જેમ કહીએ છીએ તે પ્રમાણે તેઓનું દ્રવ્ય પરિણમી જાય છે."

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

મુ. રામજી બાપુજી :—બેનનું હૃદય લોખંડી પુરુષ જેવું છે. તેમણે ગુરુદેવને તેમના પરિવર્તન સમયથી લઈને તેમના જીવનના અંત સમય સુધી પૂરેપૂરો ટેકો આપ્યો છે.

પં. શ્રી યુગલજી :—સ્વરૂપમાં વિહાર કરતી તેમની અંતિમ પરિણતી આપણને એક મંગળ પ્રેરણા તથા મંગલ સંદેશ આપી ગઈ છે કે પ્રતિકૂળતાની પરાકાષ્ઠામાં તેઓની સહનશક્તિની પરાકાષ્ઠા પ્રશંસનીય હતી. પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા અને ધર્મ પ્રત્યેની આસ્થામાં તેઓ અડગ રહ્યા હતા.

પં. શ્રી ભારિમલ્લજી :—પૂજ્ય શાન્તાબેનનો ગુરુદેવ પ્રત્યે સમર્પિતભાવ બહુ ઉમદા હતો. પૂજ્ય શાન્તાબેનનું વિશેષ પ્રકારે બ્રહ્મચારી બહેનોના જીવનના ઘડતરમાં યોગદાન ઘણું હતું. બ્રહ્મચારી બહેનોના જીવનમાં પવિત્રતા અને નિર્મળતા રહે તે માટે તેમનું અનુશાસન કડક હતું. છતાં તેમાં મમતા તુલ્ય સ્નેહ પણ હતો.

શ્રી લાલચંદભાઈ મોદી :—પૂજ્ય શાન્તાબેનને બહુ નાની વયથી અધ્યાત્મનો રસ હતો. પૂજ્ય ગુરુદેવના યોગમાં આવતા વેંત જ ઝવેરીએ હીરાને પારખી લીધો.

શ્રી પ્રકાશભાઈ શાહ :—પૂજ્ય શાન્તાબેન એટલે પૂજ્ય કહાનગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બેનશ્રી ચંપાબેનના પરમ શિષ્ય સમ્યગ્દર્શનથી વિભૂષિત, જ્ઞાનશરીરી, જ્ઞાનનો

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અવતાર, જાજ્વલ્યમાન જ્ઞાયકભાવમાં રમણતા કરનાર, હાથમાં આંબળો હોય તેમ આત્માનો સ્પષ્ટ અનુભવ કરનાર, સમ્યગ્દર્શનના આઠ અંગધારી, વાત્સલ્યના પરમ ધની, દેવ–શાસ્ત્ર–ગુરુના પરમ ઉપાસક, ગુરુદેવશ્રીથી મળેલ તત્ત્વજ્ઞાનની પ્રભાવનામાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરનાર, અમ બાળકોને ગળથુથીમાં આત્માને પીવડાવનાર ધર્મમાતા પૂજ્ય બેન જયવંત વર્તો.......જયવંત વર્તો.

પં. શ્રી જ્ઞાનચંદજી :—પૂજ્ય શાન્તાબેન અતિ જ્ઞાનવૈરાગ્યવાન વ્યક્તિ હતા. તેઓની શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યેની ભક્તિ અલૌકિક હતી.

શ્રી નેમિચંદજી પાટનીજી :—પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રકાશિત તત્ત્વજ્ઞાનકા મર્મ ઉનકે જીવનમેં પ્રત્યક્ષ પ્રસ્ફૂટિત હુઆ દિખતા થા. કૈસી ભી વિપરીત પરિસ્થિતિયોંમેં ભી જરા ભી વિચલિત નહીં હોતી થી. શારીરિક પ્રતિકૂળતા હોને પર ભી ધર્મપ્રચાર કે કાર્યોમેં ઉનકા ઉત્સાહ દ્વિગુણિત હો જાતા થા. ધર્મપ્રચાર કે કાર્યોકો દેખકર અથવા સમાચારોંકો સુનકર વે ઈતની ઉત્સાહિત એવં પ્રસન્ન હોતી થી કિ ઉનકી શારીરિક સ્થિતિ કો ભૂલ જાતી થી.

ઉનકે સ્વર્ગારોહણ કે કુછ દિનોં પૂર્વ શ્રી કુંદકુંદ જ્ઞાનચક્ર જબ રાજકોટ પહુંચા તો ઉનકા શરીર બહુત ક્ષીણ હો ચુકા થા, ઉનકા ઉઠના–બૈઠના ભી અસંભવ થા. તો ભી જ્ઞાનચક્ર

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કો અપને નિવાસ પર બુલાકર, તીન પ્રદક્ષિણા દેકર, અર્ઘ ચડાકર ખૂબ ભક્તિ કી. સારાંશ યહ કિ ભક્તિ કી તો વે સાક્ષાત્ મૂર્તિ થી. અંતમેં હમને હી મંત્રોચ્ચાર પૂર્વક સંલ્લેખનાવ્રત ધારણ કરવાયા. ઔર અંતમેં સમાધિપૂર્વક નશ્વર દેહ કા ત્યાગ કિયા. યહ એક સાધક કા પંડિત મરણ દેખનેકા સૌભાગ્ય પ્રાપ્ત હુઆ. પૂરે સમાજ કો ભી યહ દેખનેકા અવસર મિલા.

મેરે ઉપર ઉનકા અનંત અનંત ઉપકાર હૈ. ઉન જ્ઞાની આત્મા કે દ્વારા મુઝે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રદત તત્ત્વજ્ઞાનકો સમઝનેમેં ભી તથા અનેક ઉલઝનોંકા ઉનકે દ્વારા સામાધાન મિલને કે કારણ મેરી પરિણતી કો બહુત બહુત લાભ પ્રાપ્ત હુઆ. અતઃ મૈં ઉનકે ઉપકાર કો ઈસ ભવમેં તો ક્યા અગલે ભવમેં ભી નહીં ભૂલ સકુંગા.

શુદ્ધ સ્વરૂપ પરિણતીનો જય હો જય હો.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

